વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
નવેમ્બર- ૨૦૨૩
અંક : ૫૪૯


(કુલ પાના : ૯૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



## પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

---

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

---

***Bharat B. Gala***
**M. : 93270 05460**

**SHREE Raju ENTERPRISE**

**RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI**

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

---



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**

---



## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
*Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા **BRTS** બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

**Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com**

---

● શુભેચ્છા સહ ●



## અનિલ પાસુભાઈ શાહનંદ

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

---

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



---

સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ


એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!


કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી


## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર


(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# સૌંદર્યલક્ષી શ્રેષ્ઠ પ્રકાશનો










**આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.**

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

**નવનીત એજ્યુકેશન લિમિટેડ** NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- દીપોત્સવી અભિનંદન ........ **અશોક મહેતા** ...... ૭

**દીપોત્સવી તહેવાર**

- પંચમુખી તહેવાર : દિવાળી ........ **ડૉ. મિહિર એમ. વોરા** ...... ૮
- દીપાવલી પર્વનો મહિમા અને મહત્ત્વ ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'** ..... ૧૦

**સ્મૃતિવન મેમોરીયલ**

- ઐતિહાસિક ભુજીયા પર પર સ્થિત ભારતનું અત્યાધુનિક સંગ્રહાલય : સ્મૃતિવન મેમોરીયલ ........ **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૧૧

**આરોગ્ય**

- તબીબી ક્ષેત્રે કચ્છની સામાજિક સંસ્થાઓનું યશસ્વી યોગદાન ........ **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર** ..... ૧૨

**વિદેશી પક્ષીઓના રહેઠાણનું સ્થળ**

- છારીઢંઢ : વિદેશી પક્ષીઓના પ્રજનન અને રહેઠાણનું સ્થળ ........ **મનીષ જોષી 'મૌન'** ..... ૧૬

**જેનરિક દવાઓ**

- જેનરિક દવાઓની લોકપ્રિયતા ........ **અજિત પોપટ** ..... ૧૭

**સફળતા**

- વિજેતાને પણ 'હાર' આપવામાં આવે છે ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'** ..... ૧૮

**માનવ શરીર અને વિજ્ઞાન**

- કર્મ તત્ત્વજ્ઞાન છે પણ માનવશરીરે કાર્ય રસાયણ છે ........ **ડૉ. નાનક ભટ્ટ** ..... ૧૯

**જીવન એક એડજસ્ટમેન્ટ**

- શું જીવન એક એડજસ્ટમેન્ટ છે? ........ **જાદવજી કાનજી વોરા** ..... ૨૧

**દરિયાવાટ**

- ગતિ - અવગતિ ........ **હસમુખ અબોટી 'ચંદન'** ..... ૨૨

**વ્યક્તિ વિશેષ**

- લાખો મહિલાઓની પ્રેરણામૂર્તિ વુમન : સુધા મૂર્તિ ........ **દીપક જગતાપ** ..... ૨૬
- ડૉ. સીમા તરલ ગાલા ........ **વસંત 'કચ્છ કેસરી'** ..... ૨૮
- વાગડ સામખિયાળીના કચ્છી સૈનિક : આસધીરભાઈ ........ **વસંત મારૂ** ..... ૩૦
- કોમલભાઈ છેડાની વિતકકથા ........ **વસંત મારૂ** ..... ૩૨

**જીવન પદ્ધતિ**

- આરોગ્યના બણગા ........ **મહેન્દ્ર લખમશી મોતા** ..... ૩૪

**તંદુરસ્તી**

- **Triglycerides :** લોહીમાં રહેલું એક કોલેસ્ટેરોલ ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૩૭
- મનની વૈદ્યકીય તપાસ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## તીર્થ દર્શન


- દર્શન-૪૦ : શ્રી ઇડર તીર્થ
- દર્શન-૪૧ : શ્રી ભોરોલ તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૪૦


## બોધ કથા


- જેવું કરશો તેવું પામશો ........ **કુ. નીતુ સૈની** ..... ૪૧
- બેટા, હું લપસી ગયો છું પણ પડ્યો નથી ........ **અજ્ઞાત** ..... ૪૧

★

- ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંકનો અહેવાલ ........ ૪૩
- ભુજ મર્કેન્ટાઈલ બેંકના ફાઉન્ડર ચેરમેન CA મહેન્દ્રભાઈ મોરબીયાનું સન્માન ........ ૪૫


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૬
- આંજો કાગર ........ ૪૮


## નિયમિત વિભાગો


- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૭ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૫૦
- *Nano Nine* શબ્દ રમત-૨૦૦ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૨
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૮) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૪
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૫૫
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૬૦
- ઉડતી નજરે ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૨
- અતીતના ઓવારેથી... : મણકો-૭. ........ **અશોક મહેતા** ..... ૬૩
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૬ : ડૉ. રાગેશ ફડિયા ........ **અશોક મહેતા** ..... ૬૪


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૬૬
- ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૩-૨૪ ........ ૬૮
- કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૨૩-૨૪ ........ ૬૯
- વર્ષ ૨૦૨૩-૨૪ની વિવિધ સમિતિઓના અનુસંધાને વિહંગાવલોકન ........ ૭૦
- સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ● 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૭૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ ...... **રજનીકાંત પારેખ** ..... ૭૪
- યુવા વિકાસ સમિતિ : ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ ★ નવરાત્રીની ઉજવણી ........ ૭૮
- પુરસ્કાર સમિતિ – સરસ્વતી સન્માન ........ ૮૦
- અંગદાન સમિતિ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ ........ ૮૨
- મહિલા ઉત્કર્ષ સમિતિ ........ ૮૪
- વયસ્ક સમિતિ દ્વારા દ્વિ-દિવસીય યાત્રા પ્રવાસ ........ ૮૬
- 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી ........ ૮૮


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- કચ્છી કવિતા : ડીવારી આવઈ ........ **કેતના છેડા 'કેતુ'** ....... ૯
- ગઝલ ........ **અંકિતા મારૂ 'જીનલ'** ..... ૪૪
- અમે ચાંદો સૂરજ રમતા'તા ........ **ઝવેરચંદ મેઘાણી** ..... ૬૧


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# દીપોત્સવી અભિનંદન



અશોક મહેતા

*વિક્રમ સંવત ૨૦૭૯ના છેલ્લા દિવસોની ઉજવણી હાલે ભારતભરમાં ઉજવાઈ રહેલ છે અને સંવત ૨૦૮૦ના વર્ષને આવકારવા લોકો ઉમંગભેર થનગની રહ્યા છે. હાલે ભારતભરમાં ઉત્સાહજનક વાતાવરણ ફેલાઈ ગયેલ છે અને લોકો આનંદભેર તેની ઉજવણી કરતા દેખાઈ રહ્યા છે. રસ્તાની બંને બાજુના મોલો વિવિધ પ્રકારની રંગબેરંગી લાઈટોથી ઝળહળી રહ્યા છે. ભારતભરના શહેરોમાં અને ગામડાઓનો માહોલ ઉત્સાહજનક અને હર્ષોલ્લાસપૂર્વકનો દૃષ્ટિગોચર થઈ રહેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો તથા વિવિધ સમિતિઓના કાર્યકરોમાં પણ આ ઉત્સાહ વર્તાઈ રહેલ છે ત્યારે આપણે ગત વર્ષની કાર્યવાહીનું વિહંગાવલોકન કરીશું અને આવતા વર્ષના કાર્ય માટે યોગ્ય પ્લાનિંગ કરીશું તો તે બિલકુલ યથાયોગ્ય બની રહેશે.*

*ગત વર્ષ દરમિયાન આપણે મુખ્યત્વે (૧) ગીતા મંદિર ખાતે બિપિનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર, (૨) ચાંગોદર ખાતે પરમકૃપા મેડિકલ સેન્ટર અને (૩) બોપલ ખાતે નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી તેના દ્વારા આપણે અમદાવાદના જનસામાન્ય વર્ગની સેવા કરવાના આયોજનો અમલમાં મૂક્યા હતા અને એ દરેક સંકુલો આજે પોતાના કાર્યોમાં સારી એવી સેવા બજાવી રહ્યા છે.*

*એ સિવાય સમાજની ૩૦થી પણ વધુ સમિતિઓએ પોતપોતાના કાર્યક્ષેત્રમાં સારું એવું કાર્ય કરેલ છે કે જેના કારણે આ સમાજ વર્ષભર જાગૃત અને ધમધમતો રહેવા પામેલ છે. આ પ્રકારની વિવિધ સમિતિઓની વાત કરીએ તો મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, વયસ્ક સમિતિ, અંગદાન સમિતિ, દવા વિતરણ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, પરિચય મિલન સમિતિ વગેરે સમિતિઓએ પોતપોતાના કાર્યક્ષેત્રમાં રહીને સમગ્ર સમાજને વર્ષ દરમિયાન જાગૃત રાખવામાં પૂરેપૂરા સફળ રહેલ છે.*

*વિક્રમ સંવત ૨૦૮૦ની વાત કરીએ તો સમાજે વિવિધ પ્રોજેક્ટ્સ અત્યારથી જ વિચારી રાખેલ છે કે જેમાં મુખ્યત્વે નવા નવા વિસ્તારમાં મેડિકલ સેન્ટરની સ્થાપના કરવી, ચાલુ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો વિસ્તાર કરવો અથવા નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરવી તેમજ શક્ય હોય તો પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવનને રી-ડેવલપ કરવું. આ અંગેના આયોજનો અને પ્લાનિંગ પર ચર્ચા વિચારણા ચાલી રહેલ છે. એ જ રીતે સમાજની વિવિધ સમિતિઓ પણ પોતપોતાના કાર્યક્ષેત્ર માટે નીત નવા પ્લાનિંગ કરતી રહેલ છે.*

*આપણા સમાજના આ કાર્યકરોની હિંમત અને ધગશને પૂરતું પીઠબળ પૂરું પાડીએ કે જેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાની પાંખ અવિરતપણે વિકસતી રહે. આવતું વર્ષ એટલે કે વિક્રમ સંવત ૨૦૮૦ સહુ સભ્યોને અવિરતપણે વિકસતા રાખે તેવી શુભેચ્છા સાથે અહીં વિરમીએ.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

# પંચમુખી તહેવાર : દિવાળી



ડૉ. મિહિર એમ. વોરા

સૌપ્રથમ તો સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. દિવાળી એટલે આપણા દેશનો સૌથી મોટો, સૌથી મહત્ત્વ ધરાવતો પંચમુખી તહેવાર છે.



"તહેવારોનો સંપુટ દિવાળી" નામના પોતાના લેખમાં ભવાનીશંકર જોષી કહે છે કે, સામાન્ય રીતે એક જ નામ 'દિવાળી'થી ઓળખાતો આ તહેવાર ખરેખર તો પાંચ વિશિષ્ટ તહેવારોનો સંપુટ છે. તેમાં સમાઈ ગયેલા પાંચેય તહેવારોના આગવા નામ, આગવી ઓળખ અને ઉજવણીની આગવી પ્રણાલિકાઓ પણ છે.

છતાં 'દિવાળીના તહેવારો'ના એક જ નામ નીચે સમાઈ ગયા છે! પાંચ પાંચ તહેવારો પોતાનું આગવાપણું અને મહાત્મ્ય અકબંધ જાળવી રાખે છે. એક જ નામ નીચે સંપીને સહઅસ્તિત્વનું સુંદર ઉદાહરણ આપે છે. વર્ષના અંતની અને વર્ષના આરંભની છડી પોકારતા આ તહેવારોનો આરંભ આમ તો અગિયારસથી જ થઈ જાય છે પણ તેમ છતાં ધનતેરસ તેમાં મુખ્ય ગણાય છે.

આસો માસના કૃષ્ણપક્ષની તેરસનો આ દિવસ 'ધનતેરસ'ના નામથી ઓળખાય છે કારણકે તેનો સંબંધ, તેનું મહાત્મ્ય ધન એટલે કે લક્ષ્મી સાથે સંકળાયેલું છે. આ દિવસે લોકો લક્ષ્મી પૂજન કરે છે. લક્ષ્મીનું એક બીજું નામ 'શ્રી' પણ છે અને 'શ્રી' એટલે શુભ; 'શ્રી' એટલે સુંદરતા. આમ, લક્ષ્મી એ માત્ર નાણાંની જ દેવી નથી, વિશ્વભરની જે કંઈ સંપત્તિ છે, શુભ અને શોભાયમાન સંપત્તિ છે, તેની અધિષ્ઠાત્રી છે.

એટલે લક્ષ્મીપૂજન વેળાની ભાવના માત્ર સંપત્તિ મેળવવાની જ નહીં પરંતુ શુભ માર્ગે અને શોભા વધારે તેવી સંપત્તિ પ્રાપ્ત કરવાની હોવી જોઈએ. દૈવી સંપત્તિની જ યાચના કરવી ઘટે. કારણકે આસુરી શક્તિ માનવીને કદી સાચું સુખ કે ચિરંજીવ શાંતિ આપતી નથી, ઊલટી દુઃખ, ચિંતા, પરિતાપ અને દર્દનાક વિનાશકભણી દોરી જતી હોય છે.

આથી ધનતેરસના માંગલ્યપૂર્ણ મહાત્મ્યને સુપેરે સમજી હૃદયની શુધ્ધ ભાવના અને ઉમદા વિચારો પૂર્વક આ દિવસે ભૌતિક તેમજ આધિભૌતિક સુખોની પ્રાપ્તિ અર્થે જ લોકો લક્ષ્મી પૂજન કરે છે.

આસો વદ અમાસની ઘોર અંધારી રાતને પણ એક મહત્ત્વનો તહેવાર ગણવામાં આવે છે. એક અંધકાર પર ઉજાસનો વિજય અને બે સૃષ્ટિના અગોચર પ્રદેશોમાં વસતા, વિચરતા, સ્વચ્છ કે મેલા પણ પ્રબળ શક્તિશાળી તત્ત્વોની સાધના. પ્રથમ મહત્ત્વની વાત કરીએ તો અમાસને પણ એક ડગલું પાછળ રાખે તેવી ગાઢ અંધકારથી ભરેલી આ રાત પૂરી થતાં જ બીજા જ દિવસે દીપોત્સવી આવે છે.

કાળી ચૌદસની રાત્રી ગૂઢ વિદ્યાઓ અને ગુપ્ત સાધનાઓ માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ રાત્રે આવા સાધકો પોતે પસંદ કરેલા મંત્ર, વિદ્યા, આધિભૌતિક તત્ત્વો, આસુરી તત્ત્વો વગેરેની સાધના માટે ક્રિયાકાંડો અને વિધિઓ કરતા હોય છે અને તે રીતે આ તહેવાર આ જગત પર ભારે વર્ચસ્વ ધરાવતા સ્વચ્છ અને મેલા તત્ત્વો અને વિદ્યાઓને વશ કરવાના માનવીના સામર્થ્યના પણ દ્યોતક બની રહે છે.

વર્ષનો અંતિમ દિવસ એટલે દિવાળી, દીપોત્સવી, દીપાવલી... વર્ષનો આ અંતિમ દિવસ ઘરેઘરે, ચોરેચૌટે, શેરીએ ને બજારે, ગામેગામ અને શહેરે શહેરમાં અગણિત દીપક પ્રગટાવીને ઉજવાય છે. લાખો ને કરોડોની સંખ્યામાં ટમટમી ઉઠતા આ નાનકડા દીવડાઓનો સામટો પ્રકાશ અંધારી રાતને પણ દિવસ જેવી પ્રકાશમાન બનાવી દેવાની ક્ષમતા ધરાવે છે. આ જ રીતે અસંખ્ય માનવીઓના હૈયામાં પ્રગટતી નાની નાની વિશુદ્ધ અને ઉમદા ભાવના જગત પર જામી પડેલા અનિષ્ટોના અંધકારને હટાવી દેવા સમર્થ છે એવો સંદેશો મળતો રહે છે.

આ તહેવારની ઉજવણીનું મુખ્ય અંગ છે અસંખ્ય દીવડાઓની અનંત હારમાળા. આસો વદ અમાસની આ રાત્રી

ને અમાસ હોવાથી કુદરતે કાળી ઘોર અને અંધારી બનાવી છે તે સ્વાભાવિક છે. પરંતુ આ દિવસે માનવે જાણે કુદરતદત્ત આ અંધકારને હટાવી દઈ પ્રકાશ પાથરવાનું પરમ સરાહનીય અભિયાન આરંભે છે. આ દિવસે ગરીબ, તવંગર, મહેલ, ઝુંપડી સઘળે જ અચૂક દીવા પ્રગટાવવાનું શાથી અને ક્યારે શરૂ થયું તે વિશે અનેક કથાઓ ઈતિહાસ, પુરાણ તથા દંતકથાઓમાંથી મળી આવે છે.

તેમાંથી ગમે તે એક કે વધારે કથાઓ સાચી હોઈ શકે છે. પરંતુ એ બધું ન જાણીએ તો પણ દિવાળીના દિવસને હૃદયના સાચુકલા રંગ વડે, ઉલ્લાસ અને ઉછરંગપૂર્વક દીવડા, મિષ્ટભોજન, સુંદર વસ્ત્રાલંકાર, મનોહર રંગોલીઓ અને પારસ્પરિક શુભેચ્છાઓ વડે ઉજવીએ તો તે ઉજવણીમાં કોઈ અધૂરપ ગણાશે નહીં. દિવાળીના દિવસને શારદા પૂજનનો પવિત્ર દિવસ ગણવામાં આવે છે. આ દિવસે સાક્ષરો, વિદ્વાનો અને વિદ્યાના ઉપાસકો પોતાનાં પુસ્તકોનું પૂજન કરી બુદ્ધિ, પ્રજ્ઞા, કલા તથા વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની કૃપા યાચે છે. તો વેપારીઓ તેમના હિસાબી ચોપડાઓનું વિધિવત્ પૂજન કરે છે અને નવા વર્ષના નવા ચોપડાઓનો પ્રારંભ કરે છે.

દિવાળી પછીનો દિવસ નવા વર્ષનો પ્રથમ દિવસ – કારતક સુદ એકમ. આ દિવસ માનવીઓ સમક્ષ એક નવા વર્ષની ભેટ લઈને આવે છે. એક આખું વર્ષ અનેક આશાઓ, અરમાનો, ઈચ્છાઓ, પુરુષાર્થો, સિદ્ધિઓ, નિષ્ફળતાઓ વગેરેને પોતાના ગર્ભમાં સંઘરીને માનવી સમક્ષ ખડું થાય છે. તેનું આગમન જેટલું આશા - ઉત્સાહપૂર્વક હોય છે તેટલું જ ભાવિ વિશેની અનિશ્ચિતતાઓના કારણે ડરામણું પણ લાગતું હોય છે. અને તેથી પોતપોતાના આત્મીયજનો તથા સ્વજનો અને મિત્રોને નૂતન વર્ષ સર્વપ્રકારે સુખ, સંતોષ, સમૃધ્ધિ, સફળતા અને પ્રગતિકારક નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. આ દિવસે એવા એવા લોકો સાથે પણ શુભેચ્છા અને આત્મીયતાનો સેતુ બંધાઈ જાય છે જેને વર્ષમાં જવલ્લે જ મળવાનું થતું હોય અથવા સંપર્ક જીવંત રહેતો હોય. આમ, નૂતન વર્ષનો આ દિવસ સંબંધો તથા સંપર્કોને પુનર્જિવિત બનાવી આપનાર મંગલકારી તહેવાર બની રહે છે.

કારતક સુદ બીજ એટલે ભાઈબીજ. દેશભરમાં એક સરખા અંતરના ઉમળકા અને નિષ્ઠા સહિત ઉજવાતો આ તહેવાર ભાઈ-બહેનના નિર્મળ, નિઃસ્વાર્થ છતાં અત્યંત રૂઢ સંબંધને હૃદયમાં તાજો કરી બળવાન બનાવવાનું નિમિત્ત બને છે. આ દિવસે બહેન પોતાના ભાઈને આમંત્રીને પોતાના ઘરે ખૂબ સ્નેહથી જમાડે છે અને ભાઈ, બહેનના એ 'ભાવતા ભોજન'ની કદરરૂપે બહેનની રક્ષા અને સહાય માટે તે પુનઃ સંકલ્પબધ્ધ બને છે.

પણ સાથે સાથે પ્રતીકરૂપે કોઈ ભેટ કે રોકડ રકમ પોતાની શક્તિ અનુસાર એવા જ ભાવપૂર્વક બહેનને આપે છે. આમ, આ દિવસે ભાઈ, બહેનના નિર્મળ સ્નેહ અને અંતરના આશિષ પામે છે તો બહેન તેના માડીજાયાનો એવો જ સ્નેહ, હુંફ અને હિંમત પામે છે.

મિત્રો, આ દિવાળીમાં ફટાકડા ફોડીને કે પ્લાસ્ટીકની રંગોળીની જગ્યાએ પ્રદૂષણ ના ફેલાવે તેવા જ રંગો અને ફટાકડાનો ઉપયોગ કરીને ઈકો ફ્રેન્ડલી દિવાળી મનાવો તેવી મારી વિનંતી છે. આમ, દિવાળીની અવનવી લોકવાયકાઓથી આપણને ઘણું બધું જાણવા મળે છે.

ફરીને સૌને નવા વર્ષની શુભેચ્છાઓ...

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

## ડીઆરી આવઈ (કચ્છી કવિતા)

પાડ કઢી વિધેં છઢછંઢમેં,
કમર વરી વિઈ વિંગડી
હા, ભઈ! ડીયારી આવઈ.

ચમકી વેઆ ઘર ને અડણ,
બાયણેં ચિતરાબી રંગોડી,
હા, ભઈ! ડીઆરી આવઈ.

ઘરોઘર ચમકે ડીયા-કંઢીલ,
ભભુ, લવીંગીયા, જમીનચકેડી
હા, ભઈ! ડીઆરી આવઈ.

મઠીયા, ચકરી, ચૉરાફરી,
ડીયારીજો પૂરણપોડી
હા, ભઈ! ડીઆરી આવઈ.

પ્યો નીસાડેંમેં વેકેસન,
છોરેંજી ભેરી થીંધી ટોડી,
હા, ભઈ! ડીઆરી આવઈ.

ડેવડરસન ને જુઆર ભેરા,
કચ્છ પુજી વિને જંજાડી
હા, ભઈ! ડીઆરી આવઈ.

*કેતના છેડા 'કેતુ'*

# દીપાવલી પર્વનો મહિમા અને મહત્ત્વ

**દિલીપ આચાર્ય**

આપણી ભારતીય સંસ્કૃતિ પરંપરામાં ઉત્સવોનું ખૂબ જ મહત્ત્વ છે અને જે દર વર્ષે આવે છે, જેને ઉમંગથી હર્ષભેર ઉજવીએ છીએ. આ પર્વ આપણે વરસોથી મનાવતા આવ્યા છીએ છતાં પર્વના હાર્દને પારખવાને મૂલવવામાં આપણે ટૂંકા પડીએ તેમ છીએ. પ્રારંભ વિજયા દશમીથી થાય છે. જે વિજયોત્સવ એટલે ભગવાન રામે આસુરી શક્તિને પરાસ્ત કરીને પ્રજાને ત્રાસથી ભયમુક્ત કર્યા હતા એ મા દુર્ગા આસુરી સંહારક શક્તિ રૂપે બિરાજે છે. જે રામ ભગવાનના આગમનથી આનંદ ઉત્સવ બની ગયો. તે પર્વ આપણે દીપોત્સવી રૂપે દર વર્ષે ઉજવીએ છીએ. જેનો પ્રારંભ ધનતેરસથી ભાઈ બીજ સુધીનો માનવામાં આવે છે.

ધનતેરસ એટલે લક્ષ્મી (ધન)ની પૂજાનો શ્રેષ્ઠ અવસર છે. જેમાં લક્ષ્મીરૂપે સંપત્તિ (ધન) સાથે જોડાયેલી છે. તેની કથા ઘણી વિગતો સાથે સંકળાયેલ છે. જેમાં કુબેર પૂજન, ધન્વંતરી જન્મદિન, યમરાજને દીપ-દાન વગેરે રીતે મનાવવામાં આવે છે. જેનું પૂજન અલગ અલગ હેતુ માટે કરવામાં આવે છે. એમ ખેડૂત સાથેની વાતની પણ માન્યતા છે. જેમાં લક્ષ્મી પૂજન કરવાથી વિષ્ણુ કૃપાથી લક્ષ્મી કૃપા થતાં એ વરદાનથી ખેડૂતની વૃદ્ધિ થયેલ હતી. તેના માનમાં ધનતેરસના દીવા કરવાથી સમૃદ્ધિ જળવાઈ રહે તેવી માન્યતા રહેલી છે. આમ, ધનતેરસના માટે ઘણી જ માન્યતા હોવાની સાથે અનેક પરંપરા પૂજન માટેની અલગ અલગ રહેલી છે.

કાળી ચૌદસ : આ દૈવી શક્તિને ઈષ્ટની પ્રાપ્તિ કરાવતું પર્વ માનવામાં આવે છે. જેમ નવરાત્રી પછી દશેરાના અનિષ્ટોને શક્તિરૂપે માતાજીના બે સ્વરૂપો છે, એ કાળી ચૌદસના કાળીના રૂદ્ર રૂપની પૂજા થાય છે. આ દેવી શક્તિને ઈષ્ટની પ્રાપ્તિ કરાવતું પર્વ માનવામાં આવે છે. ઉપરાંત ચતુર્દશીરૂપે ચૌદસને ઓળખવામાં આવે છે. જેને નર્ક ચૌદસી કહેવામાં આવે છે. જેની પાછળ અનેક સાચી ખોટી માન્યતા છે. જેમાં ભૂત-પ્રેત (ભૂત પલીત)ની મુક્તિ માટે હનુમાનજી કષ્ટભંજન, મંગલમૂર્તિ માનવામાં આવે છે. જેમાં પૂજનમાં તેલ, અડદ, કાળા તલ વગેરે આ દિવસે ચઢાવવામાં આવે છે. તે નકારાત્મક પીડાને હરે છે. આમ, અનેક રૂપે તેને રક્ષા કવચ માનવામાં આવે છે.

આમ, દીપોત્સવી પર્વ એ આનંદ, મોજ-શોખ માટે નથી. તેની પાછળ ધાર્મિક સંસ્કૃતિની પરંપરા રહેલી છે. તેમાં દીવડા પ્રગટાવી લક્ષ્મી પૂજન થાય છે. આ વરસનો છેલ્લો દિન હોઈ તેને આનંદથી ઉજવવામાં આવે છે.

નવું વર્ષ એટલે પડવા તરીકે નવા વરસના પ્રારંભનો દિવસ એટલે આનંદથી હળવા-મળવાનો દિવસ માનવામાં આવે છે. જેમાં રક્ષા બંધનની બાંધેલ રાખડી છે તે રાખડી છોડવામાં આવે છે.

ભાઈ બીજ એટલે ભાઈ-બહેનનું પર્વ રક્ષાબંધન, ભાઈ-બહેનનું મહત્ત્વ સમજાવવા અને તે રૂપે મનાવવામાં આવે છે. આમ તે અનુરૂપ મહત્ત્વ હતું પણ હવે આધુનિક યુગમાં મહત્ત્વ ઓછું થતું જાય છે. પરંતુ પ્રાચીન પરંપરાની હજી કેટલીક કથામાં આવે છે તે મુજબ ઉજવવામાં આવે છે. તે મહત્ત્વ આપને ત્યાં હજુ માનવામાં આવે છે.

આમ, દીપોત્સવી પર્વનું પ્રાચીન સમયમાં ખૂબ જ મહત્ત્વ સંસ્કૃતિ અનુરૂપ હતું પણ હવે આધુનિક યુગમાં મહત્ત્વ ઓછું થતું જાય છે. પરંતુ હજુ પ્રાચીન પરંપરાની કેટલીક પ્રથા પ્રસંગ અનુરૂપ ગ્રામ્ય વગેરે કક્ષાએ ઉજવવામાં આવે છે.

*ભુજ, કચ્છ*


## ક્લેરીકલ સ્ટાફ જોઈએ છે

*એક જાણીતી કંપનીના વિવિધ વિભાગો માટે ક્લેરીકલ સ્ટાફની જરૂરિયાત છે. જેઓ આ બાબતે જોબ કરવા ઈચ્છા ધરાવતા હોય, તેઓ પોતાના બાયોડેટા અને અપેક્ષિત પગારની વિગત સાથે નીચે મુજબ અરજી કરી શકે છે.*

**શ્રી રજનીકાંત પારેખ**

**માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,**
**નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧**

# ઐતિહાસિક ભુજીયા પર સ્થિત ભારતનું અત્યાધુનિક સંગ્રહાલય : સ્મૃતિવન મેમોરીયલ



ડૉ. પૂર્વી ગોસ્વામી

*'મંગલ મંદિર'ના વિશાળ અને સમૃદ્ધ વાચકવર્ગ માટે દિવાળી વિશેષ લેખ અહીં મોકલું છું. આ સાથે નૂતન વર્ષની આગોતરી શુભેચ્છા 'મંગલ મંદિર'ના તમામ સભ્યોને અર્પું છું. કચ્છી - ગુજરાતી સાહિત્યના શિરમોર સર્જકોની કલમે સાહિત્યની જ્યોત અહીં પ્રગટ થતી રહે તેવી શુભેચ્છા.*

***- ડૉ. પૂર્વી ગોસ્વામી***

બે દાયકા પહેલા ભયાવહ ભૂકંપે દોઢ લોખથી વધુ લોકોને ઈજાગ્રસ્ત કર્યા હતા તથા ૧૩,૦૦૦થી વધુ જીવોનો ભોગ લીધો હતો. પરંતુ રાખમાંથી ખુમારીથી બેઠા થવાની તાકાત કચ્છે વિકાસ તરફની હરણફાળ ભરીને બતાવી છે. આ તમામનું અદ્‌ભુત પ્રદર્શન ઐતિહાસિક કિલ્લા પર અત્યાધુનિક ઢબે તૈયાર કરવામાં આવેલ સ્મૃતિવન મેમોરીયલમાં રજૂ કરવામાં આવ્યું છે. જેની છેલ્લા એક વર્ષમાં સાડા પાંચ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે. અત્યાર સુધી પચાસથી વધુ કાર્યક્રમોના આયોજન થયા. જેમાં મ્યુઝીક ઓન માઈક, ફોટોગ્રાફી વર્કશોપ તથા આર્મિ વેપન એક્ઝીબિશન મુખ્ય રહ્યા હતા. અહીં આ દોઢસોથી વધુ શૈક્ષણિક સંસ્થાઓએ શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત મ્યુઝીયમ તથા પ્રાદેશિક વિજ્ઞાનની મુલાકાત લીધી છે. અત્રે એ પણ નોંધવું ઘટે કે, G-20 સમિટની યજમાની ભારતે મેળવ્યાની પ્રથમ ઈવેન્ટ કચ્છમાં થઈ હતી. જેમાં 'સ્મૃતિવન' સમિટના સભ્યો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ મ્યુઝીયમ અનેક ખાસિયતો સાથે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ભૂકંપના દિવગંતોની યાદી રજૂ કરતાં ૫૦ ચેકડેમ શ્રદ્ધાંજલીના પ્રતીકરૂપે બનાવવામાં આવ્યા છે. આ સિવાય પ્રાચીન લુની સોલાર કેલેન્ડર મુજબ તૈયાર થયેલ સનસેટ પોઈન્ટ અને વિજ્ઞાન પ્રાદેશિક કેન્દ્ર તથા મિયવાકી પદ્ધતિથી તૈયાર વન આકર્ષણનું કેન્દ્ર છે. વિવિધ થીમને આધારીત ૭ ગેલેરી ઉપરાંત હેન્ડિક્રાફ્ટ શોપ, પાંચ હજારથી વધુ પુસ્તકો ધરાવતી લાઈબ્રેરી,

> *ભૂકંપ દિવંગતોની શ્રદ્ધાંજલિ તરીકે ઊભું કરવામાં આવેલ સ્મૃતિવન સ્મારક એ કચ્છને વિશ્વકક્ષાએ ખ્યાતિ અપાવનાર રણોત્સવ પછીની બીજી ભેટ છે. જેને ઓગસ્ટ ૨૦૨૨માં લોકાર્પિત કરવામાં આવ્યું. ત્યારથી અત્યાર સુધીમાં પાંચ લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લઈ ચૂક્યા છે. એશિયાનું સૌથી મોટું સ્ટીમ્યુલેટર ધરાવતું મ્યુઝીયમ કચ્છના વિનાશથી વિકાસ તરફની ગતિને રજૂ કરે*

પ્રોગ્રામ હોલ ઉપરાંત રેસ્ટોરન્ટ સાથે એશિયાનું સૌથી મોટું સિમ્યુલેટર ધરાવતું મ્યુઝીયમ કચ્છના વિનાશથી વિકાસ તરફથી ગતિને રજૂ કરે છે. તે ભારતનું સંપૂર્ણ કક્ષાનું સંગ્રહાલય છે જેમાં ઈતિહાસ આધુનિકતાનાં સુમેળ સાથે વેદના, વિકાસ અને વિશિષ્ટતા ખૂટી ખૂટીને ભરેલી છે. આશરે ૪૦૦ કરોડના ખર્ચે ૧૭૫ એકરમાં આકાર પામેલું આ સ્મારક જાણે ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પની પરીપૂર્તિ સાચા અર્થમાં સાબિત કરી રહ્યું છે. મોદીજી ખુદ જ્યારે મેમોરિયલનું ઉદ્‌ઘાટન કરવા આવેલા ત્યારે બોલ્યા હતા કે, 'કચ્છ કોઈ સ્થાન નથી; એ તો જીવતી જાગતી ચેતના છે. મને તો કચ્છના રણમાં ભારતનું તોરણ દેખાય છે, તો બીજી બાજુ ૯/૧૧ અને હિરોશીમા જેવા દુનિયાના શ્રેષ્ઠ સ્મૃતિ સ્મારકોની હરોળમાં ઊભું રહી શકે તેવું સ્મારક અહીં બન્યું છે.'

સ્મૃતિવનની મુલાકાત માણી ગયેલા અનેક યાત્રિકોનો પ્રતિભાવ રહ્યો છે કે, 'સંવેદનશીલ અનુભવો મ્યુઝીયમની ગેલેરી રજૂ કરે છે જે રૂંવાડા ખડા કરી દે તેવા છે. જે આજ સુધી અન્ય કોઈ સંગ્રહાલયમાં અનુભવવા નથી મળ્યા. ભૂકંપ સમયે થયેલ તારાજીને અનેકગણા સફળ અંશે વિવિધ પ્રોમ્પ્ટ રજૂ કરીને તે સમયની વાસ્તવિક્તાને રજૂ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. તે સમયે કચ્છવાસીઓ પર શું વીતી હશે તેનો આબેહૂબ અનુભવ અમે કરી શક્યા હતા.' અરે, એક પ્રતિભાવ તો સૌથી

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૯ ઉપર)**

# તબીબી ક્ષેત્રે
# કચ્છની સામાજિક સંસ્થાઓનું યશસ્વી યોગદાન



પ્રવીણચંદ્ર ઠક્કર

● **ભૂમિકા :**

કચ્છમાં ૨૦૧૧ના સેન્સસ અનુસાર ૨૦.૯૦ લાખ અને અત્યારે ૨૦૨૩માં ૨૭.૮૦ લાખની વસતી છે. કચ્છના ૧૪ શહેરો અને ૯૨૪ (નિવાસી-બિનનિવાસી) ગામો, ૪૫૬૭૪ ચો.કિ.મી. (૨૬૧૭૪ ચો.કિ.મી રણ સહિત)ના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા છે. દૂર-સુદૂરના લોકો માટે આરોગ્યની આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા ૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૭ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ તેમજ ૩ સિવિલ હોસ્પિટલ્સ પણ પ્રવૃત્ત છે પણ સ્વિટ્ઝરલેન્ડ જેટલા વિસ્તૃત એરિયા અને વસતી માટે આટલી સરકારી સેવાઓ પર્યાપ્ત નથી. તેથી દૈવી સંપત્તિ ધરાવતા ઉદારદિલના મહાજનો આર્થિક, સામાજિક રીતે વંચિત, મધ્યમવર્ગને વાજબી દરની, શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા યજ્ઞકાર્ય કરી રહ્યા છે.

તબીબી ચિકિત્સા એટલે વિજ્ઞાન, કલા અને અધ્યાત્મનો સુભગ સમન્વય. તેથી કચ્છના સ્વાસ્થ્ય સારવાર કેન્દ્રના દૃષ્ટિ સંપન્ન સંચાલકો, ટ્રસ્ટીઓના દિશાદર્શન મુજબ મેડિકલ, પેરામેડિકલ અને અન્ય મિત્રો દર્દી અને તેના પરિવારજનો સાથે માત્ર મસ્તિષ્કથી નહીં હૃદયથી કામ લઈ રહ્યા છે. સ્વાસ્થ્ય એટલે રોગનો અભાવ જ નહીં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા પ્રમામે 'વ્યક્તિની શારીરિક, માનસિક સજ્જતાની સંપૂર્ણ પ્રતીતિ કરાવતી પરિસ્થિતિ.' કચ્છનું તબીબી વિશ્વ પોતાના વ્યવસાયની ગરિમા જાળવીને માનવદેહની નૈસર્ગિક સ્થિતિ યથાવત રાખવા ઉદ્યમશીલ છે.

આ આદર્શો અને ભાવના લક્ષ્યમાં રાખી કચ્છની અનેક સમાજસેવી આરોગ્ય સંસ્થાઓ પ્રવૃત્ત છે. તાજેતરમાં જ આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ લેઉવા પટેલ સમાજ દ્વારા ગુણવત્તાયુક્ત સારવાર આપવા ૨૦૦ બેડની કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. તેલંગાણામાં ટેલિમેડિસીન પદ્ધતિ પ્રમાણે કચ્છમાં પણ આ મોડેલ આધારિત ૧૫૦૦ની વસતી ધરાવતા નખત્રાણા તાલુકાના કચ્છના મોટા અંગીયા ગામમાં ઈન્ટરનેટના માધ્યમથી હેલ્થ કિઓસ્કની અદ્ભુત વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ગામમાં દર્દીઓ ગામમાં બેઠા મોટા સ્ક્રીન ઉપર સરકારી, ખાનગી ડોક્ટરો સાથે પરામર્શ કરી પોતાની સમસ્યાઓ અંગે માર્ગદર્શન મેળવી શકે છે.

આ લેખમાં આપણે વિશેષ ચર્ચા કરવી છે માંડવી તાલુકામાં બીદડા, ભોજાય અને ભચાઉમાં આવેલા ૩ આરોગ્ય તીર્થની. આ સંસ્થાઓનો મંત્ર છે : "જનસેવા એ જ પ્રભુસેવા."

### શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. એમ. પટેલ આરોગ્યધામ - બીદડા, તા. માંડવી, કચ્છ :

શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટની જૂન ૧૯૭૨માં સ્થાપના થઈ. પ્રારંભે પ્રસૂતિની સુવિધા. ૧૯૭૫માં ભવ્ય કેમ્પ દ્વારા ૫૫૧ દર્દીઓના ઓપરેશન થવાને પરિણામે સખી દાતાઓ પ્રોત્સાહિત થયા. શ્રી કલ્યાણજીભાઈ પટેલ અને તેમના પરિવારજનોના સહયોગથી ફેબ્રુઆરી ૧૯૮૪ના આરોગ્યધામ સાકાર પામ્યું જે 'સેવા પરમો ધર્મ'ના સૂત્ર સાથે આજે સમગ્ર ભારતમાં વિખ્યાત બનેલ છે. અહીં તમામ પ્રકારની સારવાર, સર્જરી માટે આવશ્યક અત્યાધુનિક સાધનો સાથે ૬૦ બેડની સુવિધા છે. ૧૯૭૫થી ૨૦૨૧ સુધી ૫૦ લાખથી વધુ દર્દીઓની તપાસ થઈ છે. દર વર્ષે આંખની ૧૦૦૦ તેમજ અન્ય ૧૦૦૦ સર્જરી, ૩૦૦ પ્રસૂતિ, ૬૦૦૦ બાળકોની સારવાર સંપન્ન થાય છે. વંચિત દર્દીઓ વર્ષે ૧ કરોડ રૂપિયા જેટલી આર્થિક મદદ મેળવે છે.

આ હોસ્પિટલની અનન્ય વિશેષતા છે સ્થાપના કાળથી છેલ્લા ૪૯ વર્ષથી યોજાતી આરોગ્ય શિબિર. વિશ્વમાં ભાગ્યે જ એવું કોઈ ટ્રસ્ટ હશે જે ગ્રામીણ સ્તરે વ્યાપક પ્રમાણમાં કેમ્પ કરી સામાન્ય લોકોને સર્વોત્તમ ફ્રી સર્વિસ પૂરી પાડે.

દર વર્ષે જાન્યુઆરીમાં બીદડા મુકામે ૩ સપ્તાહ માટે સર્વરોગ નિદાન - સારવાર - ઓપરેશન મેગા કેમ્પ યોજાય છે. દેશ-વિદેશના ૩૦૦૦ ડોક્ટર્સ, મેડિકલ-પેરા મેડિકલ સ્ટાફ તથા સ્વયંસેવકો, કચ્છ તેમજ અન્ય જિલ્લાઓમાંથી આવતા દર્દીઓનું નિદાન-સારવાર કરી નિઃશુલ્ક દવા, શ્રવણયંત્ર

વિતરણ કરે છે, ઑપરેશન થાય છે. જાન્યુઆરી ૨૦૨૩માં આયોજિત કેમ્પમાં કિડની, કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ, થાઈરોઈડ, દમ, ઘૂંટણ, સંધિવા, કાન-નાક-ગળા, સ્ત્રી-બાળ રોગ, આંખ-નાક, માનસિક વગેરેના ૧૬૮૭૦ દર્દીઓએ સારવાર મેળવી હતી. જ્યારે ૬૦૩ જનરલ ઑપરેશન તેમજ આંખના ૨૫૦ ઑપરેશન થયા હતા. મેગા કેમ્પ ઉપરાંત વર્ષ દરમિયાન વિવિધ રોગ માટેના ૯૦ વિશિષ્ટ કેમ્પ યોજાય છે. આ ટ્રસ્ટની ૧૯૯૪માં પ્રારંભિત મુંબઈ સ્થિત હોસ્પિટલમાં દૈનિક ૫૦૦ દર્દીઓ લાભ મેળવે છે જ્યારે દર વર્ષે ૨૦૦૦ સર્જરી થાય છે.

આ ટ્રસ્ટે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને મિશિગન સ્ટેટ યુનિવર્સિટી સાથે કરેલા કરાર એમ.ઓ.યુ. મુજબ ત્યાંના તજજ્ઞ ડૉક્ટર અહીં આવે છે. જુદા જુદા રોગ વિષયક સેમિનાર કરીને સ્થાનિક ડૉક્ટર્સને તાલીમ આપે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થાના સહકારથી ૩ માર્ચના 'હિયરીંગ દિવસ'ના જાગૃતિ કાર્યક્રમ યોજાયેલ અને જરૂરિયાતમંદને હિયરીંગ મશીન અપાયેલ હતા.

ઈ.સ. ૨૦૦૫થી ફેબ્રુઆરીમાં એક સપ્તાહ માંડવી મુંદ્રા તાલુકાની ૩૦થી ૪૦ પ્રાથમિક - માધ્યમિક શાળાના ૧૦,૦૦૦ બાળકોના એક સપ્તાહ માટે નિદાન-અનુસરણ કેમ્પ આકાર પામે છે. ન્યુયોર્ક ડેન્ટલ કોલેજના પૂર્વ પ્રોફેસર મૂળ પાટણના વિખ્યાત ડૉક્ટર ગિરીશભાઈ શાહ ઉપસ્થિત રહે છે. તેમની સાથે રહે છે બોસ્ટનના દેવચંદભાઈ ફુરિયા તેમજ મુંબઈ, અમેરિકાના અન્ય ડૉક્ટર્સની ટીમ. વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરી સિલ્વર સિમેન્ટ ફિલીંગ, રુટ કેનાલ જેવી સારવાર અપાઈ છે. આંખ-કાન કે અન્ય અંગોનું ચેક-અપ કરી જરૂરી દવા, ચશ્મા અપાય છે. જરૂરિયાતવાળાની સર્જરી કરવામાં આવે છે.

હોસ્પિટલના પ્રાંગણ પર સાધુ-સાધ્વીજીઓના નિવાસ માટે ૮ ઉપાશ્રયો છે. તેઓ તેમજ અન્ય ધર્મના સંતો ટ્રસ્ટની તમામ સેવા નિઃશુલ્કપણે મેળવી આશિર્વાદ આપતા રહે છે. અમેરિકાથી દાન મેળવવા બીદડા આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશનની સ્થાપના કરાઈ છે. આ સંસ્થા અમેરિકામાં યોજાતા નિઃશુલ્ક કેમ્પમાં પણ સહભાગી થાય છે. તાજેતરમાં તુર્કી, સીરિયાના ભૂકંપગ્રસ્ત ઘવાયેલાઓની સઘન સારવાર માટે સંસ્થાએ વડાપ્રધાનશ્રીને દરખાસ્ત કરી છે.

ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી બે દિવસમાં જ અહીંની હોસ્પિટલમાં ૬૦૦ દર્દીઓને દાખલ કરાયા હતા. એક વર્ષમાં ૧૦,૦૦૦ પીડિતોને સારવાર આપવામાં આવી હતી. જ્યારે ચારેક વર્ષમાં કુલ ૬૦,૦૦૦ દર્દીઓની સુશ્રુષા, ઑપરેશન થયા. ૩૭૫ ભૂકંપગ્રસ્ત લોકોના નિવાસો નિર્માણ પામ્યા. ઈ.સ. ૨૦૦૫થી તમામ પ્રકારના દિવ્યાંગોની સેવા-તાલીમ માટે ૪૮ પથારી, સાધનો સાથે રાષ્ટ્રપતિ ઍવોર્ડ પ્રાપ્ત 'જયા રીહેબિલીટેશન ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રીસર્ચ સેન્ટર' કાર્યરત છે. દેશમાં આ પ્રકારના ૧૨ સેન્ટર્સ પૈકી આ કેન્દ્ર નમૂનેદાર છે.

૨૦૦૯થી ૧૦૪ બેડ સાથે રતનવીર નિસર્ગોપચાર અને સંશોધન કેન્દ્ર સક્રિય છે. ૨૦૧૮થી ૪૦ બેડ સાથે અષ્ટાંગ યોગ માટે 'તારા વેલનેસ સેન્ટર' અને 'યોગ ઈન્સ્ટિટ્યૂટ' કાર્યરત છે. આ ટ્રસ્ટ પ્રાણીઓ માટે જીવદયા, કોટિવૃક્ષ અભિયાન દ્વારા વૃક્ષારોપણ, સંવર્ધન અને જળસંગ્રહના કાર્યક્રમો પણ યોજે છે. સંસ્થાને રાજ્ય - રાષ્ટ્રીય કક્ષાના અનેક માન-સન્માન ઍવોર્ડઝ, 'લીમકા બુક ઑફ રેકર્ડ'માં સ્થાન મળ્યું છે. સમર્પિત ૨૫ સ્થાનિક ડૉક્ટર્સ, ૧૫ મુલાકાતી ડૉક્ટર્સ અને ૨૦૦થી વધુ અનુભવી કર્મચારી ધરાવતા ટ્રસ્ટના ચેરમેન છે શ્રી વિજયભાઈ છેડા. ટ્રસ્ટીઓ, મેનેજિંગ કમિટી, તબીબો, દાતાઓ, સ્ટાફ, સ્વયંસેવકો તથા સરકારના સહકાર-સમન્વયથી સંસ્થાએ સુવર્ણ જયંતી ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કર્યો છે. 'મંગલ મંદિર'ની શુભ કામનાઓ.

*સંપર્ક : ૯૬૭૮૯ ૮૨૪૪૪, ૯૫૮૬૦ ૬૨૪૪૪*

*ઈ-મેઈલ* : ***bidadahospital@hotmail.com***

***Web site : www.bidada.org***

## શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી પાનબાઈ કારુભાઈ પાલણ હોસ્પિટલ ભોજાય, તા. માંડવી

કચ્છના પશ્ચિમ પ્રદેશ માંડવી, લખપત, અબડાસા અને નખત્રાણાના ગ્રામીણ વિસ્તારમાં, બીદડા ગામ સિવાય ઈ.સ. ૧૯૯૭ સુધી કોઈ સંતોષજનક આરોગ્ય સુવિધાઓ કે નિષ્ણાત ડૉક્ટર ઉપલબ્ધ નહોતા. દર્દીઓને ૮૦થી ૧૦૦ કિ.મી. દૂર શહેરી વિસ્તારમાં જવું પડે. સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય. અનેક લોકો સારવારના અભાવે દર્દનાક પરિસ્થિતિમાં જીવન વ્યતીત કર્યા કરે. આ કરુણાજનક સમસ્યાના પ્રત્યુત્તર રૂપે પ્રસિદ્ધ કર્મશીલ 'પગમેં ભમરી' જેવા પુસ્તકોના લેખક-ચિંતક, ૨૦૦૫ સુધી સર્વોદય ટ્રસ્ટ બીદડા અને ભચાઉની નામાંકિત હોસ્પિટલોના વ્યવસ્થાપન સાથે સંલગ્ન રહેલા શ્રી લીલાધરભાઈ ગડા 'અધા' અને રાજેન્દ્રપ્રસાદ જેવા મિત્રોને, માંડવીથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલ ભોજાય ગામે એક અદ્યતન આરોગ્યધામની સ્થાપના કરવાનો વિચાર આવ્યો.

૧૯૯૬માં શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટની સ્થાપના થઇ. પ્રારંભે ૨ મેગા મેડિકલ કેમ્પ યોજાયા. ૫૦૦૦ દર્દીઓની હાજરી નિહાળીને જ આરોગ્યની તાતી આવશ્યક્તાનો તાગ મેળવી લેવામાં આવ્યો.

ડિસેમ્બર ૧૯૯૮માં ૪૦૦ ગામોને શક્ય તેટલી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા આરંભ થયો ભોજાય સર્વોદય ટ્રસ્ટ પ્રેરીત ૧૫ બેડની રેફરલ હોસ્પિટલનો. અત્યારે ૪૦ બેડની વ્યવસ્થા છે. શરૂઆત થઈ એક્સ-રે, લેબોરેટરી, વિઝિટીંગ ડૉક્ટર, વિક્લી ક્લિનિક અને નિષ્ણાતોની સેવાઓથી. આજે ૧૨૦૦ની વસતી ધરાવતા અંતરિયાળ ભોજાય ગામની હોસ્પિટલમાં આશ્ચર્યજનક રીતે વર્ષે ઓપરેશન થાય છે – ૨,૫૦૦.

આ ટ્રસ્ટ આરોગ્યની બાબતમાં કેટલું સજાગ, ગંભીર છે તેનું ઉદાહરણ જોઈએ. ઇ.સ. ૧૯૯૯માં મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલ દ્વારા ગર્ભાશય અને સ્તનના કેન્સર અંગે યોજાયેલી પ્રદર્શિની જોવા માટે ઉમટી પડેલી મોટી સંખ્યા જોઈને, ગર્ભાશયના ઑપરેશન માટે જરૂરી સાધનો ૩૬ કલાકમાં વસાવી લેવામાં આવ્યા. ગર્ભાશયના રોગો અને પ્રસૂતિ પછીની સંભાળ માટે મહિલા તાલીમ કેન્દ્રનો ઇ.સ. ૨૦૦૨માં તત્કાલીન સાંસદ સુનિલ દત્તના વરદ્ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો.

ઇ.સ. ૨૦૦૧ના ભૂકંપ સમયે આ દવાખાનાને પરિણામે બે માસમાં ૧,૫૦૦ ઘાયલ દર્દીઓ તાત્કાલિક સારવાર મેળવી શક્યા. ૨૫૦ના મેજર ઑપરેશન શક્ય બન્યા. ટ્રસ્ટની મદદ દ્વારા ૩,૫૦૦ પરિવારો સહકારીતાના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખી પોતીકા ઘરના નિર્માણ માટે સક્ષમ બન્યા. ૫૦ અપંગ વ્યક્તિઓએ સ્વરોજગાર માટે તાલીમ પ્રાપ્ત કરી.

આ હોસ્પિટલમાં આજે જનરલ, સ્ત્રીરોગ, ગાયનેક, નેત્રરોગ, દાંત, ઇ.એન.ટી., ન્યુરોલોજીની સારવાર-સર્જરી માટે તમામ સાધનો પ્રાપ્ય છે. આ સુસજ્જ હોસ્પિટલ ૪૦૦ ગામોની પ્રજાને તબીબી સેવાઓ પૂરી પાડવા ઉત્સુક છે. તેના વિભાગો - કાર્યક્રમો નીચે મુજબ છે : (૧) મહિલાઓના સ્ત્રીરોગ માટે શિબિર, (૨) રતનવીર આઈ ઇન્સ્ટિટ્યૂટ, નેત્રરક્ષા અભિયાન, (૩) જનઆરોગ્ય, મેડિકો સર્જિકલ કેમ્પ, (૪) લક્ષ્મીબેન માનસ મંદિર, (૫) ડાયાલિસિસ સેન્ટર, (૬) નવનીત વિહાર.

**૧. મહિલાઓના સ્ત્રીરોગ માટે શિબિર :**

મહિલાઓના પ્રજનન અવયવોના વિવિધ રોગના તાત્કાલિક સારવાર, ઓપરેશન માટે દર વર્ષે સ્ત્રી રોગ શિબિર યોજાય છે. ૧૮ કેન્દ્રોમાં દર માસે ૬૦૦ બહેનોના રોગની ચકાસણી થાય છે. ૮૦થી વધુ મહિલાઓના રાહતદરે ભોજાયમાં ઑપરેશન થાય. ૧૯૯૯થી આજ સુધી આ રીતે ૧૦ તાલુકાના ૮૭૫ ગામોમાં આવી ૧૦૫ શિબિરો યોજીને ૬૫૦૦ સફળ ઑપરેશન સંપન્ન થયા છે. (પથરીના ઑપરેશન માટે ભચાઉમાં ગોઠવણ કરવામાં આવી છે.)

**૨. રતનવીર આઈ ઇન્સ્ટિટ્યૂટ, નેત્રરક્ષા અભિયાન :**

ઇ.સ. ૨૦૦૩થી નેત્રરોગ ચિકિત્સા વિભાગ અને ઇ.સ. ૨૦૦૯થી નેત્ર રક્ષા અભિયાનનો પ્રારંભ થયો છે. મોતીયા મુક્ત કચ્છની ઝુંબેશ સાથે ગામડાંઓમાં નેત્રશિબિર યોજાય. જરૂરિયાતવાળા દર્દીઓના વિનામૂલ્યે આંખના ઑપરેશન થાય. ઇ.સ. ૨૦૧૨થી કચ્છની સર્વશ્રેષ્ઠ આંખની સ્વતંત્ર ૪૦ બેડ સાથેની રતનવીર આઈ હોસ્પિટલની સ્થાપના થઇ છે. દર વર્ષે ૩૦૦ ગામોમાં દર્દીઓની તપાસ થાય છે તેમજ રેટીના, કોર્નિયોગ્રાફટીંગ, ઓક્યુપ્લાસ્ટી વગેરેના જરૂરિયાત ધરાવનારાઓ વિનામૂલ્યે સર્જરી દ્વારા આંખના અજવાળા પુનઃ પ્રાપ્ત કરે છે. અત્યાર સુધી આંખના ૩૦,૦૦૦ ઑપરેશન થયા છે.

**૩. જનઆરોગ્ય માટે મેડિકો સર્જિકલ કેમ્પ્સ :**

સ્ત્રી રોગ, આંખ ઉપરાંત ઇ.એન.ટી., દાંત, ચર્મ, હાડકાં હૃદયરોગ, બાળરોગ, જનરલ સર્જરી, પ્લાસ્ટીક સર્જરી માટે દર માસે ૮ કેન્દ્રોમાં નિયમિત ધોરણે કેમ્પ યોજાય છે. ૪૦૦ ગામડાંમાં ૫૦ દિવસ સુધી ચાલતા કેમ્પનો લાભ દર્દી મેળવે છે. આ રીતે અત્યાર સુધી સ્ત્રીરોગ, આંખ તેમજ અન્ય રોગોના કુલ ૪૦,૦૦૦ ઑપરેશન પરિપૂર્ણ થયા છે. દાંત વિભાગની ૧૫,૦૦૦ દર્દીઓએ સારવાર મેળવી છે.

**૪. લક્ષ્મીબહેન માનસ મંદિર**

ઇ.સ. ૨૦૦૫થી માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે નમૂનેદાર નિવાસી તાલીમશાળા માનસ મંદિર કાર્યરત છે. ૩૬ બાળકો શિસ્ત, લય અને સ્વાવલંબનની કેળવણી વિનામૂલ્યે મેળવે છે. સ્નેહ સંભાળ સાથે શિક્ષણ, વ્યવસાયલક્ષી તાલીમની અહીં બેનમૂન વ્યવસ્થા છે.

**૫. ડાયાલિસિસ સેન્ટર :**

કોરોના મહામારી વખતે કચ્છના ગ્રામીણ વિસ્તારના ડાયાલિસિસ કરાવતા દર્દીઓ ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. આવી કટોકટીના સમયે ટ્રસ્ટે તાત્કાલિક ધોરણે એપ્રિલ ૨૦૨૦માં ૬ મશીનો સાથે ડાયાલિસિસ સેન્ટર શરૂ કર્યું. આ સેન્ટરમાં અત્યારે વાર્ષિક ૨૪૦૦ ડાયાલિસિસ નિઃશુલ્ક કરવામાં

આવે છે.

**૬. નવનીત વિહાર**

સ્ત્રીરોગ અંગે જાગૃતિ લાવવા તેમજ મહિલાઓની તપાસ અંગે સંકોચ દૂર કરવા, ધાઈ બહેનો (મિડવાઇફ)ને તાલીમ આપવા માટે નવનીત વિહાર તાલીમ કેન્દ્રોનો પ્રારંભ થયો. બે વર્ષમાં ૨૫૦ બહેનોને તાલીમ અપાઈ. સરકારશ્રીની આરોગ્ય કાર્યકરની યોજના કાર્યાન્વિત થયા પછી આ કેન્દ્ર બંધ કરવામાં આવ્યું છે.

*સંપર્ક : (૦૨૮૩૪) ૨૭૮૬૦૨ / ૬૦૬*

*મો. ૯૮૭૯૫૦૬૦૫૯*

***ઈ-મેઈલ : bhojayhospital@yahoo.co.in***

***Website : www.bhojaysarvodaytrust.org***

## શ્રી વાગડ વેલફેર સોસાયટી – ભચાઉ, કચ્છ

શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૭૨માં ભચાઉ મુકામે આંખની હોસ્પિટલનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૯૮૭થી તમામ વિભાગોની સુવિધાઓ સાથે ‘વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ’ અસ્તિત્વમાં આવી. ઈ.સ. ૨૦૦૧ના ધરતીકંપમાં ધરાશાયી થયા પછી લીલાધરભાઈ ગડા, દીપકભાઈ મેપાણી જેવા અગ્રણીઓની પુરુષાર્થથી પ્રાપ્ત ‘ટાઈમ્સ ઓફ ઇન્ડિયા રીલીફ ફંડ’ તેમજ ‘ભોજાય સર્વોદય ટ્રસ્ટ’ના સહયોગથી ઈ.સ. ૨૦૦૫માં આ સંસ્થા નવસર્જન પામી છે. અત્યારે જનરલ સર્જરી, ઓર્થોપેડિક, આંખ, સ્ત્રીરોગ, પ્રસૂતિ, બાળરોગ, કાન, નાક, ગળું, દાંત, ચામડીના રોગો, યુરોલોજી, ડાયાલિસિસ વગેરેની સારવાર સુવિધા માટે ૯ ડૉક્ટર્સ, ૧૦૮ પથારી – આઈ.સી.યુ. માટે ૭ બેડ, ૭ ઑપરેશન થિયેટર્સ, ૨૪ કલાક મેડિકલ સ્ટોર તથા ૨ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે.

માનવ સેવાને વરેલી આ હોસ્પિટલમાં નહીં નફો, નહીં નુકસાનના ધોરણે દરેક સારવાર માટે વ્યાજબી ચાર્જિસ નક્કી કરવામાં આવ્યા છે. પૈસાના અભાવે કોઈપણ દર્દી સારવાર વિના રહી ન જાય તેની કાળજી સેવવામાં આવે છે. આ હોસ્પિટલ ભુજ - રાજકોટ હાઈવે પર આવેલી છે. તેથી અહીં વારંવાર થતાં અકસ્માત સમયે તાકીદની સારવાર કોઈ ભેદભાવ વિના પૂરી પાડતી આ એકમાત્ર સંસ્થા છે.

‘શ્રી વાગડ કલા કેન્દ્ર’ મુંબઈ દ્વારા, મુંબઈના વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડૉક્ટર્સને આ હોસ્પિટલમાં નિમંત્રી, પ્લાસ્ટીક સર્જરી, લેપ્રોસ્કોપી સર્જરી, યુરોલોજી (કિડની - પેશાબના રોગ), કાન, નાક, ગળા, દાંતના રોગ, હરસ-મસા-ભગંદર, મગજનો લકવો જેવા રોગોના નિદાન-સારવાર માટે સમયાંતરે મેડિકલ - સર્જિકલ કેમ્પ્સ યોજવામાં આવે છે.

જન્મથી હાડકાંની ખોડખાંપણ ધરાવતા કે બીમારી ધરાવતા બાળકો તેમજ સ્ત્રીઓના ગર્ભાશય અંગેના રોગો - કેન્સરની સારવાર માટે દર ૩ મહિને શિબિર યોજાય છે. આ તમામ કેમ્પની સેવાઓ વિનામૂલ્યે હોય છે. ‘મોતીયામુક્ત કચ્છ અભિયાન’ અન્વયે ૨૦૦ ગામડાંના દર્દીઓના મોતીયાના ઑપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. ડાયાલિસિસ સેવા માટે ૧૨ મશીન ઉપલબ્ધ છે. દર માસે ૪૫૦થી વધુ દર્દીઓ તેની નિઃશુલ્ક સેવાઓ મેળવે છે.

સંસ્થાના ડૉક્ટર્સ સપ્તાહમાં બે વખત રાપર કચ્છની સુશ્રુષા હોસ્પિટલમાં જઈને દર્દીઓને તપાસે છે. ભચાઉમાં ઑપરેશન થાય છે. તત્પશ્ચાત દર્દીઓ રાપરમાં જ વિશેષ સેવાઓ મેળવી શકે છે. કચ્છના દુર્ગમ સરહદી વિસ્તાર ખડીર ટાપુમાં ‘યુરો ફાઉન્ડેશને’ કોટેજ હોસ્પિટલનું નિર્માણ કરેલ છે. જેનું સંચાલન આ ટ્રસ્ટને સોંપાયેલ છે. આ ટ્રસ્ટના ચેરમેન વિનોદભાઈ ગડા છે.

*સંપર્ક : (૦૨૮૩૭) ૨૨૪૦૪૧*

*મો. ૯૬૮૭૭ ૮૦૮૭૩, ૯૦૧૬૨ ૯૨૩૭૮*

***વડોદરા***

***મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

## નસીબ

રોજ સેંકડો ખીલતા ફૂલોનું પણ નસીબ હોય છે. જેમાંથી બે-ચાર પાંચ જ દેવને શિરે ચઢે છે!

તો કેટલાક નેતાઓના ગળાનો હાર બનીને વિંટળાઈ જાય છે.

કેટલાક શુભેચ્છાઓના નામે બુકે, કલગી બનીને ફોટો વીડિયોમાં ક્લિક થઈ જાય છે.

કેટલાક વાર તહેવારે ઉદ્‌ઘાટનોમાં દ્વાર પર તોરણ બનીને શુભ આશિર્વાદ આપવાનું પુણ્ય કમાવે છે...

કેટલાક તો ઝાડ ઉપર જ કરમાઈને ખરી પડે છે...!

કેટલાક અંતિમ સંસ્કાર ક્રિયામાં વપરાઈ જાય છે. છેવટે શબ પર ફૂલો ઢગલો થઈ જાય છે.

નસીબદાર તો દેવને શિરે ચઢેલા જ ફૂલો છે જેનું પવિત્ર નદીમાં વિસર્જન થઈ જાય છે! ■

# છારીઢંઢ : વિદેશી પક્ષીઓના પ્રજનન અને રહેઠાણનું સ્થળ



મનીષ જોષી 'મૌન'

## વિકાસના વણસમજ્યા ઘોડાપુરમાં કચ્છ જિલ્લો પણ બાકાત નહીં રહે?

## વિકાસના નવા આયામો પંખીડાઓ માટે ખતરારૂપ સાબિત થશે

કચ્છ નામ સાંભળતા જ રણ બોલાઈ જાય... પરંતુ કચ્છ એટલે રણ નહીં પણ રણ કચ્છમાં છે એમ કહી શકાય. કારણ કાચબાની પીઠ જેવા આકારના કચ્છમાં પ્રાકૃતિક સૌંદર્ય ખોબલે ખોબલે વિખેરાઈને પડ્યું છે.

કચ્છમાં જોવાલાયક અનેક સ્થળ આવેલા છે. એમાં પ્રવાસ કરીને કચ્છમાં આવતા વિદેશી પંખીડાઓ જે સ્થળે રહે છે, તેને કહેવાય છે... છારીઢંઢ.

છારીઢંઢ નખત્રાણા તાલુકાના ફુલય ગામ નજીક આવેલું છે. જે ભુજની ઉત્તર-પશ્ચિમે ૮૦ કિ.મી. અને નખત્રાણાથી ૩૦ કિ.મી. દૂર છે.

'છારી'નો અર્થ થાય ક્ષાર અને 'ઢંઢ' એટલે છીછરું જળપ્લાવિત ક્ષેત્ર અર્થાત્ સરોવર. નાના છીછરા ખાબોચિયા માટે સિંધી ભાષામાં ઢંઢ એવો શબ્દ વપરાય છે. માત્ર ચોમાસામાં ઉત્તર તરફ વહેતા નદી નાળા અને આસપાસની ટેકરીઓના વિશાળ જળગ્રાહી ક્ષેત્રના પાણી દ્વારા કાદવ યુક્ત બને છે.

છારીઢંઢમાં રેપર્ટસ, વોટર ફ્લાય, વેડર્સ, સારસ, બતક, કુંજ, સુરખાબ સહિત ૩૦૭ પક્ષીઓની જાતિઓ જોવા મળે છે. **કચ્છમાં પ્રકૃતિ પ્રેમીઓ માટે એક ઇકો-ટુરિઝમ ક્ષેત્રે છારીઢંઢ એક મનોહર અને સમૃદ્ધ ક્ષેત્ર છે.**

કચ્છના રણના જાણતલ ગાઈડ સાથે જ પ્રકૃતિ અને પક્ષી પ્રેમીઓ માટે ફરવાલાયક છારીઢંઢ રેલવે અને હવાઈ રીતે પહોંચવા માટે ભુજથી અને માર્ગ રસ્તે નખત્રાણાથી નજીક પડે છે.

વાંકાચૂંકા રસ્તે જતાં મીઠી પીલુડી અને અન્ય વનસ્પતિની સાથે વન્ય પ્રાણીઓમાં રણ લોમડી પણ જોવા મળે છે.

છારીઢંઢ જેવા પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા આ વિસ્તારનો વિકાસ કરવા માટે હિલચાલ થઈ રહી છે એવું પક્ષી અને પ્રકૃતિ પ્રેમીઓના ગ્રુપમાંથી જાણવા મળ્યું. ત્યારે પંખી પ્રેમીઓનું હૃદય આક્રંદ કરવા લાગ્યું હતું. કારણ જો વિકાસ થશે તો વિદેશી પક્ષીઓના પ્રજનન અને રહેઠાણના સ્થળ છારીઢંઢ પર ખતરો તોળાશે એમ ચોક્કસ મનાઈ રહ્યું છે. ત્યારે કચ્છ સહિતના રાજ્યવાસીઓએ વિકાસના નામે છારીઢંઢનો વિનાશ ન થાય તે માટે જાગૃત થવું જરૂરી છે.

આપ શું માનો છો? આપના જવાબ મને : "મેઘવર્ષા", ૧૪, સપ્તગિરી સોસાયટી વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧. મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા E-mail : maunjoshi@gmail.com OR maun_66@yahoo.co.in પર મોકલી આપશો હોં... રાહ જોઈશ...

- **સંવેદના :**

પોતાનો બચાવ કરવા માટે ક્યારેય બીજા ઉપર દોષારોપણ ન કરો... કારણકે સમય પાસે સત્ય પ્રગટ કરવાનો પોતાનો અલગ અંદાજ છે.

*પૂરક માહિતી : મિતેશ પંચાલ*
*વિશ્વામિત્રી નદી ગ્રુપ*

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

# જેનરિક દવાઓની લોકપ્રિયતા

***ધીમી પણ મક્કમ ગતિએ***
***જેનરિક દવાઓની લોકપ્રિયતા વધી રહી છે***

**અજિત પોપટ**

તમે અથવા તમારાં બાળકો કોમ્પ્યુટર, લેપટોપ કે ટેબ્લેટ વાપરતા હોય તો તમને ખ્યાલ હશે – આ ઈલેક્ટ્રોનિક સાધન વાપરવાથી નેત્રમણી અર્થાત્ કોર્નિયા સૂકાઈ જવાની ફરિયાદ રહે છે. આંખના ડૉક્ટર રીફ્રેશ ટીયર્સ (ટેકનિકલ નામ : કાર્બોક્સિમિથાઈલ સેલ્યુલોઇડ) નામના આંખના ટીપાં લખી આપે છે. આ ઔષધિ કોર્નિયાને સતત ભેજવાળાં રાખે છે. તમે કોઈ કેમિસ્ટ પાસે જાઓ અને ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન ધરો એટલે આ ટીપાંની શીશી આપે અને આશરે સવા બસ્સો કે અઢીસો રૂપિયા માંગે. આ જ ઔષધિ જેનરિક કેમિસ્ટ પાસે જાઓ તો ફક્ત વીસ – યસ, ફક્ત વીસ-બાવીસ રૂપિયામાં મળે છે.

આવી અસંગતિ વિશે એક સિનિયર ફેમિલી ફિઝિશિયન સાથે વાત થતી હતી. એમણે પણ વાતવાતમાં સ્વીકાર્યું કે યુરોપિયન દવા કંપનીઓ એટલી પાવરફૂલ લોબી છે કે કોઈ કહેતાં કોઈ દેશની સરકાર એમના પર સો ટકા કાબૂ રાખી શકતી નથી. જે લોકો એવું કહેતાં હોય છે કે આજકાલ ડૉક્ટરો લૂંટે છે એમને એ વાતનો ખ્યાલ હોતો નથી કે ડૉક્ટરો પણ દવા કંપનીઓના ઓશિંગણ હોય છે. આ વાત કરનારા ડૉક્ટરે એકાદ-બે સચોટ દાખલા આપ્યા. તમે પણ વિચારમાં પડી જાઓ એવા ચોંકાવનારા દાખલા છે.

એક વ્યક્તિને હાર્ટ ઍટેક આવ્યો. કાર્ડિયોલોજિસ્ટ કહેશે, સ્ટ્રેપ્ટોકિનેઝ ઈંજેક્શન આપવું પડશે. આવા એક ઈંજેક્શનની કિંમત ડૉક્ટરના કહેવા મુજબ રૂપિયા નવ હજાર છે. વાસ્તવમાં આ ઈંજેક્શન સાતસોથી નવસો રૂપિયાનું થાય છે, પરંતુ બ્રાન્ડની કિંમત છે. યુરોપિયન દવા કંપનીઓ પોતાની બ્રાન્ડના મોં માંગ્યા પૈસા પેશન્ટ પાસેથી વસૂલ કરે છે. એ જ રીતે સોર્બિટ્રેટ નામની ટીકડી જે જીભની નીચે રાખવાની હોય છે એની મૂળ કિંમત કરતાં લગભગ સો ગણી વધુ કિંમતે વેચવામાં આવે છે. એની પણ એક સત્યઘટના જાણવા જેવી છે.

અમદાવાદના એક સિનિયર કાર્ડિયોલોજિસ્ટના ઈન્ટરવ્યૂ એક વરિષ્ઠ પત્રકાર લઈ રહ્યા હતા. સાથે સાથે ડૉક્ટર પોતાના પેશન્ટ્સને પણ તપાસી લેતા હતા. એક મિલમાલિક આવ્યા. એમને કાર્ડિયોલોજિસ્ટે જે દસ ગોળી આપી એની કિંમત પાંચ હજાર રૂપિયા લીધી. થોડીવારે એક રિક્શાવાળો આવ્યો. એને પણ એ જ ગોળી (જુદી બ્રાન્ડની) આપી. એની પાસે ફક્ત એકસો રૂપિયા લીધા. આવી વિસંગતિ વિશે પત્રકારે પૂછ્યું ત્યારે ડૉક્ટરે સમજાવ્યું કે મિલમાલિકને હું સો રૂપિયાની ગોળી આપું તો એનો ઈગો હર્ટ થાય. મારી પાસે ફરી ક્યારેય આવે નહીં. બીજી બાજુ, રીક્સાવાળાને પાંચ હજાર રૂપિયાની ગોળી પરવડે નહીં. બંને ગોળી એક જ ફોર્મ્યુલાથી બની છે. મારે માણસ જોઈને આપવી પડે છે.

તો યહ બાત હૈ. ટાઈફોઇડના રોગીને ચૌદ મોનોસેફ લેવાની સલાહ અપાય છે. આ ટીકડીની હોલસેલ કિંમત ફક્ત પચીસ રૂપિયા છે. હોસ્પિટલના પ્રાંગણમાં આવેલી કેમિસ્ટની દુકાનમાં ટીકડી દીઠ ત્રેપનથી પંચાવન રૂપિયા વસૂલવામાં આવે છે. તમે શું કરો? કિડની ફેઈલ થાય ત્યારે દર ત્રણ દિવસે ડાયાલિસિસ કરાવવાની સલાહ આપવામાં આવે છે. એ સારવાર સાથે ઈંજેક્શન અપાય છે. હોસ્પિટલમાં આ ઈંજેક્શનના રૂપિયા ૧૮૦૦ વસૂલ કરાય છે. જ્યારે વાસ્તવમાં આ ઈંજેક્શનની કિંમત છે ૫૦૦ રૂપિયા. તમે કહેશો કે હોસ્પિટલમાંથી નહીં લેવાનું. દવા બજારમાંથી લઈ લઈશું. સોરી.

દવાબજારમાં આ ઈંજેક્શન નહીં મળે. કારણ? ઈંજેક્શન બનાવનારી કંપની માત્ર ડૉક્ટરોને આ ઈંજેક્શન સપ્લાય કરે છે. એટલે બહાર બજારમાં ક્યાંય ન મળે.

આ વાત ઘણી લાંબી છે. આપણે અહીં માત્ર એક ઝલક મેળવી છે. વિવિધ ઈન્ફેક્શન માટેની એન્ટીબાયોટિક્સ હોસ્પિટલમાં સાડા પાંચસો રૂપિયાની મળે છે જ્યારે એની મૂળ કિંમત (જુદી જુદી કંપનીની બનાવટની) રૂપિયા ૪૫થી ૧૫૦ સુધીમાં મળે છે.

જેનરિક દવાઓની ડિમાન્ડ દિવસે દિવસે વધી રહી છે એના કેટલાક કારણોમાં આ એક કારણ છે. યુરોપિયન દવા કંપનીઓની મોનોપોલી અને એમાંથી ડૉક્ટરોને મળી રહેલું કમિશન તેમજ બીજા લાભ! બધા ડૉક્ટર્સ એવા ન પણ હોય. કેટલાક ડૉક્ટરો પેશન્ટના દિદાર જોઈને સમજી જતા હોય છે કે આ દર્દીને કેવી અને કેટલી મોંઘી દવા સૂચવવી.

***'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી***

# વિજેતાને પણ 'હાર' આપવામાં આવે છે



ડૉ. કાંતિ ગોર 'કારણ'

માણસને સફળતા ગમે છે, વાહ વાહ ગમે છે. ખૂબ સફળ થાય અને એની નોંધ લેવાય એવી ઇચ્છા બધાની હોય છે.

એક વખત એક વિદ્યાર્થીએ મને કહ્યું, 'હું સી.એ.ની પરીક્ષામાં સફળ થયો. મારા વિસ્તારમાંથી ૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલી. હું એકલો જ પાસ થયો.' એની વાત પરથી મને લાગ્યું કે એ પાસ થયો એનાથી વધારે આનંદ એના વિસ્તારમાંથી એ એકલો પાસ થયો, એનો વધારે હતો. માણસનો આ સ્વભાવ છે. સ્પર્ધામાં ભાગ લેનાર કોઈ જીતશે તો કહેશે કે બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધેલો. એ ભાગ લેનારના આંકડા પણ આપશે અને પોતાનું ચઢિયાતાપણું સાબિત કરવાની કોશિશ કરશે. આ સફળતાનો નશો લગભગ બધે જ જોવા મળે છે. પોતાની સિધ્ધિની સાથે બીજાને પરાજિત કરવાનો નશો માણસને બહુ ખુશ કરે છે.

હાર અને જીત બે એવા શબ્દો છે, જે માણસના મન પર છવાયેલા છે. દુનિયામાં રાજકારણ પર, સફળતાના ક્ષેત્ર પર આ બે જ શબ્દો રાજ કરે છે.

જીત બધાને ગમે છે, પણ હારવું કોઈને ન ગમે તે સહજતાથી સમજાય તેવી વાત છે. પણ વિજેતાનું સન્માન થાય તો એને 'હાર' ગમે છે અને તે એને લાંબો સમય ગળામાં લટકાવી રાખે છે. હારી ગયા પછી આવો હાર મળવાની શક્યતા બહુ ઓછી રહે છે. પણ કેટલીક હાર જીતથી પણ ચડિયાતી હોય છે.

શારીરિક રીતે નબળા દિવ્યાંગ બાળકોની દોડવાની સ્પર્ધા હતી. દોડવાનું શરૂ થયું. બધા દોડી રહ્યા હતા અને થોડીવારમાં વિજય રેખા સુધી પહોંચવાના હતા. ઓચિંતું એક બાળક દોડતાં દોડતાં પડી ગયું. બધા જ છોકરાઓએ દોડવાનું બંધ કર્યું. એક પળ માટે તો બધા સ્થિર થઈ ગયા. બધા જ છોકરાઓ પડી ગયેલા છોકરા પાસે આવ્યા. બધાએ સાથે મળીને એને ઊંચક્યો અને પછી ધીમે ધીમે - ધીમે ધીમે એ બધા વિજયરેખા તરફ આવ્યા. એમાં જે સૌથી આગળ હતા, જે વિજેતા થવાના હતા તે છોકરા પણ હતા. બધા પ્રેક્ષકોએ ઊભા થઈને તાળીઓ વગાડી. આવું ક્યારેય કોઈએ જોયું નહોતું. દુનિયાની દૃષ્ટિએ ક્ષતિગ્રસ્ત અને નબળા ગણાતા આ બાળકો એમનો પ્રેમ, મૈત્રી, કુટુંબભાવના, સંપ, સહકારની નજરે સામાન્ય અને તંદુરસ્ત લોકોની તુલનામાં વધારે સારા અને ઉદાહરણરૂપ હતા. સ્પર્ધામાં ભલે એ નિષ્ફળ ગયા હતા પણ જીવનની સ્પર્ધામાં એ ઉત્તમ નીવડ્યા હતા. આ બાળકો માટે તો એમનો સાથી, એમનો મિત્ર, જે મુશ્કેલીમાં હતો તેને સાથ આપવો એ વધારે જરૂરી હતું.

ક્યારેક કોઇ પરાજય કે નિષ્ફળતા સફળતા કે વિજયથી વધારે ગૌરવપ્રદ હોય છે. ક્યારેય એવું પણ બને છે કે કોઈ જીત આપણને આનંદથી વંચિત રાખી દે છે.

મૌર્ય વંશના રાજાઓ વર્ષોથી કલીંગને હરાવી શકતા ન હતા. મહાન યોદ્ધા અને અતિ પરાક્રમી સમ્રાટ અશોકે કલીંગને પરાજીત કરવાનું નક્કી કર્યું. કલીંગના વાસીઓ, કલીંગનો રાજા, એના સૈનિકો બધા શાંતિપ્રિય હતા. તેમને કોઈ રાજ્ય પર આક્રમણ કરવું ગમતું નહોતું. પણ એ બધા સ્વાભિમાની હતા. પોતાના સ્વાતંત્ર્ય માટે લડી શકે એટલા તાકાતવાળા પણ હતા. યુદ્ધ થયું. અશોકના આક્રમણ સામે તેઓ ટકી ન શક્યા. યુદ્ધનું મેદાન હાથી-ઘોડાના શબ, યોદ્ધાઓના શબ, લોહીના ખાબોચિયાઓથી ભરપૂર, યોદ્ધાઓના તૂટેલા હાથ-પગ, કપાયેલ માથા ચારેબાજુ વેરાયેલા હતા. એવું જોઈ ન શકાય તેવું દૃશ્ય હતું. આવા સમયે સમ્રાટ અશોકને પોતાના વિજયનો પ્રભાવ જોવાનું મન થયું. આ બધું જોયા પછી અને કલીંગવાસીઓના કેટલાક અનુભવો પછી યુદ્ધપ્રિય અશોક બદલાઈ ગયા. એમને આ હિંસા અને ક્રૂરતાને પરિણામે ઊભી થયેલી સ્થિતિએ હચમચાવી નાખ્યા. એમને આ ઘટનાએ અત્યંત વિચલિત કરી દીધા. એમને માનવધર્મ સમજાઈ ગયો. અશોક પોતે બૌધ્ધ સાધુ ઉપગુપ્તને શરણે ગયા અને એમને શાંતિ મળી. આ પહેલાં અનેક યુદ્ધો જીતી ચૂકેલા અશોકને યુદ્ધમાં જ આનંદ મળતો હતો. એને બદલે એમને પ્રજાકાર્ય, લોકોને સુખશાંતિ મળે, લોકોને વધુને વધુ ઉપયોગી થવાની ભાવના — આ બધી બાબતો હવે રૂચિકર લાગવા માંડી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૫ ઉપર)

# કર્મ તત્ત્વજ્ઞાન છે પણ માનવશરીરે કાર્ય રસાયણ છે

ડૉ. નાનક ભટ્ટ

મનુષ્યના જન્મ અને માનવદેહે છેક છેલ્લા શ્વાસ સુધી પ્રવૃત્ત રહેતા સ્થૂળ શરીરના વૈશ્વિક તાણા-વાણા વિષયે પ્રત્યેક સમયે ચિંતન કર્યું છે.

ઈ.સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા બ્રહ્મસૂત્ર ઉપનિષદમાં ઋષિઓએ કહ્યું છે, 'મનુષ્ય દેહ, દેવ હેતુ કર્મ સાધે છે.' મહાભારત સમયના પૃથ્વી આસપાસના ગ્રહ નક્ષત્રોની સ્થિતિગણના અનુસાર આજથી ૫૧૫૯ વર્ષ પહેલા યોગેશ્વર કૃષ્ણે 'કર્મેશુ કૌશલમ' કહી માનવકર્મને સ્વ-મુક્તિ માટેનાં યોગ તરીકે પ્રતિપાદિત કર્યું. ઈ.સ. પૂર્વે ૫૯૯માં વિહરમાન જૈન સિદ્ધાંત અનુસાર મહાવીર સ્વામીએ મનુષ્ય કર્મ મુક્તિનો શાશ્વત માર્ગ છે તેમ જણાવ્યું. સાથોસાથ આત્મજ્ઞાની છે તેવી ઘોષણા કરી.

પૃથ્વી ઉપરનો માનવ સમાજ જેમ જેમ વિકસિત થતો ગયો છે તેમ તેમ બાહ્ય અને આંતરિક અવલોકનો થકી અસ્તિત્વ અંગેના ખ્યાલો વધુને વધુ સ્પષ્ટ થતા ગયા છે. ઈ.સ. પૂર્વે ૭૮ એટલે કે આજથી ૨૧૪૨ વર્ષ પહેલાં મહર્ષિ ચરકે માનવ શરીરને રસ-પંચત્વ કહ્યું. રક્ત, માંસ, અસ્થિ, મજ્જા, વીર્ય અને વસામાં રહેલા ધાતુની સમજ આપી. તો ૨૦મી સદીના પ્રારંભે નોબેલ વિનર જેકોબસે પ્રતિપાદિત કરતા કહ્યું કે, 'Life is Chemistry.'

ભૌતિકશાસ્ત્રમાં અણુ-પરમાણુની વૈશ્વિક ગતિની સમજ વિકસી છે તેમ સ્પષ્ટ થતું જાય છે કે ઇલેક્ટ્રોન અને પ્રોટોનની પોતાની સરક્યુલર મુવમેન્ટ છે અને જેમ કમ્પ્યુટરમાં બને છે, માણસના મસ્તિષ્કમાં યોજાય છે, તેમ સમગ્ર બ્રહ્માંડમાં Residual chemical વિકસે પણ છે અને નાશ પણ પામે છે. Genetic Engineering ના વિકાસથી ખ્યાલ મળ્યો છે કે પુરુષ અને સ્ત્રીના જીન્સમાં રહેલ રંગસૂત્રના આધારે જ નવા મનુષ્યના રંગ, રૂપ, સ્વભાવ અને રોગ સ્થિતિનું ચિત્ર ઉપસે છે.

પૃથ્વી ઉપર રહીને બ્રહ્માંડને જોતાં હવે વિજ્ઞાન પણ વિશ્વને ઉર્જા તરીકે સ્વીકારતું થયું છે. પણ પૃથ્વીથી ૭.૫ અબજ કિ.મી.ના અંતરે આવેલ પ્લુટો સુધીની યાત્રા દરમિયાન અંતરીક્ષયાને ઉર્જાના સ્વરૂપની જે ઓળખ આપી છે તે પરથી તો સ્પષ્ટ થાય છે કે જગતની ઉર્જાને ગતિ આપનાર તત્ત્વ ચૈતન્ય છે. આ ચૈતન્ય તત્ત્વ માણસના જીન્સમાં વિદ્યમાન છે.

વિજ્ઞાન આજે પણ સૂક્ષ્મદર્શક યંત્રોથી પકડી શક્યું નથી પણ જૈન ધર્મમાં નોંધાયું છે તેમ જ્ઞાની આત્મા સ્વરૂપે માણસના સ્વભાવમાં સહજ રીતે આનંદ, શાંતિ, પ્રેમ અને સ્વાતંત્ર્ય જેવા ગુણો રહેલા હોય છે. ઉપનિષદના સમયની ખોજને આગળ ધપાવતા શરીરની જૈવિક રચના, માનવીય પ્રવૃત્તિ અને તેની કેમિસ્ટ્રી વિષયે હવે રસપ્રદ અભ્યાસો વિવિધ સ્તરે થતા રહે છે.

કેનેડાની યુનિવર્સિટી ઑફ સ્ટેનફોર્ડનાં સાઇકોલોજીકલ પ્રાધ્યાપક ડૉ. સેન્ડા વાયસેમના સંશોધન અનુસાર લોહીમાં એસ્ટ્રોજનનો ફ્લો વધે તો જ મસ્તિષ્ક આનંદની સ્થિતિનો અનુભવ આપે છે. બ્રિટીશ યુનિવર્સિટીના Department of Neurochemistry ના જનરલમાં પ્રકાશિત થયા અનુસાર પુરુષ કરતાં સ્ત્રીઓનું મસ્તિષ્ટ ૩ સે.મી. નજીક હોય છે અને પુરુષ કરતાં સ્ત્રીઓના લોહીમાં ૧૫% એસ્ટ્રોજન વધુ હોય છે અને આથી જ પુરુષ કરતાં સ્ત્રીઓમાં Self Suicide નું પ્રમાણ ઓછું રહે છે.

શરીરશાસ્ત્ર કહે છે કે, માણસની દૈનિક પ્રવૃત્તિઓ તેના જીનેટીક સ્વભાવથી વિરુદ્ધ જાય છે તો પીચ્યુટરી નામની ગ્રંથિમાંથી આર્સેનિક નામે રસાયણ વહે છે, જે લોહીમાં ભળતા વ્હાઈટ સેલ વધે છે, હિમોગ્લોબીન ઘટે છે. આવા સમયે હૃદયને ઓક્સિજનનું સ્તર જાળવી રાખવા વધારે ઝડપથી ધબકવું પડે છે. બીજી તરફ કિડની લોહીમાં વધતા આર્સેનિકને ઘટાડવા મહેનત કરે છે અને પરિણામે શરીરમાંથી પ્રોટીન ઘટતું જાય છે.

રોજબરોજના અનુભવના આધારે ખ્યાલ આવે છે કે માણસ પાસેથી કોઈ આગ્રહવશ, નિયત સમયમર્યાદા નક્કી કરી કામ લે છે તો તરત શરીરમાંથી આર્સેનિક રસાયણ વધે છે ને માણસને એસીડિટીનો અનુભવ થવા લાગે છે, છાતીમાં બળે છે, માથુ દુઃખવા લાગે છે, ખાટાં ઓડકાર આવે છે અને આથી વિપરીત

પ્રેમભાવથી ઘરનું સૌથી નાનું બાળક પણ દાદાજીને ઘૂંટણે પડી તેના પર સવારી કરે છે તો પણ બુઝુર્ગનું સ્વમાન ઘવાતું નથી. ઉલટું, સ્નેહભાવે, ગમતું કામ થતાં લોહીમાં એસ્ટ્રોજન ભળે છે, શરીરમાં સ્ફુર્તિનો અનુભવ થાય છે, આનંદ આવે છે અને રહ્યો-સહ્યો થાક પણ ઊતરી જાય છે.

શરીરનો એક આગવો ધર્મ છે જે હંમેશાં જૈવિક અનુકૂલન (બાયોફેકર્ટ) તરફ માણસને દોરી જાય છે. ભારતીય સંસ્કૃતિનું ૮૦૦૦ વર્ષનું દર્શનશાસ્ત્ર, રાજા, રાજ્ય, સમાજ અને ઈશ્વર પ્રત્યે વફાદાર રહેવા માણસને સતત દોરે છે, પણ એ બધા વચ્ચે પણ પૈસા થકી ખરીદી શકાતા બાયોફેકર્ટ પ્રત્યે સમાજ વધુને વધુ આકર્ષાતો રહ્યો છે.

મનુષ્ય સમુદાય પોતાની સમજ અંગે સતત સંશોધનાત્મક રહ્યો છે. ત્યારે મૂલ્યાત્મક પરિવર્તનની આ ભૂમિકાએ માણસે પોતાનું કાર્ય મોક્ષ માટે કરવાનું રહેતું નથી. ઈશ્વર, રાજા કે ધાર્મિક ગુરૂઓ પ્રત્યેની વફાદારી જતાવવા કાર્ય કરવાનું નથી. પોતાના કારખાના, દુકાન કે સંસ્થાના માલિકોને ખુશ રાખવા શરીર ઘસવાનું નથી, પણ પોતાના શરીરમાં વહેતા રસાયણોમાં એસ્ટ્રોજન વધે તે માટે પ્રવૃત્ત રહેવાનું છે. સફળતા અથવા નિષ્ફળતા પ્રકારના માપદંડો છોડીને મનુષ્ય શરીરને લાખો વર્ષથી મળતા જીન્સનાં સ્વભાવને અનુરૂપ વર્તવાનું છે.

શ્રી રમણ મહર્ષિ કહે છે, ‘ઇન્દ્રિય કર્મનું અહમ બળ ઘટતાં શાંતિરૂપી માનવ સ્વભાવ આપોઆપ ઉભરી આવે છે.’ જેમ દરિયાની ભરતી ઊતરી જાય અને માટી હટી જતા શંખ-છીપલા દેખાય છે.

યાદ રહે, શાંતિ, સુખ, પ્રેમ, સ્વાતંત્ર્ય બહાર શોધવા જવાનું નથી. પણ હિતોપદેશની વાર્તાના ‘આનંદી કાગડા’ની માફક એ સત્ત્વ માણસના જીન્સમાં રહેલા છે. માણસે પોતાના ચૈતન્ય સ્વભાવને બહાર પણ લાવવા મથવાનું નથી. બસ, ઇન્દ્રિય અહમની મર્યાદાઓ ખસેડી દઈએ એટલે શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા તેમ પાણી આપમેળે ઢાળમાં દડી આવશે.

માનવનું કર્મ યોગ છે, તેવું ભગવાન કૃષ્ણએ કહ્યું પરંતુ તેથી વિશેષ બ્રહ્માંડના એક અંશ તરીકે જીનેટીકલ નેચર સાથે આકાર લેતાં માનવ શરીરનો પણ ઇન્દ્રિય સ્વભાવ હોય છે. આ સ્વભાવથી નજીક જીવન જીવવામાં સુખ છે, આનંદ છે તે સમજવાનો હવે સમય પાકી ગયો છે.

કમનસીબે ધર્મગુરુઓ પોતાના ભક્તોને વેદાંત, ઉપનિષદ અને પુરાણના પ્રમાણો તારવી માનવકર્મની તાત્ત્વિક ભૂમિકા સમજાવે છે. બાઈબલ ગ્રંથે માણસની સમાજ પ્રત્યેની ફરજને ચર્ચી છે અને સમાજ ધર્મની વાત કરે છે, પણ જે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જૈવિક વિજ્ઞાન ચંદ્ર, મંગળ અને પ્લુટો ઉપર સમાન રીતે કાર્યરત છે તે સંદર્ભમાં માનવ શરીરે કરવાના કામોની ચર્ચા થતી નથી.

વિકસતાં જ્ઞાને એકવાર ફરી પડકાર ફેંકી માણસને કોઈ કોમ, ધર્મ કે દેશથી પર બ્રહ્માંડના એકમ તરીકે સમજવા આહ્વાન આપ્યું છે, જે ઝીલી લેવા પ્રયત્ન કરીએ.

***મો. ૯૮૯૮૪ ૬૩૪૯૯***

## શૈતાન

એક ગધેડો ઝાડ સાથે બાંધેલો હતો. એક રાત્રે શૈતાન આવ્યો અને દોરી કાપીને ગધેડાને છૂટો કરી દીધો. ગધેડાએ તો રમખાણ મચાવીને બાજુના ખેતરમાં ઉભો પાક નાશ કરી મૂક્યો. ગુસ્સાથી લાલચોળ એ ખેતરના માલિકની પત્નીએ ગધેડાને ગોળી મારીને મારી નાખ્યો. ગધેડાનો માલિક આ નુકસાનથી ખૂબ જ નાસીપાસ થયો. જવાબમાં તેણે ખેતરના માલિકની પત્નીને મારી નાખી. ખેતરનો માલિક પત્નીનાં અકાળે મોતથી ગુસ્સે ભરાઇને કોદાળી ઉપાડી અને ગધેડાનાં માલિકને મારી નાખ્યો. ગધેડાના માલિકની પત્ની અને પુત્રો એટલા બધા ગુસ્સે થયા કે તેઓએ ખેડૂતના ઘરને આગ ચાંપી દીધી. ખેડૂતે પોતાનું ઘર રાખ થતું જોઈ ગુસ્સામાં ગધેડાના માલિકની પત્ની અને પુત્રોને મારી નાખ્યા.

આખરે ખેડૂતને પોતાના ગુસ્સા બદલ પશ્ચાતાપ થવા માંડ્યો અને થાકીને શૈતાનને પૂછ્યું કે આ બધી હત્યાઓ તેં શું કરવા કરાવી? ત્યારે શૈતાને જવાબ આપ્યો : મેં કોઈ હત્યા કરાવી નથી. મેં તો ફક્ત ગધેડું છૂટું કર્યું હતું. આ તો તમે સૌએ તમારી અંદર વસેલો શૈતાન જાગૃત કર્યો હતો. તેથી આટલી બધી ખાનાખરાબી સર્જાઈ છે.

આજના સમયનું મીડિયા, ટી.વી. ચેનલો, વૉટ્સએપ વગેરે શૈતાન બરાબર જ છે. તેઓ આખો દિવસ શૈતાન છૂટો મૂકી દે છે. તેનાથી દોરવાઈને તમે એકમેકની સાથે વાદવિવાદ કરો છો, રેડીમેડ પોસ્ટથી પ્રત્યાઘાત આપો છો, એકમેકને દુઃખ પહોંચાડો છો – તેના પરિણામોની ફિકર કર્યા સિવાય!

સૌથી મહત્ત્વની વાત એ છે કે, મીડિયા, ટી.વી. ચેનલો, વૉટ્સએપ, ફેસબુક વગેરેની કોઈપણ જવાબદારી થતી નથી કે તેઓ લેવા પણ નથી માંગતા. તેથી સાવધાન રહેવું એ આપણી જવાબદારી છે. તેમની ગધેડાની સરખામણી જેવી વાતો કે ચર્ચાઓ માટે આપણે સૌ એકમેકની સાથે પ્રેમથી ભાઈચારો કે દોસ્તી કે સંબંધો જાળવવા માટે કટીબદ્ધ થવું જ રહ્યું. ■

# શું જીવન એક એડજસ્ટમેન્ટ છે?



જાદવજી કાનજી વોરા

સમસ્ત જીવસૃષ્ટિમાં માનવ એ સૌથી વધારે બુદ્ધિશાળી પ્રાણી મનાય છે. વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક શોધખોળોમાં વ્યસ્ત માનવી પોતાનું ભૌતિક જીવન દિન પ્રતિદિન વધારે ને વધારે સગવડભર્યું બનાવવાની પેરવીમાં વ્યસ્ત છે. મહદ્ અંશે તેણે સારી એવી સફળતા પણ હાંસલ કરી છે. જો કે એક પ્રશ્ન હંમેશાં અનુત્તર જ રહ્યો છે કે સગવડના સાધનોના થતા નીતનવા આવિષ્કારો શું માનવીને ખરેખર સાચું શાશ્વત સુખ આપવા સમર્થ છે ખરા કે પછી તે માત્ર આભાસ જ છે? વાતાનુકૂલિત અદ્યતન શયનખંડમાં યુફોમ કે ડનલો પીલોના પોચા ગાદલા શું તેને શાંતિભરી અવિસ્ખલિત ઊંઘની ખાત્રી આપી શકશે ખરા? વધારે ને વધારે તૃપ્તિ મેળવવાની ઝંખના ધરાવતો માનવી શું ખરેખર સાચી આંતરિક તૃપ્તિ અનુભવે છે ખરો? શાંતિ મેળવવાની અફાટ દોટ મૂકતા આપણે ક્યાંક વધારે અશાંતિ તો ઊભી નથી કરતા ને?

જીવન એક એડજસ્ટમેન્ટ – બાંધછોડ છે કે નહીં એનો સંપૂર્ણ આધાર આપણા પોતાના દૃષ્ટિકોણ ઉપર જ આધારિત છે. આપણા પોતાના અભિગમ ઉપર જ આધારિત છે. આપણા જીવનમાં બધી જ પરિસ્થિતિઓ હંમેશાં સાનુકૂળ હોય અને આપણી પોતાની અપેક્ષા મુજબ જ બધું ચાલતું હોય એવી અપેક્ષા રાખી શકાય નહીં.

એક વસ્તુ ખૂબ સમજવા જેવી છે કે જો આપણે આપણા જીવનને સતત એક એડજસ્ટમેન્ટ જ ગણ્યા કરીશું અને એમ જ વિચાર્યા કરીશું તો હંમેશાં આપણા મગજ ઉપર એક ભાર રહ્યા કરશે. આપણે કદાચ બહારથી શાંતિ અનુભવતા હોવાનો દેખાવ કરતા હોઈશું પરંતુ અંદરખાનેથી તો આપણે સદાય અતૃપ્ત જ રહ્યા કરીશું. દંભ કદી પણ ઝાઝો સમય ટકતો હોતો નથી. જીવનમાં એડજસ્ટમેન્ટ કરવા માટે જો આપણું મગજ તાણ કે ઉશ્કેરાટ અનુભવતું હોય, તો એ એડજસ્ટમેન્ટનો કદાચ વધારે અર્થ હોતો નથી.

મારા એક બિલ્ડર મિત્ર છે. નાનપણમાં તેમની પરિસ્થિતિ વિકટ હતી પરંતુ મહત્ત્વાકાંક્ષી તો હતા જ. જીવનની શરૂઆતથી જ ખૂબ દોડ્યા. સારી એવી મહેનત કરી અને ખાસી પ્રગતિ પણ હાંસલ કરી. સામાન્ય રીતે એ હંમેશાં પોતાના ધંધામાં જ રચ્યાપચ્યા પડ્યા હોય. ભૌતિક સુખ સગવડોથી ભરેલું સમૃદ્ધ જીવન જીવતા હોવા છતાં ય, મહદ્ અંશે એ અંતરમુખી જીવન જીવી રહ્યા છે. આજકાલના શુરા કે સુંદરીઓના કે અન્ય કોઈ પણ દૂષણોનો એ ભોગ બન્યા નથી.

કર્મસંજોગે તેમને જીવનસાથી અલગ જ વિચારોવાળી મળી છે. ગર્ભશ્રીમંત ઘરમાં જન્મ થયો હોવાથી જીવનની શરૂઆતથી જ દુનિયાભરની સર્વ સુખસગવડોથી છલોછલ લદાયેલું જીવન તેને પસંદ છે. ક્લબ, પાર્ટી, પિકનિક, કિટીપાર્ટી અને શોપિંગ એ જ તેનું જીવન છે. અત્યંત અલ્ટ્રા મોડર્ન જીવન જીવવાની વૃત્તિ ધરાવે છે. નીતનવા ફેશનેબલ ડ્રેસ, રોજ નવા નવા ચટપટા પકવાનો અને ફાઈવ સ્ટાર જીવનપદ્ધતિ. રોજ નવા મિત્રો જોઈએ, પતિ અને પત્નીના વિચારોમાં પૂર્વથી પશ્ચિમ જેટલું અંતર છે.

પતિ અને પત્નીના વિચારો, વર્તન અને રહેણીકરણીમાં ઘણો જ ફરક હોવા છતાં ય આપણને નવાઈ લાગે કે કેટલાક કૌટુંબિક તથા સામાજિક પ્રસંગોમાં અવારનવાર આ દંપતિ એકમેકને હાથ પકડીને સાથે પણ દેખાય! બાહ્ય દેખાવમાં જોડી જાણે કે 'મેઇડ ફોર ઇચ અધર' જેવી દેખાય. જો કે આ દંપતિ સાથે અમારા પારિવારિક વ્યવહારો ખૂબ જ નિકટતમ હોઈ વાર તહેવાર પ્રસંગે અવારનવાર મળવાનું પણ થાય.

સારો એવો ઘરોબો હોવાથી એક વખત સાંજના સમયે અમે સાથે મળ્યા ત્યારે વાતવાતમાં મેં હિંમત કરીને તેમને તેમના અરસપરસના સંબંધો વિશે પૂછી નાખ્યું. 'બાહ્ય દૃષ્ટિએ તમારા વિચારો અને રહેણીકરણીમાં આટલો બધો વિરોધાભાસ હોવા છતાંય, તમારો સ્નેહ તો અકબંધ લાગે છે. બંને વચ્ચે નિકટતા પણ સારી એવી હોય એમ લાગે છે. તો એનું રહસ્ય શું છે?'

આશ્ચર્યચકિત થઈ જવાય એટલી સહજતાથી ખુલાસો કરતાં તેમણે બંનેએ કહ્યું કે, 'હા, તમારી વાત સાચી છે. હકીકત એ છે કે, બચપણથી જ અમારા ઘડતર, ઉછેર અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

# ગતિ-અવગતિ



હસમુખ અબોટી 'ચંદન'

વેરણછેરણ : ઠેર ઠેર તૂટેલા પાટિયા... નારિયેળીના બટકેલાં થડ... દૂર દૂર સુધી ઉડેલા ઝુંપડાના પતરા... સઘળે કાદવ-કીચડ... વેરાન બનેલો કુરદો... વંઠેલ વાવડો... ગોઝારી રાત... ભય... સૂનકાર... ખાલીપો.

આ બધું એકી શ્વાસમાં લઇને ઊભી હતી. બે દિવસની તદ્દન લાંઘણ, ઓશિયાળી હતી, લાચાર હતી. અરવ બની સ્થિતપ્રજ્ઞ દશામાં આવી પડેલી. કંઈ સૂઝતું ન હતું. એક રાતમાં અનેક રંગો બતાવનાર પ્રકૃતિની અત્યંત ઓશિયાળી બની ગઈ. નજર જ્યાં સુધી પહોંચતી હતી ત્યાં સુધી નાંખી રહી હતી. પણ એના માટે બધું બેકાર હતું. ત્યાં કશું હોય તો દેખાયને? થોડા લીલા પટ ને હરાયું ઢોર ચરી જાય તેમ આખા કુરદાના પટને વાવડો ઓરી ગયો હતો. કોણ કોને અને કયા કયા ગુનાઓમાં ગુનેગાર સાબિત કરે?

એ રાતની ગતિમાં, એક ગતિમાં જેમકે અનેક ગતિમાં વાવડો-મોજાં-વીજ ગર્જના અને ઝંઝાસુરની સંડોવણી એક નીરવ શાંતિ વાળી દીધી. બેકાબૂ બનેલી ગતિ અત્યારે થંભી ગઈ હતી. સખત કામ કરીને થાકેલો સજીવ પછીથી જેમ પડ્યો રહે, ઊંઘ ખેંચતો રહે તેમ બધાંની ગતિ સ્થિર બની હતી. વિખાયેલા સામાનમાં નજર કરી. પોતાની વસ્તુ ક્યાંય દેખાતી ન હતી. હવે તો એના વિચારો પણ બુઠ્ઠાં થઈ ગયા હતા. એવુંય નહોતું કે બધી જ સાન-ભાન ખોઈ બેઠી હતી. વિચારોના આવાગમનના માર થકી તેનું મગજ સમજ બહારનું બની ગયું હતું. અને એવું પણ ન હતું કે કુદરતી વિપદાથી સાવ અજાણ હતી. બે દિવસ અગાઉ રેડિયો મોં ફાડી ફાડીને કહી રહ્યો હતો ત્યારે હંમેશની જેમ ખોટી પડતી આગાહીને આજે એણે ધ્યાને ન લીધી અને ભોગવી બેઠી. વિચારોથી પણ અનેકગણી ગતિમાન પ્રકૃતિનો અણસારો આવ્યો હતો. અને એ અણસારો વાસ્તવિક્તામાં પરિણમ્યો. એ ગતિ ન હતી, પણ અવગતિ હતી. બધું જ નાશવંત બની ગયું. પલભરમાં જનમ-મરણનું ધ્રુતગતિનું ચિત્રાંકન થઈ ગયું.

મોડી રાતે વાવડો ઘરની બારીની તિરાડે કાનસૂરો કર્યો. ઘેરી શાંતિમાં પણ હૈયામાં કોલાહલ સંભળાઈ રહ્યો. એકાએક વિચાર આવ્યો, પણ એ કસુવાવડ જેવો હતો. ક્ષણભર કેટકેટલાં આવેગો ઊભરાઈ આવ્યાં. એકવાર એ બધું ભેગું કરવાનો વિચાર આવ્યો વિચારોના મારાના લીધે બધું જ સ્થિર થઈ ગયું. પછી તો બેફિકરાઈએ રીતસરનો હલ્લો બોલાવ્યો. એની આસપાસ શૂન્યતા વ્યાપી ગઈ. ઊંઘે ઘસડી-તાણી લેવા પ્રયત્નો કરી જોયા. ત્રીજા પ્રહરનો પ્રવેશ થયો કે વાવડે બારી-બારણાં પછાડ્યા. પવનનું ધસમસતું મોજું ઘરમાં ફરી વળ્યું. છોરાને કાંખમાં લઇ બહાર નીકળી જવાયું.

પવનની રફતાર પલેપલ વધતી રહી. ઝાડ, ડાળખી, પાંદડાં, નળિયાં, મોભ ને છાપરામાં પવનની ઘૂસણખોરીએ પજવણી શરૂ કરી. દૂર દેખાતો દરિયો સળવળ્યો. તેના ઉભારે સહસ્ર મોજાંઓની નાગફેણો ડોલતી રહી. જલ ફિણોટા સફેદ વાઘા પહેરી કોઈ નૌસેનાના કૂચકદમી હોય એ અદાથી આગળ વધતા રહ્યાં. તે કકળતી ભૂખમાં ઊભી રહી. ત્યાં ને ત્યાં જ ઊભી રહી ગઈ. ગળામાં વ્યાપેલા ડૂમાને જોતજોતામાં ગળી ગઈ. જડ-ચેતનનો ખ્યાલ ભૂલાઈ ગયો. ભેજભીના પવનમાં નહાતી રહી. વરસાદની ઝીણી ફુવાર સતત વહેતી રહી અને તેના આશ્લેષે વિંટાતી રહી. માથામાં ઝીણો સણકો ઊઠી આવ્યો. બે પગલાં આગળ ભરવાની હિંમત પણ ન ચાલી. બસ ત્યાંને ત્યાં ઊભી રહી ગઈ, છોરાને છાયલનો પાલવ ઓઢાડીને.

કાંખમાં તેડેલાં બાળકને વારેઘડીએ થાકના લીધે બદલ-બદલ કર્યા કરતી હતી. છતાંય સૂન બની ગયેલા મગજમાં ભાન નો'તું રહ્યું કે તેની કાંખમાં ભવિષ્યનો માલમ બેઠો છે. આજે કાંખને પણ નાના માલમનો ભાર લાગતો હતો જેમ કે અભાગિયા દિવસે દરિયાને વહાણનો ભાર લાગે તેમ. એની જેમ એનો માલમ પણ અસ્થિરતાને સ્થિરતામાં લાવવા હવાતિયાં મારી રહ્યો હતો. દરિયે રીતસરનો પ્રયત્ન આદરી રહ્યો હતો.

જેઠના આકરા તાપમાં માલમે વહાણ લઈ જવાની જીદ કરી. તેની જીદ કંઈ ઓછી ન હતી. આવી જીદ તેણે અનેકવાર કરી હતી. આજે પણ કરી. પરિણામ શું આવ્યું એની મથામણ

કે શોધમાં સતત ફસાયેલો હતો. એના માલમને પંકાયેલા માલમ બનવાના ઓરતા ચરમસીમાએ હતાં. હમણાં સુધી આવું – જાંજરું, બોદેલું, કડાંવાળું, સમારકામ માંગતું ને ઝોલખાતું – વહાણ ક્યારેય ઉપાડ્યું ન હતું. આજે શી કુમતી સુઝી કે મોતનો સામાન લઈને ઉપડ્યો. એને વિદાય આપવા કાંઠે આવી હતી.

ધીમી ગતિએ પવન વાઈ રહ્યો હતો. ફુરદે માણસોની અવર-જવર ઠીક હતી. આઠ ખલાસીઓ પહોંચી આવ્યા હતા. કોટિયા પ્રકારનું આ વહાણ નાનું હતું. એના સિવાય બે – એક વહાણ લંગરે અને રાંઢવે બંધાયેલાં હતાં. કેશો માલમ જાણે કોઈ મોટા યુદ્ધમાં જતો હોય તે રીતે અને એ અદાથી વહાણમાં પગ મૂક્યો. પગલાંની ગતિમાં જોમ હતું, એવી જ ખામોશી પણ. ખામોશી તેના છ મહિનાના બાળકને જોઈને વળી હતી. શારદાનો વિલાયેલો ચહેરો કેશવને નકારાત્મક્તાને ઈંગિત કરી રહ્યો હતો. છતાંય યુયુત્સુ યોદ્ધો જેમ શૌર્ય અને હોશને બરકરાર રાખે તેમ તેણે કર્યું.

લંગર ઊંચકાયા. જડેલી તોપોમાંથી લોખંડની સાંકળો અને રાંઢવા છૂટ્યાં. સુખાણે માર્ગ શોધ્યો. પાંજરી કૂવાસ્તંભે ચઢ્યો. સરંગે હંજો તૈયાર કરવામાં મશગૂલ હતો. બે ખલાસી ધામણને પકડી હતી. વહાણ ધીરે ધીરે સેલતું થયું. નેળની બહાર નીકળ્યું. ખૂવા ઉપરનો વાવટો પવનની દિશા બતાવી રહ્યો હતો. ગતિ ઠીક હતી, તેમ કામયાબ હતી. આવી ગતિ વહાણ માટે લાભદાયી હોય છે. કોટિયાને એ ગતિ મળી. માલમનો ઉત્સાહ વધતો રહ્યો. પણ નજર નિરંતર શારદા અને બાળક પર અપલક-સ્થિર હતી. વહાણને મોકળો માર્ગ જડ્યો. થોડીવારમાં વાટ વટાવી ગયું. દરિયાની પરિઘમાંથી ઘસી ગયું, તેમ અદશ્ય બની ગયું. ખૂવા પર ફરકી રહેલો વાવટો બેસુમાર વાવડામાં નાચી રહ્યો.

બપોર આમ ને આમ પસાર થતી રહી. એણે આકાશ સામું જોયું. કાંખમાં રડતું બાળક ઉધામા કરવામાં વ્યસ્ત હતું. માને હૈયે ફડકો બેઠો. સવાર-બપોર-સાંજ-રાત જાણે ભયાવહ બની ડાચું ફાડી રહી હતી. ઠેર ઠેર ખડકાયેલા કડણમાં પગ ખૂંચતા હતા. માંડ બે ડગલાં ચાલે કે હાંફ ચડી આવતી. એ એટલા માટે નહીં કે ચાલતાં થાકી ગઈ હતી, પરંતુ ગતિ કરતાંયે મનમાં માલમ માટે જીજીવિષાના ખ્યાલે હાંફી ગઈ હતી. બાળકને રડતું જોઈ પેટ ભરાવવા આગળ આવી. જેમતેમ કરી સૂકા પટ પર આવી. આજુબાજુ નજર કરીને બેઠી. એકલદોકલ માણસ સિવાય ત્યાં કોઈ દેખાતું ન હતું. બાળકને ગોદમાં લઈ સ્તનપાન માટે બ્લાઉઝ ખોલ્યું. કોઈ જોતું ન હોવા છતાંય પાલવ ઢાંક્યું. મૂંગો માણસ જેમ બોલવાની કોશિશ કરે તેમ વ્યાપેલા સન્નાટાને વાચા ઉપડી, ન સમજી શકાય તેવી; કાં તો બાળકની ભાષા મા જાણે એ પ્રકારની વાચા તેની હતી. નિરાશા, ખિન્ન, ખાલીપો ને ભયનું આવરણ એના માનસમાં ઘર કરી ગયા હતા. એ ઘડીએ માલમના શબ્દો સાંભર્યા :

'જો શારદા! મને પાછા વળતાં વરસેક લાગશે. છોટુને સંભાળજે, એ કાલનું ભવિષ્ય છે. મારું કંઈ નક્કી નહીં.'

ફટાફટ બાળકને તેડી ત્યાંથી ઊભી થઈ ગઈ. પવનની અભાગણી લહેરખી ચહેરાને સ્પર્શી ગઈ. દરિયા સામે ઉતાવળાં પગલા ભરવા માંડી. પગલા માંડ્યાં. જ્યાં માલમ ગયો હતો એ દિશા સામે જોયું. બાળકને રડતું જોઈ ત્યાં ને ત્યાં અટકી ગઈ. પગલા થંભાવી દીધા. કશુંક વેતરાયું.

દરિયે વહાણ આખું ડામાડોળ. કેશોમાલમ કૂવાસ્થંભ પાસે જઈ ઉપર બેઠેલા પાંજરીને ઉદ્દેશીને કહ્યું : 'ધના, સઢને આરિયા કરી લ્યે. વાવડાની નિયત સારી નથી લાગતી. એની રુખ હરાયા ઢોર જેવી છે. નાહકનું વાણ હાલ્યું જાસે.' ધામણનું રાંઢવું ઝાલી બેઠેલા બે ખલાસીને ટેકો દેતાં ફરી માલમ બોલ્યો, 'હું એને પકડી રાખું છું, તમે પરમણને નીચે મેલાવો. મોજું પણ હવે ભસ્માસુર જેવું થવા બેઠું છે.'

સુકાની પાસેથી ચકરી વારેઘડીએ છૂટી જતી હતી. મોજાઓ પોતાની ગતિ ને ઊંચાઈ વધારવામાં મસ્ત હતા. એક સંપથી આગળ વધી રહ્યાં હતાં. ચારેકોરથી એકાકાર બની વહાણ ઉપર પ્રહાર કરી રહ્યાં હતાં. એ થકી વહાણ આકાશ તરફ ઊંચકાયું અને બીજી જ ક્ષણે ઉછળી-કૂદી-ભમી-નીચે મોજાંઓની ખીણમાં પડતું ત્યાં તો જાણે ગયું... હમણાં જ ગયું... હમણાં જ ડૂબ્યું... ગયા બધા દરિયામાં... સૌના જીવ રફેદફે! એ પછી એકાએક દરિયાના અર્ધા ઉદરમાંથી બહાર આવી જાય. કોઈક દયાવાન મોજું ઉપર ઊંચકી લ્યે અને ફરી પોતાની ઉપર રમતું કરી દે. સંતાકૂકડી જેવી આ રમત હતી. કોણ કોને દાવ આપતું કે લેતું એ નિયતિ સિવાય કોઈ જાણતું ન હતું. કેશોએ ખૂવાને બથમાં લઈ રાખ્યો હતો. બાકીના ખલાસીઓ ગબડી પડ્યા. કોઈક બેઠો થવા મથી રહ્યો, કોક ઊભો થવા તો કોઈક ઊભો રહેવા ટેકો શોધી રહ્યો. બધા પોતપોતાના જીવને સાચવી રહ્યા. સુકાનીના હાથમાંથી સુકાન છટકી ગયું ને પડ્યો કેબિન બહાર. પડતાવેંત જ એના હોઠ ફાટી ગયા ને લોહીભીનાં હાથે બેસવાની વેત કરી.

શારદાથી એક કારમી ચીસ પડાઈ ગઈ. ચીખે સમગ્ર સમુદ્રને રડાવી મૂક્યો. એના સિવાય એની ઉપર દયા

ખાવાવાળું પણ કોણ હતું? દરિયો અને બાળક બંને રડવા લાગ્યા. બંનેના સૂર એક સમાન હતા. બંનેની લાચારી એકસરખી હતી. હવામાં ગરમી વર્તાઈ. આકાશ ધીરે ધીરે નિરભ્ર બનતું હતું. એ ચીખથી ખાલીપો ભરાઈ ગયો. જાણે મજિયારાં હૈયાંને સાંત્વના આપતો હોય તેમ. પવનની રફતાર ને વરસતા વરસાદની ધીમી ધાર બંધ પડવા માંડી. મેઘગર્જના ને દામિનીએ સજાવેલાં રક્તરંજિત હથિયારો બાનમાં કરવા માંડ્યાં.

શારદાએ પાછળ વળીને જોયું. વંઠેલ વાવડો હાર માની બેસી ગયો. બધા તત્ત્વો થાકી ગયાં, પણ એ બધા મસાણમાં બેઠેલા ડાઘુઓ જેવાં હતાં. મસાણ વૈરાગ્યની વાતો કરનાર પામર માનવી જેવા. એ પાછળ વળી. આગળ જતાં કશાકમાં પગ અથડાયો. અંગુઠો દર્દથી ચીસ પાડતાં સમસમી ઊઠ્યો, કારણકે પીડા અસહ્ય બની. એ બાળક સહિત નીચી નમી. એક હાથે અંગુઠાને દબાવ્યો. લોહી બંધ નતા પડતાં. એવામાં નજર કાદવમાં પડેલા મંગલસૂત્ર પર પડી. હાથ લાંબો કર્યો. કોઈક અભાગી સ્ત્રીનું મંગલસૂત્ર એને હાથ લાગ્યું. એ કઈ સ્થિતિમાં હશે? તેની આંખે લાચારી દર્શાવી. સહસા આંસુઓ બટકી પડ્યાં. હવે એના અને એના માલમનું અંતર એકસમાન બન્યું હતું. આંતરવ્યથા અને આંતરચેતના ઘુંટાતાં રહ્યાં. ભૂખ-તરસે અંધારા લાવી દીધાં. મોડે મોડે સમજાયું કે જડ ત્યાં ચેતન અને ચેતન ત્યાં જડનું સામ્રાજ્ય ગોઠવાઈ ચૂક્યું છે. વહાણનાં પાટિયાં તૂટ્યાં. સઢ ફાટ્યાં. પરમણ ભાંગ્યું. સુખાણ નંદવાયું ને બધું જ વેરણછેરણ : ઠેરઠેર તૂટેલાં પાટિયાં... નારિયેળીની બટકેલાં થડ... દૂર દૂર સુધી ઉડેલા ઝુંપડાનાં પતરાં... સઘળે કાદવ-કીચડ... વેરાન બનેલો ફુરદો... વંઠેલ વાવડો... ગોઝારી રાત... ભય... સૂનકાર... ખાલીપો વળગી પડ્યાં.

કેશામાલમના વહાણે હામ ભીડી, તેમ ખલાસીઓએ પણ ઝીંક ઝાલી. વિધવા બાઈની જેમ વહાણે દરિયાનો એક ખૂણો પકડી લીધો. સૌભાગ્ય ચાંદલા-સેંથા વિનાની સ્ત્રી જેમ વહાણે સૂકાન-કૂવાસ્તંભ ગુમાવી દીધા હતા. માલમ અને ખલાસીઓ વિપદામાંથી કેમ નીકળવું એ સમજી શકતા ન હતા. ક્યાંથી, કેવી રીતે અને કેવીક મદદ મળશે એ આશાએ તરાપા પર બેસી ગતિ પકડી રહ્યા. મહાસાગરના કયા સ્થળે કે કયા ભૂખંડની નજીક છે એ પણ જાણી શક્યા ન હતા. આમ ને આમ એક અનાગત સમયની ગતિના શરણે વિશાળતાની ગર્તામાં વહે જતા હતા.

એણે ઘર તરફ જવા વિચાર્યું. આવી એ પહેલાં મકાનની રહીસહી દીવાલો ઊભી હતી. આજુબાજુના ઝુંપડા ઉડી ગયા હતા. પોતાના ઘરનું એકાદ છાપરું કોઈક કારણસર એમનું એમ પડ્યું હતું. સામાન તણાઈ ગયો હતો. સાચે જ, બાટલીમાં પૂરાયેલા જીનને કોક બહાનું મળી જતાં એકાએક બહાર નીકળી બધી જગ્યાએ નાસભાગ કરી, સમૂળું નાશ વાળે એ રીતનું કરી મૂક્યું હતું. એ રાતથી લઈ અત્યારની સાંજ સુધી અગણિત ચિત્રો અંકિત કરી લીધા. સમય અપ્રત્યક્ષ ઉપહાસ કરી રહ્યો હતો. અનેક તડકા-છાંયડા ક્ષણે ક્ષણે બદલાતા જતા હતા. તડકાને પણ દુઃખ જેવું હશે તે આજે સમજાયું. મોજાંઓના તરંગોએ ફુરદે રહેવાવાળાઓના મન કુંઠિત કરી દીધા. પરંતુ સમયની સારણીને અકબંધ સાચવીને બેઠી હોય તો તે હતી, દીવાદાંડી. એની આંખ મૂક બની અફસોસ વ્યક્ત કરી રહી હતી. બધું પ્રત્યક્ષ હોવા છતાંય મૃતસ્મૃતિઓની જાણે સાક્ષી હતી. કાશ! એના શ્વાસો શારદાએ ભરી લીધાં હોત તો શાયદ શેષ મથામણ કામ લાગત, પણ હવે શું?

ચાલતાં ચાલતાં એને પગ જલાઈ ગયા. ક્યારે ન લાગેલો ભાર આજે કાંખમાં તેડેલા બાળકનો લાગી રહ્યો. એ ભાર આગામી ક્યાં ઊતરશે અને અટકશે તેનો હતો. મનમાં વેરવિખેર વિચારોને સાંકળી જોવાની મથામણ કરી. ગઈ રાતે અંધારા પર થોડીથોડી વારે ફરી રહેલા દીવાદાંડીના શેરડામાં દેખાયેલા ઊંચા પાણી, અત્યારે ફુરદે ઠલવાયેલો માત્ર કચરો હતો. અને અંધકારમાં જ્યાં શેરડો નો'તો પહોંચી શક્યો ત્યાં જોયું તો આપોઆપ બોલી પડાયું – 'બાપ રે! આ શું?' જોયું તો અનેક વહાણો ઉપર-નીચે મરેલાં પડ્યાં હતાં! નવું જીવન મળવાની કોઈ શક્યતા દેખાતી ન હતી. બાજુમાં મકાનોનો કાટમાળ, કાદવમાં ખૂંચેલી લાશો, કૂતરાના મૃતદેહો, ઝાડનાં થડ, તણાઈને આવેલાં માછલાંની દુર્ગંધ ધીમેધીમે પ્રસરી રહી. પોતાના ઘરની દીવાલની ઓથ લઈ પડેલી બકરીને જોઈ તેની ઉપર હાથ પ્રસારવાની ઇચ્છા થઈ આવી. એની વિસ્ફારીત આંખ લાચાર બની; ફાટી આંખે તેને જોઈ રહેલી બકરી ક્યારની મરણ પામી ચૂકી હતી. થોડીઘણી ઊભરી આવેલી સંવેદનાઓ પણ જાણે સ્થિર બની ગઈ.

કેશા માલમના તરાપાની ગતિ સાવ નપુંસક હતી. કેટલાક ખલાસીઓને ભ્રમવાયુ ઉપડ્યો. એક જણ તો વારંવાર ઊભો થઈ કહે – 'હું ફિલ્મ 'જાગતે રહો' જોવા જાઉં છું. રાજ કપૂર અને નરગીસને મળવા જાઉં છું.'

'એ...અસરા! તું દરિયે છો, ઘરે નહીં, સમજ્યો?' માલમે હાથ પકડી બેસાડ્યો. ત્યાં બીજો સળવળે. એને નીચે પછાડે. પાણીની તરસે સૌને બેબાકળા બનાવી દીધા. ન રહેવાય ત્યારે મૂત્ર પીવાના યત્ન કરે, પણ મૂત્ર ઉતરે તો

ન! કેમકે શરીરમાં પાણી જ ક્યાં હતું! ત્રીજા દિવસે દરિયાને કળ વળી. સ્થિર, ડાહ્યોડમરો બની વહેવા લાગ્યો. તરાપાને એક સાચી દિશા મળી.

શારદાનો હાથ અનાયાસે કપાળે ફરી વળ્યો. સેંથીમાંથી લાલ રંગ હાથે ખરડાયો. જોયું તો લોહી નીકળી રહ્યું હતું. હથેળીએ વળેલા લાલ રંગને જોઈ મલકાઈ. બાળકને ચુંબતી રહી. પાલવને પોતાની માથે ઓઢી લીધું. વળેલો બધો થાક ઓસરી ગયો. વ્યથા-સન્નાટો-ખિન્નતા-ઉદાસી-ખાલીપા જેવા અનેક ઉદ્વેગો હૈયાના અતળ ઉંરે સરકવા લાગ્યા. લાલ રંગ અખંડ સૌભાગ્યવતીનો પુકાર કરી રહ્યો હતો. તેમ સંધ્યાનો પણ લાલ-પીળો ને નારંગી રંગ સ્થિરતા પછી ગતિની સૂચના આપી રહ્યો.

ઘરની પાસે આવી પહોંચી. એના સિવાય કોઈ માનવ વસાહત ન દેખાઈ. શૂન્યતામાં કંઈ કરતા કંઈ મળી શકે તેમ ન હતું. રસ્તે મળેલા મંગળસૂત્રની કલ્પના કરે એટલામાં સામેથી આવતું વસાહતું ટોળું દેખાયું. બધું જ નવું નવું. બધું જ ગતિમાન. બધું જ વિદ્યમાન ને ચેતનવંતું બની ગયું.

***પારિભાષિક શબ્દાર્થ : ● ફુરદો :*** *વહાણ બાંધવાની જગ્યા, બ્રેક વૉટર* ***● માલમ :*** *વહાણની ગતિ માંડનાર, દિશા બતાવનાર, ઘણી વખત માલમ અને નાખુદા (કેપ્ટન) બંનેની એક ભૂમિકા અદા કરનાર.* ***● કડાં :*** *વહાણના તળિયે નાના જંતુ ચોંટી જાય.* ***● સુખાણ, સુખાણી :*** *સુકાન, સુકાની (વહાણને હાંકનાર).* ***● લંગર :*** *વહાણને સ્થિર રાખવા લોખંડનું ભારેખમ છ પાંખડાવાળું સાધન, એન્કર.* ***● ચકરી :*** *સુકાન ચલાવવાનું પૈડું, સ્ટેયરીંગ.* ***● સરંગ:*** *કપ્તાન પછીનો ખલાસી.* ***● પાંજરી :*** *સઢને ચડ-ઉતારનાર.* ***● હંજો :*** *તૈયાર સઢ.* ***● કૂવાસ્તંભ :*** *ખૂવો - જેમાં સઢ બંધાય છે તે ઊભો-જાડો થાંભલો.* ***● ધામણ :*** *સઢનો નીચેનો છેડો, જે સઢને ઢીલો કે તંગ કરી શકે.* ***● પરમણ :*** *જેમાં સઢ બાંધવામાં આવે છે તે આડો ધોક્કો.* ***● વાવડો :*** *ઝડપી પવન.* ***● આરિયા :*** *નીચે મૂકાવવું.* ***● તરાપો :*** *વાંસુઓ કે પાટીયાં વડે બનાવેલ સપાટ, તરતું વહાણ.*

***હરિનગર-૧, શીતલા રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.***
***મો. ૯૪૨૮૫ ૬૭૯૦૦***

## વિજેતાને પણ ‘હાર’ આપવામાં આવે છે

**(અનુસંધાન : પાના નં. – ૧૮ ઉપરથી ચાલુ)**

કલીંગના વિજેતા તરીકે ઓળખાવું એમને કષ્ટદાયક લાગ્યું.

સામાન્યતઃ સફળતામાં રાચનાર અને પોતાનું જ સુખ વિચારનાર માણસને બીજા વિશે વિચારવાની બહુ આદત હોતી નથી. માણસ જ્યારે સ્વકેન્દ્રી થઈ જાય છે ત્યારે તેને માત્ર પોતાનો જ વિચાર આવે છે અને સફળતાનો નશો એને આજુબાજુ જોવાનું ભૂલાવી દે છે. પણ ક્યારેક કોઈ ઘટના એવી બને છે કે એની આંખો ઉઘડી જાય છે અને તેને બીજાઓની તકલીફો દેખાય છે અને તેનો જીવવાનો અભિગમ બદલાઈ જાય છે. તે પોતાની સફળતા કે મહત્તાને બદલે બીજાને વધારે મહત્ત્વ આપવા લાગે છે. જો બાળકના ઉછેર વખતે અને નાની વયમાં તેને શિક્ષણ આપતી વખતે તેનો ઉછેર એવી રીતે કરવામાં આવે કે શરૂઆતથી બીજાની લાગણીને સ્વીકારતાં શીખે અને પોતે સફળ થાય છે તો એમાં બીજાનો પણ સહયોગ હોય છે એવું એને સમજાય તો વિજયનો આનંદ પણ એકલા માણવાને બદલે એને પોતાની સફળતામાં પણ બીજાને સહભાગી બનાવવાનું ગમશે. માણસ હોંશિયાર થાય તો એમાં એના માતા-પિતાનો, ગુરુજનો, મિત્રો બધાનો સહયોગ હોય છે. આ વાત એને સમજાશે તો એ નમ્ર બનશે અને પોતાની સિદ્ધિઓ કે સફળતામાં અન્યોને સ્વીકારશે અને એનાથી પાછળ રહી ગયેલાઓને પણ મહત્ત્વ આપશે અને કોઈનું અપમાન નહીં કરે.

*એક શ્લોક યાદ આવે છે :*

***વદનંપ્રસાદસદનં સદયં હૃદયં સુધામુચોવાચઃ ।***
***કરણં પરોપકરણં યેષાં કેષાં ન તે વંદ્યઃ ॥***

હંમેશાં ખુશ અને પ્રસન્ન ચહેરાવાળો, હૃદયમાં કરુણાથી ભરપૂર, મધુરવાણી બોલનાર અને પરોપકારી માણસ કોને ન ગમે?

માણસમાત્રની સફળતા કે સિદ્ધિની પાછળ માણસજાતે સદીઓથી કરેલા પુરુષાર્થ અને તપનું બળ હોય છે. આપણી જીવન જરૂરિયાતોને પહોંચી વળવા આપણા પૂર્વજોએ રાતદિવસ જોયા વિના કરેલ પ્રયત્નોને લીધે આજે આપણને બધું મળી રહે છે. પણ ધારો કે આપણે આપણા કપડાં માટે જાતે કપાસ વાવવું પડે અને કાપડ વણીને પોતાના કપડાં પણ પોતે સીવવા પડે, આ રીતે પોતાની બધી જરૂરિયાતો માટે પોતે જ બધું કામ કરવું પડે તો આપણી વ્યક્તિગત પ્રગતિ કેવી થાય?

કોઈ સ્પર્ધામાં વિજય મેળવવા પાછળ પણ મા-બાપ, શિક્ષકો, પ્રોત્સાહન આપનાર લોકો વગેરેનો સાથ હોય છે એ વિજેતાએ યાદ રાખવું જોઈએ. જીવનમાં મળતી સફળતાની પાછળ અનેક માનવ પેઢીઓનો પુરુષાર્થ રહેલો છે એ ન ભૂલવું જોઈએ. ■

***આ મંદિર-મસ્જિદ પણ કેવી ગજબની જગ્યા છે મિત્રો,***
***જ્યાં ગરીબ બહાર અને અમીર અંદર ભીખ માંગે છે.***

# લાખો મહિલાઓની પ્રેરણામૂર્તિ પદ્મશ્રી વુમન : સુધા મૂર્તિ

## એક અનોખું વ્યક્તિત્વ

દીપક જગતાપ

- ★ *ટાટા ગ્રુપની પ્રથમ મહિલા ઈજનેર, ઈન્ફોસિસ ફાઉન્ડેશનના અધ્યક્ષની સાથે સાથે સેવાના ઉમદા કામો કર્યા.*
- ★ *ઈજનેર, અધ્યાપિકા, લેખિકા, સામાજિક કાર્યકર્તા, શિક્ષક અને સેવાભાવી સમાજસેવિકા, દાતા સહિત અનેક ભૂમિકામાં સુધા મૂર્તિ સમાજનું ગૌરવ.*
- ★ *૭૦,૦૦૦ જેટલા પુસ્તકાલયો સ્થાપ્યા.*
- ★ *ગ્રામીણ વિસ્તારોમાં ૧૬,૦૦૦થી પણ વધુ જાહેર શૌચાલયો બનાવ્યા.*

હમણાં ટી.વી. પર કોમેડિયન કપીલ શર્માનો કોમેડી શો જોયો. એમાં ટાટા ગ્રુપની પ્રથમ મહિલા એન્જિનિયર બનનાર સફળ મહિલા સુધા મૂર્તિનો પ્રેરણાદાયક ઈન્ટરવ્યૂ મને સ્પર્શી ગયો. એક મહિલા સફળ ઈજનેર, અધ્યાપિકા, લેખિકા, સામાજિક કાર્યકર્તા, શિક્ષક અને સેવાભાવી સમાજસેવિકા, દાતા સહિત અનેક ભૂમિકામાં સુધા મૂર્તિએ મહિલા સમાજનું ગૌરવ વધાર્યું છે. જબરદસ્ત સેન્સ ઑફ હ્યુમર, સેવાની ઉદાત્ત ભાવના જેવા એક સામટા ગુણો ધરાવતા સુધા મૂર્તિ મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પુરવાર થયા છે. બહુ ઓછી મહિલાઓમાં આટલા બધા ગુણો હોય છે. સુધા મૂર્તિ એમાંના એક છે.

**એમનો પરિચય જોઈએ તો સુધા મૂર્તિએ તેમની વ્યવસાયીક કારકિર્દીની શરૂઆત કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરીંગમાં કરી હતી.** તે ઈન્ફોસીસ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને ગેટ્સ ફાઉન્ડેશનની જાહેર આરોગ્ય સંભાળની પહેલના સભ્ય છે. તેમણે અનેક અનાથાલયોની સ્થાપના કરી, ગ્રામીણ વિકાસના પ્રયત્નોમાં ભાગ લીધો. કર્ણાટકની તમામ સરકારી શાળાઓને કમ્પ્યુટર અને પુસ્તકાલયની સુવિધા પ્રદાન કરવાના આંદોલનને સમર્થન આપ્યું અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં 'ધ મૂર્તિ ક્લાસિકલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી. સુધા મૂર્તિએ કર્ણાટકની તમામ શાળાઓમાં કમ્પ્યુટર અને પુસ્તકાલયની સુવિધાઓ દાખલ કરવાનું એક સાહસિક કદમ ઉઠાવ્યું. તેમને ૧૯૯૫માં બેંગ્લોર ખાતે રોટરી ક્લબ દ્વારા 'બેસ્ટ ટીચર ઍવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુધા મૂર્તિ તેમના સામાજિક કાર્ય અને કન્નડ અને અંગ્રેજીમાં સાહિત્યમાં ફાળો આપવા માટે જાણીતા છે. 'ડોલર વહુ' – એ તેમની મૂળ કન્નડમાં લખાયેલી અને બાદમાં અંગ્રેજીમાં અનુવાદિત થયેલી લોકપ્રિય નવલકથા છે જે ૨૦૦૧માં જી-ટી.વી. દ્વારા એક ધારાવાહિકના રૂપમાં રજૂ કરવામાં આવી હતી. સુધા મૂર્તિએ મરાઠી ફિલ્મ 'પિતૃઋણ' અને કન્નડ ફિલ્મ 'પ્રાર્થના'માં પણ કામ કર્યું છે. તેઓ 'કૌન બનેગા કરોડપતિ'ની સીઝન-૧૧ માં પણ જોવા મળ્યા હતા.

સુધા મૂર્તિનો જન્મ એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનો ઉછેર તેમના માતા-પિતા તથા નાના-નાની દ્વારા કરવામાં આવ્યો હતો. મૂર્તિએ બી.વી.બી. કૉલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીમાંથી ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ વિષયમાં પ્રથમ સ્થાન મેળવી કર્ણાટકના મુખ્યમંત્રીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવ્યો. ઉપરાંત ભારતીય વિજ્ઞાન સંસ્થામાંથી કમ્પ્યુટર સાયન્સમાં અનુસ્નાતક અભ્યાસમાં પ્રથમ સ્થાન મેળવી ભારતીય ઈજનેરી સંસ્થામાંથી સુવર્ણ ચંદ્રક મેળવ્યો.

સુધા મૂર્તિ ભારતની સૌથી મોટી ઓટો ઉત્પાદક ટાટા એન્જિનિયરીંગ અને લોકોમોટીવ કંપની (ટેલ્કો) ખાતે પ્રથમ મહિલા એન્જિનિયર તરીકે પસંદગી પામ્યા. તેઓ કંપનીની પૂણે ખાતની ઓફિસમાં ડેવલપમેન્ટ એન્જિનિયર તરીકે જોડાયા. બાદમાં મુંબઈ અને જમશેદપુર ખાતે પણ કામ કર્યું. તેણે કંપનીના અધ્યક્ષને પોસ્ટકાર્ડ લખીને ટેલ્કો ખાતે લિંગભેદના પક્ષપાતની ફરિયાદ કરી હતી. પરિણામે, તેમને એક વિશેષ ઈન્ટરવ્યૂ દ્વારા નોકરીમાં લેવામાં આવ્યા. બાદમાં તેઓ પૂણે ખાતે વાલચંદ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં સિનિયર સિસ્ટમ્સ એનાલિસ્ટ તરીકે જોડાયા.

૧૯૯૬માં, તેમણે ઈન્ફોસીસ ફાઉન્ડેશનની શરૂઆત કરી અને આજ સુધી ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને બેંગ્લોર યુનિવર્સિટીના પીજી સેન્ટરમાં વિઝિટીંગ પ્રોફેસર રહી ચૂક્યા છે. તેમણે ક્રાઈસ્ટ યુનિવર્સિટી ખાતે પણ અધ્યાપન કાર્ય કર્યું હતું. તેમના ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે, જેમાંના બે પ્રવાસ, બે તકનીકી પુસ્તકો, છ નવલકથાઓ અને ત્રણ શૈક્ષણિક પુસ્તકો છે.

એન્જિનિયરીંગની તમામ શાખાઓની એમ.ટેક.માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ભારતના ભારતીય ઇજનેરોના ગોલ્ડ મેડલ, કર્ણાટકના મુખ્યમંત્રી દેવરાજ ઉર્સ તરફથી કર્ણાટકની તમામ યુનિવર્સિટીઓના એન્જિનિયરીંગના બી.ઈ.માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવા બદલ ગોલ્ડ મેડલ, એસ.એસ.એલ.સી.માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવા બદલ કેશ ઍવોર્ડ, કર્ણાટકની યુનિવર્સિટી પરીક્ષાઓમાં પ્રથમ સ્થાને રહેવા માટે સી.એસ. દેસાઇ ઇનામ, કર્ણાટકના ઉત્કૃષ્ટ એન્જિનિયરીંગ વિદ્યાર્થી હોવા બદલ કર્ણાટક સરકાર તરફથી યુવા સેવા વિભાગનું ઇનામ - ૧૯૯૫, રોટરી ક્લબ ઓફ બેંગ્લુરુ તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ, પબ્લિક રીલેશન સોસાયટી દ્વારા ઇન્ડિયા સામાજિક સેવા બદલ રાષ્ટ્રીય ઍવોર્ડ, કન્નડમાં તેના તકનિકી પુસ્તક માટે 'અત્તિમામ્બે' પુરસ્કાર, રોટરી દક્ષિણ હુબલી દ્વારા ઉત્તમ સમાજસેવા માટે ઍવોર્ડ, ૨૦૦૦માં સાહિત્ય અને સામાજિક કાર્ય ક્ષેત્રે સિધ્ધિ બદલ 'કર્ણાટક રાજ્યોત્સવ' વર્ષ ૨૦૦૦નો રાજ્ય પુરસ્કાર, વર્ષ ૨૦૦૦ માટે ઉત્તમ સામાજિક કાર્ય માટે 'ઓજસ્વિની' ઍવોર્ડ, 'મિલેનિયમ મહિલા શિરોમણિ' ઍવોર્ડ, ચેન્નાઇમાં શ્રી રાજા-લક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા ૨૦૦૪ રાજા-લક્ષ્મી ઍવોર્ડ, ૨૦૦૬માં સાહિત્યનો આર.કે. નારાયણ પુરસ્કાર, ૨૦૧૧માં મૂર્તિને ભારતના કાનૂની શિક્ષણના પ્રસાર અને શિષ્યવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે તેમના યોગદાન બદલ માનદ એલ.એલ.ડી. (ડૉક્ટર ઑફ લૉ)ની પદવીથી સન્માનિત કરાયા, ૨૦૧૩માં નારાયણ મૂર્તિ અને સુધા મૂર્તિને બાસવેશ્વરા મેડિકલ કોલેજ સભાગૃહમાં સમાજમાં ફાળો આપવા બદલ 'બસાવા શ્રી' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો. બાસવા શ્રી ઍવોર્ડમાં તક્તી અને રૂા. ૧ લાખનો ચેક આપવામાં આવ્યો છે. સુધા મૂર્તિએ ઍવોર્ડની રકમ અનાથાશ્રમને દાન કરી દીધી. ૨૦૧૮માં મૂર્તિને ક્રોસવર્ડ-રેમન્ડ બુક ઍવોર્ડ્સ પર લાઇફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ મળ્યો. ૨૦૧૯માં સુધા મૂર્તિને ટેલિવિઝન તરફથી 'હેમ્મેયા કન્નડિગા' ઍવોર્ડ મળ્યો. ૨૦૧૯માં આઈ.આઈ.ટી. કાનપુર દ્વારા તેમને ડૉક્ટર ઓફ સાયન્સની પદવી એનાયત કરાઈ.

ભારત સરકાર દ્વારા તેમને ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક ઍવોર્ડ ''પદ્મશ્રી'' એનાયત કરવામાં આવ્યો છે. આટલા બધા ઍવોર્ડ અને ઉચ્ચ સન્માન મેળવનાર પહેલી ભારતીય મહિલા કહી શકાય.

**સુધા મૂર્તિએ પૂણેના ટેલ્કોમાં એન્જિનિયર તરીકે નોકરી કરતી વખતે એન.આર. નારાયણ મૂર્તિ સાથે લગ્ન કર્યા હતા.** દંપતીને અક્ષતા અને રોહન નામના બે બાળકો છે. **પુત્રી અક્ષતાએ બ્રિટીશ ભારતીય સ્ટેનફોર્ડના તેના ક્લાસમેટ ઋષિ સુનક સાથે લગ્ન કર્યા. બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક સુધા મૂર્તિના જમાઈ થાય.** તે યુ.કે.માં ચેરીટીમાં સામેલ હેજ-ફંડમાં ભાગીદાર છે.

મૂર્તિની ઈન્ફોસીસ ફાઉન્ડેશન એક સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ છે. જેની સ્થાપના ૧૯૯૬માં કરવામાં આવી હતી અને મૂર્તિ ટ્રસ્ટીઓમાંના એક છે. ફાઉન્ડેશન દ્વારા તેમણે પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૨૩૦૦ મકાનો બનાવ્યા છે. મૂર્તિના સામાજિક કાર્યોમાં આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, જાહેર આરોગ્ય, કલા અને સંસ્કૃતિ અને તળિયા સ્તરે ગરીબી નિવારણ આવરી લેવામાં આવ્યા છે. દરેક શાળા માટે પુસ્તકાલયની તેમની દીર્ઘ દૃષ્ટિને પરિણામે અત્યાર સુધીમાં ૭૦,૦૦૦ પુસ્તકાલયો સ્થાપવામાં આવ્યા છે. ઉપરાંત બેગલુરુ શહેરમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ૧૬૦૦૦થી પણ વધુ જાહેર શૌચાલયો બનાવવા મદદ કરી છે. તમિલનાડુ અને આંદામાનમાં સુનામી, કચ્છ - ગુજરાતનો ભૂકંપ, ઓરીસ્સા, આંધ્રપ્રદેશમાં વાવાઝોડા અને પૂર અને કર્ણાટક અને મહારાષ્ટ્રમાં દુષ્કાળ જેવી રાષ્ટ્રીય કુદરતી આફતો સમયે પણ રાહત સામગ્રી પૂરી પાડી છે. સુધા મૂર્તિએ જણાવ્યું કે તે અને તેમના પતિ નારાયણ મૂર્તિ (ઇન્ફોસીસના સહ સ્થાપક) કંપની શરૂ કર્યાના ૩૦ વર્ષ સુધી ક્યારેય રજા લીધી નથી. તેમણે જણાવ્યું કે મારા પતિ હંમેશાં કામ કરતા રહ્યાં છે. નારાયણ મૂર્તિ વર્ષમાં ૨૨૦ દિવસ ટૂર પર રહેતા હતા.

સુધા મૂર્તિએ કહ્યું કે, નારાયણ મૂર્તિએ ૧૯૮૧માં ઇન્ફોસિસની શરૂઆત કરી હતી. આ પછી તે પોતાના કામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત થઈ ગયા હતા. ઘરની સમગ્ર જવાબદારી સુધા મૂર્તિના માથે આવી ગઇ હતી. સુધા મૂર્તિએ કહ્યું, ''અમે ઇન્ફોસિસ શરૂ કર્યા પછી ૩૦ વર્ષ સુધી અમે ક્યારેય વેકેશન પર જઇ શક્યા નહોતા કારણકે નારાયણ મૂર્તિ હંમેશાં કામમાં વ્યસ્ત રહેતા હતા. તેઓ વર્ષમાં ૨૨૦ દિવસ ટૂર પર રહેતા હતા. મેં તેમની પાસેથી ક્યારેય કંઈ અપેક્ષા રાખી નથી. મેં બાળકોને ઉછેર્યા. તે ઘર વિશે કંઈ જાણતા નહોતા. જ્યારે અમારા બાળકો બહાર ગયા ત્યારે નારાયણ મૂર્તિને સમજાયું કે મેં તેમને કેટલો સાથ આપ્યો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૯ ઉપર)**

# કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિનું ગૌરવ :
# ડૉ. સીમા તરલ ગાલા

## બહુ આયામી વ્યક્તિત્વ!



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ



ડૉ. સીમા તરલ ગાલા

કર્ણાટક રાજ્યના બેલ્લારી શહેરમાં ઇ.સ. ૧૯૭૩માં કચ્છ ગામ વિઝાણના શ્રી વિશનજીભાઈ ગડા તથા દક્ષાબેનના ઘરે સીમાનો જન્મ થયો. બાળપણથી જ તેઓ પોતાના શાળાના અભ્યાસ સાથે, રમતગમત, ધાર્મિક અને રાજકીય પ્રવૃત્તિઓ પ્રત્યે એક અનેરું આકર્ષણ ધરાવતા હતા.

તેમણે ૯ વર્ષની વયે કરાટેનું શિક્ષણ લઇ બ્લ્યુ બેલ્ટ મેળવી લીધો. ૧૦ વર્ષે ટ્રાફિક કન્ટ્રોલ ટ્રેનિંગ કેમ્પમાં જોડાયા અને ૧૨ વર્ષની વયે NCC સાથે જોડાઈને પોતાના જીવનને શિસ્તબદ્ધ બનાવ્યું. ભારતીય રાઈફલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લઇને રાજ્ય કક્ષાએ તથા કેન્દ્ર કક્ષાએ ગોલ્ડ, સિલ્વર તથા બ્રોન્ઝ મેડલો મેળવ્યા. કેન્દ્ર સરકાર દ્વારા "Renowned Shot"નું ટાઈટલ તથા મહારાષ્ટ્ર સરકાર દ્વારા "તામ્ર પત્ર" આપીને બહુમાન થયું.

શાળા પૂર્ણ કરી, કૉલેજના શિક્ષણ માટે ૧૯૮૭માં મુંબઈ આવ્યા. કોલેજ અભ્યાસ દરમિયાન દેવપુરના તરલ ભાઈલાલ ગાલા સાથે, ૧૯૯૩માં લગ્નગ્રંથિથી જોડાયા. લગ્નજીવમાં પણ અભ્યાસ કરી પોલિટીકલ સાયન્સ સાથે BA તથા જૈન ફિલોસોફી સાથે MA સુધીની પરીક્ષાઓ પાસ કરી. ૧૯૯૬માં પુત્રના જન્મ બાદ, પતિના ધંધાર્થે, ૧૯૯૮માં મુંબઈથી વાપી સ્થળાંતર કર્યું. પુત્રના ઉછેર માટે ૭ વર્ષ ગૃહિણી બની રહ્યા. બાદ, ૨૦૦૩માં CBSE ના વિદ્યાર્થીઓ માટે પોતાનો કોચીંગ ક્લાસ શરૂ કર્યા.

વાપીની રોટરી ક્લબ તરફથી, અમેરિકાના નોર્થ કેરોલિના પ્રાંત માટે ગ્રુપ સ્ટડી એક્સચેન્જ પ્રોગ્રામના સદસ્ય તરીકે ચૂંટાઈ, એક મહિનાની ટુરમાં ત્યાંની ૫૬ ક્લબની મુલાકાત લીધી.

પોલિટીકલ સાયન્સના અભ્યાસના લીધે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ દેશસેવા કરવાની ઇચ્છાથી ૨૦૧૬માં વાપીની નગર પાલિકાની ચૂંટણી લડ્યા, જીત્યા અને મ્યુનિસિપલ કાઉન્સિલર બની, સ્ટેન્ડિંગ કમિટી તેમજ આરોગ્ય કમિટિના સભ્ય રહી લોકસેવામાં કાર્યરત રહ્યા.

૨૦૨૧થી વલસાડ જિલ્લાના ટ્રાફિક કંટ્રોલ બોર્ડના સભ્ય સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે.

પિસ્તોલ રાખવાનો સરકારી પરવાનો તેઓ ધરાવે છે.

૨૦૧૯થી તેઓ ભારતીય પ્લેનેટરી સોસાયટીના માનનીય સભ્ય છે.

તેમણે સાંકેતિક ભાષાનો અભ્યાસ કરી, ૧૦મા ધોરણના મૂક બધિર વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી મનોવિકાસ સંસ્થા દેગામમાં વિના મૂલ્યે શિક્ષણ આપ્યું છે.

સીમાબેન 'ઓલ ઇન્ડિયા શા બેહરામ બાગ સોસાયટી' જે વિજ્ઞાન અને શિક્ષણના સંશોધન કાર્ય કરતી એક એન.જી.ઓ. છે, તેના સભ્ય છે.

૨૦૧૯માં તેઓએ જૈન અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીના જીવન પર થીસીસ લખી Ph.D. કરી ડૉક્ટરેટની પદવી મેળવી.

તેઓ અંગ્રેજી, હિંદી, ગુજરાતી, મરાઠી, કન્નડ અને તેલુગુ ભાષાઓ પર સારું પ્રભુત્વ ધરાવે છે. હાલમાં તેઓ સંસ્કૃત, પ્રાકૃત ભાષા અને બ્રાહ્મી લિપિનો અભ્યાસ કરી રહ્યા છે.

તેઓ ૨૦૧૯માં United Nations Headquarters New York માં UNCSW – 63 ના ન્યુયોર્ક સંમેલનમાં ભારત દેશના પ્રતિનિધિ તરીકે આમંત્રિત હતા. ત્યાં તેમણે 'ભારતીય નારીની રાજકીય સ્થિતિ' અને 'મહિલાઓની માનસિક સ્થિતિ' વિશે પત્રો પ્રસ્તુત કર્યા. ૨૦૨૧માં તેઓ ફરીથી United Nations UNCSW - ૬૬માં, કોરોનાને

લીધે અમેરિકા જઈ ન શક્યા. તેથી તેમણે ઓનલાઇન કોન્ફરન્સથી પત્ર રજૂ કર્યો, જે બંને સંમેલનમાં ખૂબ પ્રશંસા પામ્યા.

માર્ચ ૨૦૨૩માં તેઓ અમેરિકામાં યોજાયેલ United Nations Headquarters New York માં UNCSW-67 ના સંમેલનમાં ખાસ આમંત્રિત ભારતીય સભ્ય તરીકે હાજર રહ્યા હતા.

જી-૨૦ સમિટની એપ્રિલ-૨૦૨૩ના તીરુવનંતપુરમ ખાતેની એમ્પાવર સમિટમાં ખાસ આમંત્રિત તરીકે હાજરી આપી તેમજ ૧ થી ૪ ઓગસ્ટ ૨૦૨૩માં ગાંધીનગર ખાતેની મિનિસ્ટેરીયલ કોન્ફરન્સમાં પણ હાજર રહ્યા હતા.

હાલ તેઓ વાપીની ગોયમ જૈન સંસ્કાર વાટીકાના માનનીય પ્રિન્સિપાલ તરીકે જૈન ફિલોસોફીના ક્લાસ લઇ સેવા આપી રહ્યા છે.

સંક્ષિપ્તમાં, ડૉ. સીમાબેને ૫૦ વર્ષની વયમાં ઘણી બધી ઉલ્લેખનીય સિદ્ધિઓ હાંસલ કરી છે. જેમ કે...

★ અનુસ્નાતક
★ ડૉક્ટરેટ મેળવનાર,
★ કરાટે ચેમ્પ
★ NCC કેડેટ
★ રાઈફલ શૂટર, પિસ્તોલ ધારક
★ ટ્રાફિક કન્ટ્રોલર
★ પ્લેનેટરી સલાહકાર
★ UNCSW પોઈન્ટર
★ G-20 સમિટ સલાહકાર
★ જૈન ફિલોસોફર
★ રાજકારણી
★ સાંકેતિક ભાષાના જાણકાર
★ બેહરામ બાગ સોસાયટી સભ્ય

જૈન તથા નોન જૈન વિદ્યાર્થીઓ તથા પ.પૂ. સાધુ/સાધ્વી ભગવંતોને Ph.D. ભણવા માટેનું સંપૂર્ણ માર્ગદર્શન ઓનલાઈન વિના મૂલ્યે આપે છે.

આ છે હસમુખ, માનનીય, બહુ આયામી, સદા મદદરૂપ અને જીવનથી ભરપૂર એક જાજરમાન વ્યક્તિત્વ.... ડૉ. સીમા તરલ ગાલા... ગૌરવશાળી મહિલા.

*સંપર્ક : ૯૮૨૪૧ ७૬૧૬७, ૯૪૨७૬ ૬૮૦૪૨*
*ઈ-મેઈલ : seemagala999@gmail.com*

## ઐતિહાસિક ભુજીયા પર સ્થિત : સ્મૃતિવન મેમોરીયલ

**(અનુસંધાન : પાના નં. – ૧૧ ઉપરથી ચાલુ)**

ખાસ રહ્યો હતો જે સંસ્કૃતમાં પ્રાપ્ત થયો હતો. થોડા સમય પહેલા જૈન સાધુઓએ મ્યુઝીયમની મુલાકાત લીધી હતી જેમણે સંવેદના રજૂ કરતાં આ આધુનિક સંગમની સહર્ષ મુલાકાત કર્યા બાદ પ્રતિભાવ સંસ્કૃતમાં લખી આપ્યો હતો.

મ્યુઝીયમમાં હાલ ડાયરેક્ટર તરીકે શ્રી મનોજ પાંડે ફરજનિષ્ઠ છે. છેલ્લાં એક વર્ષના તેમના અનુભવો છે કે, એક દિવસમાં અઢી હજાર મુલાકાતીઓને આ મ્યુઝીયમ દેખાડવાનો રેકોર્ડ અમે બનાવ્યો છે. મ્યુઝીયમની દરેક ગેલેરી એક અનન્ય, શૈક્ષણિક અને અરસપરસનો અનુભવ પ્રદાન કરે છે, જે તમને પુનર્જન્મ અને ટકાઉપણાની નોંધપાત્ર મુસાફરીના સાક્ષી બનવા આમંત્રણ આપે છે. સાચું કહું તો અહીં આવવા પહેલા હું અમદાવાદ ક્યુરેટર તરીકે ફરજ બજાવતો હતો અને આ ઑફર માટે સૌપ્રથમ મેં નીરસતા દાખવી હતી, જો પાછળથી તેને સ્વીકારી હોત તો એ મારા જીવનની મોટી ભૂલ હોત. ભાવિ આયોજનો વિશે પાંડેજી જણાવે છે કે, 'દિવંગતના પરિવારવાળા પૂછે તો નિશ્ચિત ચેકડેમ તરફ જવાનો રસ્તો બતાવી શકાય તે માટે દિશા નિર્દેશનની યાદી તૈયાર કરવામાં આવી રહી છે તથા ભુજિયાના બાકીના વિસ્તારોના વિકાસ માટેનું પ્લાનિંગ કરાશે.'

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ*
*ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫७ ૯૨૦૪૮*

## પદ્મશ્રી વુમન : સુધા મૂર્તિ

**(અનુસંધાન : પાના નં. – ૨७ ઉપરથી ચાલુ)**

તમને જાણીને નવાઈ લાગશે કે સુધા મૂર્તિએ ૨૪ વર્ષથી એક પણ સાડી ખરીદી નથી. એનું કારણ જણાવતા કહે છે કે ઈન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુધા મૂર્તિને સાડી ન ખરીદવા પાછળ એક નક્કર કારણ છે. પી.ટી.આઈ.ના અહેવાલ મુજબ, તેમણે છેલ્લે ૨૪ વર્ષ પહેલા કાશી જતા પહેલાં સાડી ખરીદી હતી. તેમણે કહ્યું હતું કે, જ્યારે તમે કાશી જાઓ છો ત્યારે તમારે તે વસ્તુ છોડી દેવી પડશે જે તમને સૌથી વધુ આનંદ આપે છે. તેથી તેમણે ખરીદી કરવાનું બંધ કરી દીધું, ખાસ કરીને સાડીઓ! હવે તે માત્ર જરૂરી વસ્તુઓ જ ખરીદે છે. તેણીએ કહ્યું કે તે સૌથી વધુ પુસ્તકો ખરીદે છે અને જરૂરી વસ્તુઓની ખરીદી કરે છે. તેમની પાસે ૨૦ હજારથી વધુ પુસ્તકો છે. સુધા મૂર્તિ તેમની બહેન, પરિવારના સભ્યો અને મિત્રો દ્વારા તેમને ભેટમાં આપેલી સાડી પહેરે છે.

*સંતોષ ચાર રસ્તા, રાજપીપળા-૩૯૩ ૧૪૫. જિ. નર્મદા.*
*મો. ૯૯૯૮૭ ૯૬૫૨७*

# બીજા વિશ્વયુદ્ધમાં લડાઈ લડનાર સામખિયાળીના કચ્છી સૈનિકની કથા



વસંત ઉમરશી મારૂ

દહીંસર વાગડ સોશિયલ ગ્રુપના પચ્ચીસમા વર્ષની ઉજવણી પ્રસંગે શાંતિભાઈ ગડા અને પ્રવીણભાઈ છેડા દ્વારા મને વાગડના ઈતિહાસ ઉપર ભવ્ય નાટક બનાવવા બોલાવવામાં આવેલો. નાટક અદ્‌ભુત બન્યું પણ સાથે બીજી એક અદ્‌ભુત ઘટના પણ બની. નાટકમાં ભાગ લેનાર યુવાન કલાકાર રાજન છાડવા અને તેના મમ્મી ભાવનાબેન છાડવાએ મને એક પુસ્તક ભેટ આપ્યું. એ પુસ્તક વાંચીને રૂંવાડા ઊભા થઈ ગયા. **એ પુસ્તક લખ્યું હતું સ્વ. આસધીર પુનશી ગડાએ. ભાવનાબેનના પિતા આસધીરભાઈની આત્મકથાનું પુસ્તક હતું.**

કચ્છ વાગડના સામખિયાળી ગામમાં જન્મેલા આસધીરભાઈના પિતા પુનશીભાઈ ગામના પટેલનો દરજ્જો ભોગવતા હતા. કારમી ગરીબીમાં પણ પરગજુપણું દાખવવું એ પુનશી બાપાનો ગુણ હતો. પુનશી બાપા ખેડૂત હતા, પણ વારંવાર પડતા દુષ્કાળને કારણે ખેતીની ઉપજ ન જેવી હતી. ત્રણ દીકરા અને ત્રણ દીકરી સાથેના કુટુંબને નિભાવવા ખાણમાંથી પથ્થર કાઢવાની મજૂરી કરતા. આસધીરભાઈએ પિતાના જીવનનો સંઘર્ષ જોયો હતો. એટલે ભણતરનું મહત્ત્વ સમજી ગયા હોવાથી માતા-પિતાની રજા લઈ દરિયા વાટે મુંબઈ આવ્યા અને માટુંગા બોર્ડિંગમાં દાખલ થયા.

**આ માટુંગા બોર્ડિંગની શરૂઆત એ જમાનામાં મુંબઈ કોંગ્રેસના ખજાનચી અને ગાંધીજીના અંતેવાસી વેલજી લખમશી નપુ (કચ્છી સમાજના પ્રથમ બેરિસ્ટર)એ કરી હતી.** એ સમયે કચ્છમાં ભણતર માટેની સગવડો ઓછી હતી. બાળકોનાં મા-બાપ ખેતીકામ કે મજૂરીમાં રચ્યાપચ્યા રહેતા એટલે બાળકો ગામમાં આમતેમ ભટક્યા કરતા. વેલજીબાપા જાતે ગામડાંઓમાં જઇ આવા બાળકોના વાલીઓને ભણતરનું મહત્ત્વ સમજાવી, બાળકોને મુંબઈની માટુંગા બોર્ડિંગમાં દાખલ કરવા સમજાવતા અને જાતે દેખરેખ કરી બાળકોનું ઘડતર કરતા. આજે મોટી મોટી હસ્તીઓએ આ માટુંગા બોર્ડિંગ અને સોનગઢ બોર્ડિંગમાં રહીને અભ્યાસ કરી જીવનમાં ઘણી પ્રગતિ કરી છે. આ બંને બોર્ડિંગમાં ભણેલા સજ્જનો આજે દેશ-વિદેશમાં ફેલાયેલા છે, પણ પોતાની માતૃસંસ્થાને હજી પણ તીર્થભૂમિ તરીકે પૂજે છે. એવી માટુંગા બોર્ડિંગમાં આસધીરભાઈનું ઘડતર થયું અને સ્વપ્નોને નવી પાંખ મળી.

શાળાનું શિક્ષણ પૂરું થતાં આસધીરભાઈને વિલ્સન કોલેજ જેવી પ્રખ્યાત કોલેજમાં એડમિશન મળ્યું. ઈન્ટર સુધી ભણ્યા. સાહસ આસધીરભાઈના લોહીમાં વહેતું થયું એટલે અજાણ્યા અણઓળખીતા આફ્રિકામાં જઈ પોતાની સાહસવૃત્તિ સંતોષવાનું નક્કી કર્યું. એ સમયે ભારત અને આફ્રિકા પર બ્રિટીશરોનું રાજ હતું એટલે વિઝા આદિ માટે ખાશ મુશ્કેલી પડી નહીં. **કહેવાય છે કે એ સમયે કચ્છથી મુંબઈ આવવા સ્ટીમરમાં પ્રવાસ કરવો પડતો અને સ્ટીમરની ટિકિટ હતી પાંચ રૂપિયા.**

એ એવો સમય હતો કે પાંચ ધોરણ ભણેલો માણસ ભણેલોગણેલો મનાતો ત્યારે ઈન્ટર સુધી ભણેલા આસધીરભાઈ દરિયાઈ પ્રવાસ કરી દસ દિવસે ભારે મુશ્કેલીઓ વેઠી મોમ્બાસા પહોંચ્યા. એ ભીષણ મંદીનો સમય હતો. આફ્રિકા પણ મંદીનો શિકાર બન્યો હતો. એટલે શરૂઆતમાં પાંચ-છ મહિના બેકાર રહ્યા પછી પહેલા એક ફોટો સ્ટુડિયોમાં નોકરી મળી. પછી એક ડૉક્ટરને ત્યાં કમ્પાઉન્ડર તરીકે, પછી એક વિદેશી કંપનીમાં નામુ લખવાનું કામ મળ્યું. પણ ક્યાંય જોબ સેટીસફેક્શન મળતું ન હતું કારણકે સાહસ, રોમાંચ મળે એવા કામોમાં તેમને વધુ રસ હતો અને રોમાંચિત થઈ જવાય એવા કામનો અવસર આવી પહોંચ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને લશ્કરમાં ભરતી શરૂ થઈ. એવા એક ભરતી સેન્ટરમાં આસધીરભાઈ પહોંચી ગયા. પણ ઉંમર એક વર્ષ નાની હતી એટલે લશ્કરમાં ભરતી ન થઈ શક્યા. એક મહિના પછી બીજા એક સેન્ટરમાં ઉંમરનું ખોટું સર્ટીફિકેટ આપી લશ્કરમાં દાખલ થઈ ગયા અને શરૂ થઈ લશ્કરની કડક તાલીમ. છ મહિનાની લશ્કરી ટ્રેનિંગ માત્ર ત્રણ મહિનામાં પૂરી કરી. આસધીરભાઈને એ સમયે ગુજરાતી, અંગ્રેજી ઉપરાંત ફ્રેન્ચ, જર્મન ભાષા ઉપર ગજબનો કાબૂ હતો. પરિણામે શરૂઆતથી જ પાંચસો પગાર નક્કી થયો અને **સોમાલિયા તરફથી બ્રિટીશ લશ્કર સાથે**

**ઇટલી સામે લડવા રવાના થયા.** શરૂઆતમાં લડાઇનાં શસ્ત્રો, દારૂગોળો, ખાદ્ય પુરવઠાની ફરજ સોંપવામાં આવી. ધીરે ધીરે એક સારા નિશાનબાજ તરીકે લશ્કરમાં પ્રખ્યાત થઈ ગયા. એક વાર ટુકડીની સલામતી ખાતર એક જ ગોળીથી નર અને માદા દીપડાને વિંધી નાખી લશ્કરના કેપ્ટન મિસ્ટર નોર્થનો વિશ્વાસ જીતી લીધો. વિશ્વયુદ્ધ વખતે આફ્રિકાના જંગલમાં કેપ્ટન ટેઈલરની ટુકડી સાથે ત્યાંના મહાવિકરાળ ડાકુઓની ટોળીને ઝબ્બે કરવા સહિતનાં અનેક પરાક્રમો કર્યા. નાઈરોબીથી હજાર માઈલ દૂર ડાંટે નામના સ્થળે બ્રિટનના દુશ્મન ઈટાલિયન અને જર્મન કેદીઓ સાથે વાતચીત કરવા જર્મન અને ઈટાલિયન ભાષાના જાણકાર સૈનિકની જરૂર હતી ત્યાં આસધીરભાઈને વાતચીત કરવા માટે મોકલવામાં આવ્યા, કારણકે તેમને એ ભાષાનું જબરું જ્ઞાન હતું. એક વાર તો પુરવઠો પહોંચાડવા નીકળ્યા. રાતના આઠ વાગે શાકાહારી સૈનિકો અલગ ભોજન લઈ આરામ કરી રહ્યા હતા. મૂળ કેમ્પની જાણ દુશ્મનોને થઈ જતાં ત્યાં બોમ્બમારો થયો. ૭૭ ગાડીઓ, ૧૫૪ ડ્રાઈવરો, ૨૨૫ બ્રિટીશ જવાનોનો ખુરદો બોલાઈ ગયો. ચારેબાજુ લોહીની નદી વહેવા લાગી. પણ શાકાહારને કારણે આઠ જવાનો દૂર સૂતા હોવાથી બચી ગયા. એમાં આસધીરભાઈ પણ હતા.

**૧૯૪૧માં ઇટલીનું પતન થતાં સોમાલિયા પર બ્રિટનનો કબજો આવી ગયો અને આસધીરભાઈની પોલીસ હેડ ઓફિસમાં હેડ ક્લર્ક તરીકે નિમણુંક થઈ. ૧૯૪૪માં સી.આઈ.ડી., સિક્યોરીટી, ઇમિગ્રેશન અને પાસપોર્ટ તથા કસ્ટમ – એમ ચાર ખાતાના હેડ તરીકે નિમણુંક થઈ.** અમેરિકા, બ્રિટન, ચીન અને રશિયા તરફથી તેમને માન્યતા મળી. આમ, આસધીરભાઈ એક સાથે ચાર ડિપાર્ટમેન્ટનાં હેડ બન્યા. કુલ અઢાર વર્ષ આફ્રિકામાં સરકાર અને લશ્કરની સેવામાં રહ્યા. પણ સોમાલિયામાં સત્તાપલટો થતાં કેનિયા પાછા આવી ગયા અને સરકારી નોકરીને બદલે પોતાની દુકાન શરૂ કરી.

એ સમયે ભારત, કેન્યા, સોમાલિયા પર અંગ્રેજોનું રાજ હતું. આપણો દેશ સ્વતંત્ર થાય એવી ભાવના તેમના દિલમાં ભરેલી હતી. પરિણામે માઉ-માઉ નામના સંગઠનમાં જોડાયા. માઉ-માઉ સંગઠન સશસ્ત્ર ક્રાંતિકારીઓથી બનેલું હતું. આસધીરભાઈ પોતાની જૂની ઓળખાણો અને વડાથી ક્રાંતિકારીઓને શસ્ત્રોના લાઈસન્સ અને ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવવાનું કાર્ય કરતા. આ વાતની જાણ સરકારને થતાં રાતોરાત તેમને નાઈરોબી છોડી ભારત પરત આવવું પડ્યું. બધી જ મિલ્કત નાઈરોબીમાં મૂકી માત્ર ચારસો પચ્ચીસ સીલિંગ સાથે ભાગ્યા. પાછળથી પત્ની પુષ્પાબેન ભારત પરત આવ્યા.

આફ્રિકા ગયા પછી માત્ર એકવાર લગ્ન કરવા ભારત આવેલા અને સામખિયાળીના જ પુષ્પાબેન સાથે તેમના લગ્ન થયા. તરત જ એમને આફ્રિકા લઈ ગયા. પુષ્પાબેન ભણ્યા નહોતા એટલે આફ્રિકા લઈ જઈ ઇંગ્લીશ અને આફ્રિકન માધ્યમમાં ભણાવી આસધીરભાઈ વૈદુ પણ શીખ્યા. આફ્રિકાના એક ડૉક્ટરે પુષ્પાબેનને સંતાન નહીં થાય એવું નિદાન કરેલું પણ આસધીરભાઈએ આયુર્વેદનો અભ્યાસ કરી પુષ્પાબેનની ટ્રીટમેન્ટ કરી. પરિણામે સંતાનોનો જન્મ થયો.

આફ્રિકાથી આવીને સામખિયાળીમાં ખેતી શરૂ કરી. ક્યાં આફ્રિકામાં ઑફિસર અને ક્યાં કચ્છના ખેડૂત! ખેતીકામમાં સંતોષ ન થતાં આસધીરભાઈ મુંબઈ આવ્યા.

શરૂઆતમાં છાપાનું વિતરણનું કાર્ય કર્યું. પછી ઇન્સ્યોરન્સ એજન્ટ બની સફળતા મેળવી. પણ મુંબઈનું વાતાવરણ શરીરને માફક ન આવતાં સામખિયાળી પરત આવ્યા.

લશ્કરી સૈનિક, ગવર્નમેન્ટ ઓફિસર, ખેડૂત, ઇન્સ્યોરન્સ એજન્ટ – આ બધા જ કામો નિરપેક્ષ ભાવે કર્યા. ઘણીબધી ભાષાઓ પર તેમની પકડને કારણે તેમના લખાણથી પ્રભાવિત થઈ ભચાઉના ડેપ્યુટી કલેક્ટરે તેમને પિટિશન રાઈટર તરીકે લાઈસન્સ આપ્યું. એગ્રીમેન્ટ, પિટીશન, ખત ઇત્યાદિ લખાણ દ્વારા આખા કચ્છ વાગડમાં ખ્યાતિ પ્રાપ્ત કરી અને આર્થિક સધ્ધરતા મેળવી.

**લોકોએ આસધીરભાઈને તેમની ૬૮ વર્ષની ઉંમરે ક્રિકેટ રમતા જોયા છે.** જરૂરિયાતમંદને ગુપ્ત દાન કરતા જાણ્યા છે. જબરદસ્ત હિંમત અને સ્વપ્નદૃષ્ટા તરીકે જાણ્યા છે. કચ્છના ધરતીકંપ વખતે તેમના દીકરા વિપુલ સાથે સામખિયાળીમાં રહેતા હતા. ધરતીકંપની ખાનાખરાબી જોઈ દીકરાને કહ્યું હતું કે, દસ વર્ષની લશ્કરની નોકરીમાં કે બીજા વિશ્વયુદ્ધથી વધુ ભીષણ નુકસાન આ ધરતીકંપે કર્યું છે. ૮૬ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. તેમના દીકરા વિપુલભાઈ, ભરતભાઈ, પૌત્ર મિહિર અને દીકરી ભાવનાબેન સાથે વાતચીત અને તેમના પુસ્તકમાંથી પ્રેરિત થઈ આ ઓછા પ્રસિદ્ધ કચ્છી મહા માનવનો ટૂંકો પરિચય આપવા ધનભાગ્ય બન્યો છું. એ બદલ 'મિડ-ડે' અને કચ્છ કોર્નરનો આભાર માનું છું. 'મિડ-ડે'માં મારા લખાણો માટે ખૂબ અભિનંદન મળ્યા એ બદલ વાચકરાજાનો આભાર માનું છું.

*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*

# મારા જેલવાસના સંસ્મરણો (ઇમરજન્સીમાં)
## કોમલભાઈ છેડાની વિતક કથા



વસંત ઉમરશી મારૂ

હું કોમલ રવજી છેડા, ગામ બીદડા. વર્ષો પહેલાની વાત છે... અંગ્રેજોએ દેશને ગુલામીની ઝંઝીરોમાં જકડી લીધેલું. એ તો પરદેશી હતા પણ આ દેશના વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ દેશમાં ઈમરજન્સી લાદીને દેશને બીજીવાર ગુલામ બનાવવાની ચેષ્ટા કરી હતી.

આજના યંગસ્ટર્સને ઈંદિરા ગાંધીની ઈમરજન્સી કેવી બિહામણી હતી એનો અંદાજ નહીં હોય કારણકે ત્યારે ટી.વી. ચેનલ્સ નો'તી પણ અખબાર એ જ માત્ર ખબરોનું માધ્યમ હતું.

પણ ઈંદિરા ગાંધીએ કડક સેન્સરશિપ લાદી અખબારોના અવાજને દાબી દીધો. સરકારી અધિકારીઓ એક એક સમાચાર વાંચ્યા પછી જ એમની રજાથી સમાચાર છપાતા. રેડિયો પર પણ ઈંદિરા ગાંધીને ગમે એવા જ સમાચાર આવતા.

યુવાનોને પકડી પકડી જબરદસ્તીથી કુટુંબ નિયોજનના ઑપરેશનો કરી નાખવામાં આવતા. મિસા નામનો કાળો કાયદો અમલમાં આવ્યો હતો.

આ મિસાના કાયદાનો ચિક્કાર દુરુપયોગ થયો. આ કાયદા હેઠળ પકડાયેલા લોકોને કોર્ટમાં જવાનો અધિકાર નો'તો. મિસા હેઠળ પકડાયેલા લોકોને જેલમાં નાંખી અત્યાચારો થતા. એ રીતે આખા દેશમાંથી ઈંદિરા ગાંધીના વિરોધીઓને ખતમ કરી નાખવાની ઝુંબેશ ચાલેલી.

મિસાના કાયદા હેઠળ રસ્તે ચાલતા લોકોને રાષ્ટ્ર વિરોધી બતાવી, જેલની અંધેરી કોટડીમાં ધકેલી દેવાતા. એમની પ્રોપર્ટી જપ્ત કરી લેવાતી. મિસાના કાયદાનો ડર બતાવી નેતાઓ, અધિકારીઓ અને પોલીસ દ્વારા પૈસા પડાવવાની અનેક ઘટનાઓ આકાર પામી. આખા દેશમાં જંગલ રાજ ઊભું થઈ ગયું.

કટોકટી ઉર્ફે ઈમરજન્સી સામે અવાજ ઉઠાવનાર દેશભરમાં એકાદ લાખ નેતાઓને મિસાના કાયદા હેઠળ જેલમાં નાખી દેવાયા. એમાં હું પણ હતો...!

હું RSS નો એક સક્રિય યુવા કાર્યકર. મધ્ય પ્રદેશના કરેલી શહેરની નગર પાલિકાનો ઉપાધ્યક્ષ (ઉપ મેયર) હતો. RSS ના કાર્યકર તરીકે કરેલી શહેરથી લઇ જબલપુર સુધી મારું નામ ગુંજવા લાગ્યું હતું. ત્યારે હું બાવીસ વર્ષનો હતો. એક કચ્છી માડુ મધ્યપ્રદેશમાં રાજકીય રીતે નામ કાઢે, હિંદી પત્રકાર તથા જનસેવક બની લોકોના દુઃખ દૂર કરે એ વાત એ સમયમાં કદાચ કોઈ વિચારી નો'તું શકતું.

ઈમરજન્સીમાં પત્રકાર અને રાજકીય કાર્યકર તરીકે ઈંદિરા ગાંધી વિરુદ્ધ મેં અવાજ ઉઠાવ્યો. ખુલ્લેઆમ આંદોલનો કરવા લાગ્યો. દીવાલો પર ઈમરજન્સી વિરુદ્ધ લખાણો લખવા લાગ્યો. સભા સરઘસ કાઢવાનું ડેરિંગ કરતો કારણકે આજે પણ ડરથી હું ડરતો નથી. પણ મારી આ એક્ટીવિટીથી બીજા જ દિવસે મારા પર મિસા લાગુ પાડવામાં આવ્યો...

આંદોલન વખતે ખબર પડી કે મારા બે યુવાન સાથીદારોને પોલીસ મિસા હેઠળ ઉપાડી ગઈ છે અને પોલીસ મને પકડવા આવી રહી છે. હું ત્યાંથી ભાગ્યો. પોલીસ મારો પીછો કરવા લાગી. હું સાંકડી ગલીઓમાંથી, દીવાલો કુદાવતો, અગાસીઓ ઠેકી ઠેકીને શહેરમાં ભાગતો રહ્યો. પોલીસ પીછો કરતી રહી. ત્યાં એક ડેડ એન્ડ આવી ગયું.

હવે પોલીસ મને પકડી લેશે. આ શહેરના ઉપમેયરને એટલે કે મને, મારતી, કુટતી, ઢસડીને, શહેરની વચ્ચેથી લઈ જસે. જેલમાં ચિક્કાર અત્યાચાર કરશે એ વાત નક્કી હતી. પણ ત્યાં અચાનક એક ગાયોની ગમાણ દેખાણી. છાણ અને ગૌમૂત્રની તીવ્ર વાસ વચ્ચે ગાયોની પાછળ હું આખો દિવસ ઘાસમાં છુપાઈ ગયો.

રાત્રી થતા છુપાતા છુપાતા સ્ટેશન તરફ ભાગ્યો. જેવી એક ટ્રેન સ્ટેશનથી જવા લાગી તેવો હું ચાલતી ટ્રેનમાં ચડી ગયો. તરસ અને ભૂખથી મારા હાલ બેહાલ હતા. પણ બીજા શહેરમાં જઇ છુપાઈ જવા સફળ થયો અને ત્યાંથી ઈમરજન્સી વિરૂદ્ધની એક્ટીવિટીઝ કરવા લાગ્યો.

મારી ઈમરજન્સી વિરુદ્ધ ભૂગર્ભ એક્ટીવિટીને કારણે લોકોને લાગતું કે યુવાન કોમલ છેડા પર મિસાનો કાયદો લાગી ચૂક્યો છે. પકડાશે તો મિસા કાયદા હેઠળ જેલમાં

ધકેલાશે. એના પર પોલીસ અત્યાચાર કરશે. ક્યાંક ગોળી પણ ધરબી દે તો નવાઈ નહીં. હું પણ આ વાત જાણતો હતો. પણ મારા દેશને ઇંદિરા ગાંધીએ ગુલામીની ઝંઝીરમાં જકડી દીધું હતું. એ મારા માટે અસહ્ય હતું.

એક તો સરકાર વિરોધી મારી ભૂગર્ભ પ્રવૃત્તિઓ ચાલતી હતી. ઉપરથી પોલીસ મને પકડવામાં નિષ્ફળ ગઈ. એનાથી ગુસ્સામાં આવી મધ્ય પ્રદેશ સરકારે અમારી માલમિલ્કત જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી. અમારી અનાજની પેઢી પર ટાંચ આવી ગઈ. આર્થિક બરબાદીના તમામ રસ્તા ખૂલી ગયા. માતા નિર્મળાબાઈ અને નાનો ભાઈ હરીશ તેમજ બહેનો ચિંતામાં મૂકાઈ. એટલે કુટુંબના હિતમાં મેં કલેક્ટર સામે સરેન્ડર કર્યું અને મને જેલમાં મોકલવામાં આવ્યો.

જેલના એક મોટા હોલ જેવી ખોલીમાં અમને પાંત્રીસ જેટલા મિસા કેદીઓને રાખવામાં આવ્યા. હું કરેલી મહાનગર પાલિકાનો ઉપાધ્યક્ષ હતો. એટલે મને ફર્સ્ટ ક્લાસ રૂમ ઑફર થઈ. પણ મેં સવિનય ના પાડી સાથીદારો સાથે રહેવાનું સ્વીકાર્યું.

જેલમાં અમને સગવડોના નામે એક સિમેન્ટના ઓટલા જેવી પથારી, નસીબ હોય તો લાઈટ હોય, નહીં તો ગરમીમાં રીબાઈએ. શરૂઆતના દિવસોમાં સડેલા અનાજમાંથી બનેલ ખોરાક અપાતો. ધીરે ધીરે જેલરને સમજાયું કે આ કોઈ ક્રિમિનલ નથી પણ નવી આઝાદીના લડવૈયા છે એટલે અમને અનાજ અને રેશન આપવાનું શરૂ કર્યું અને અમે બંદીવાન એમાંથી રસોઈ બનાવી લેતા.

જેલમાં સૌથી મોટો ત્રાસ લાઈટોનો હતો. પંખા તો હતા જ નહીં! એટલે ઉનાળાની કાળઝાળ ગરમી અને રાતે મચ્છરો અમને શક્ય એટલું હેરાન કરતા. છતાં દેશ માટે અમે મહેલમાં રહેતા હોઈએ એવી અનુભૂતિ જેલમાં થતી.

રસોઈથી માંડી સાફ સફાઈના કાર્યો સાથીદારો સાથે કરતો થઈ ગયો. પણ સૌથી મોટો ફાયદો થયો અંગ્રેજીમાં! અંગ્રેજીના અમારા ગુરુજી પણ મિસામાં પકડવામાં આવ્યા હતા. એમણે અમને અંગ્રેજીમાં પ્રવીણ કર્યા. તો રોજ યોગ અભ્યાસ કરી, આંતરીક અને આત્માની સજ્જતા કેળવી. સાથે સાથે ગીતાથી લઈ વિવેકાનંદ અને બીજા મહાપુરુષોના જીવન ચરિત્રો વાંચી મારું વ્યક્તિત્વ ઘડાવા લાગ્યું.

જેલમાં સર્વે સાથીદારો સાથે રોજ પૂજાપાઠ ધાર્મિક ક્રિયાઓથી કરીને આધ્યાત્મિક ઉન્નતિ મળવા લાગી. સર્વ હિંદીભાષી સાથીદારો વચ્ચે માત્ર હું કચ્છી માડુ (બીદડા) હતો. એટલે અરસ પરસની સંસ્કૃતિઓનું આદાન પ્રદાન થયું.

જેમણે જેમણે કોંગ્રેસ સરકારની લેખિત માફી માંગી, એમને છોડી મૂકવામાં આવ્યા. પણ હું માફી માંગવા તૈયાર નો'તો કારણકે ઈમરજન્સી, એ દેશની સ્વતંત્રતા છીનવી લેવાનું કાવતરું હતું. વચ્ચે મારી બહેનના લગ્ન મુંબઈમાં લેવાયા ત્યારે પૅરોલની માંગણી કરી પણ અરજનો અસ્વીકાર થતાં હું ભૂખ હડતાળ પર ઉતર્યો. થોડાક દિવસના ઉપવાસ બાદ માત્ર બે દિવસની પૅરોલ મળી.

છેવટે ઇંદિરા ગાંધીએ ઈલેક્શન ડિક્લેર કર્યું. ઘણાને છોડવામાં આવ્યા પણ પબ્લિક પરના મારા પ્રભાવને કારણે મને છોડવામાં ન આવતાં જેલમાં હું અને બહાર મારા માતા ઉપવાસ પર ઉતર્યા. કોંગ્રેસને વધુ નુકસાન ન થાય માટે ઓગણીસ મહિનાના મારા કારાવાસ પછી પૅરોલ ઉપર છોડવામાં આવ્યા.

જેલની બહાર મુક્ત હવામાં ડગલું ભરતા જ એક નિર્ણય લઈ લીધો. ઈમરજન્સીમાં સરકારે મારા કુટુંબને પાયમાલ કરી દીધું હતું. એટલે ઈલેક્શનમાં ટિકિટ મળતી હોવા છતાં સવિનય નકારી મુંબઈનો રસ્તો પકડ્યો.

રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાની એક્ટીવિટીઝ કરતા કરતા નોકરીથી શરૂ કરી, ધીરે ધીરે આર્થિક સધ્ધરતા મેળવવા મહેનત કરી. પછી બિલ્ડિંગ વ્યવસાયમાં સફળતા મેળવી અને મેં મારું સમગ્ર જીવન સમાજને સમર્પિત કરી દીધું.

મારી લાડકી સંસ્થા કચ્છ યુવક સંઘની કચ્છની પાંચ શાળાઓ અને એક હોસ્ટેલ માટે સમય આપી રહ્યો છું. સાથે મુંબઈ બોરીવલીના કચ્છી ગ્રાઉન્ડ તરીકે ઓળખાતા પ્રકલ્પને ઊભું કરવા ખૂબ મહેનત કરી હતી. હવે ત્યાં એજ્યુકેશનલ પ્રકલ્પ ઊભું કરવા મહેનત કરું છું, જે ટુંક સમયમાં સાકાર થશે.

આ દેશના લોકો ચતુર છે અને હતા. એટલે ઇંદિરા ગાંધી ઈલેક્શન હાર્યા. જો જીત્યા હોત તો આ દેશમાં ઈમરજન્સી કાયમ રહેત અને આપણી હાલત પાકિસ્તાનથી પણ બદતર હોત! અને હું જેલમાં જ આયુષ્ય પૂરું કરત એ વાત ક્યારે ભૂલ્યો નથી.

**મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨**

*મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,*
*આંગળી જળમાંથી નીકળી ને જગા પૂરાઈ ગઈ.*

**– ઓજસ પાલનપુરી**

*અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,*
*તું ચમચી લઈને ઉભો છે દરિયો માંગવા માટે.*

**– અનિલ ચાવડા**

# આરોગ્યના બણગા

મહેન્દ્ર લખમશી મોતા

*"જેણે ફૂંક્યા ઘડતર લોકોનાં આરોગ્યના બણગાં,*
*તેણે રાખ્યાં હાર્ટઍટેક જેવા રોગોને અળગા."*

જિંદગી, એ માનવીની સૌથી અગત્યની દોલત છે અને મૂલ્યના ક્રમમાં બીજો નંબર તંદુરસ્તીનો છે. પૂર્વજોના ઘડતર લોકોની તંદુરસ્તી સારી હતી.

મારો જન્મ કેરાલા રાજ્યની આર્થિક રાજધાની કોચીનમાં ભારત દેશના આઝાદીના વર્ષમાં થયો હતો. આ સમયે કોચીનના બજારમાં જથ્થાબંધ મરી મસાલાના, ચોખાના, ચા ના, કોપરેલ તેલના મોટા વેપારીઓ મોટા ભાગે કચ્છી જૈન હતા. દર વર્ષે પર્યુષણ પર્વના મહાવીર જયંતીના સ્વપ્નમાં શ્રી લક્ષ્મી દેવીનાં ઘી સૌથી વધારે અને બીજા નંબરે વહાણના ઘી બોલાય છે. કારણ તમામ બજારની આયાત નાના વહાણ મારફતે અને માલની નિકાસ સ્ટીમર મારફતે થતી હતી. પર્યુષણ મહા પર્વના ઘી ની બોલીમાં મુંબઈ પછી કોચીનનો નંબર હોય જ.

પર્યુષણ મહાપર્વના આરંભથી અંત સુધી વ્યાખ્યાનથી માંડીને સાંજના પ્રતિક્રમણ દરમિયાન સંઘપતિ કે મહાજન પતિ, પુરુષ કે સ્ત્રી તમામ લોકો પાથરણા પર બેસીને ધર્મની આરાધના કરતા હતા. કોઈ પણ ખુરશીમાં બેસતા નહોતા. આ મહાપર્વની આરાધના સમયે લાંબો સમય બેસી રહેવાથી હાથ કે પગમાં ખાલી ચડતી નહોતી. એટલે કે હાથ કે પગ ખોટા પડી જતા નહોતા તેમજ ઝણઝણાટી થતી નહોતી. વહેલી સવારે ઉઠવું, ચાલીને દેરાસર જવું, દેવોના દર્શન કે પૂજા કરી, ત્રણવાર 'ખમાસણા' કરતા હતા. દિવસ દરમિયાન ખમાસણા, ચાલવાની અને બેસ-ઉઠની પ્રક્રિયા દ્વારા નિરંતર પરિશ્રમ થતો રહેતો હોવાથી ખાલી ચડતી ન હતી. કોઈ પણ શુભ પ્રસંગની ખુશાલીમાં રોગપ્રતિકારક શક્તિ ધરાવતા ગોળ-ધાણાથી મોં મીઠું કરાવતા હતા.

વિદ્યાર્થી અવસ્થા, એ માનવીના જીવન ઘડતરનો મહત્ત્વનો સમય છે. કિશોરવય એટલે રમવાની, કસરત કરી શરીર સુદૃઢ બનાવવાની વય. તન તંદુરસ્ત, તો મન પણ તંદુરસ્ત. વિદ્યાર્થીઓ ચાલીને શ્રી ગુજરાતી વિદ્યાલય, કોચીનની શાળામાં ભણવા જતા હતા. ત્યાં વિદ્યાભ્યાસ ઉપરાંત વિવિધ રમતો જેવી કે કબડ્ડી, ખોખો, લંગડી, લાંબી કૂદ, કોથળા કૂદ, કપડાં સૂકવવાની દોરી પર ઊંચી લટકાવેલી દોરીમાં બ્રેડની રોટી સહજ કૂદકા મારી ખાવામાં જે પ્રથમ ખાઈ લે તે વિજેતા, પણ રોટીનો ટુકડો જમીન પર પડી જાય તો પરાજય – વગેરે રમતો સ્ફુર્તિ આપે છે. ચપળતાથી શરીરને આમ તેમ ફંગોળતા શીખવે છે. રમતો જ મગજને જીતવા માટે કે હરીફનાં દાવ નિષ્ફળ બનાવવાની ગણતરી કરવા સક્ષમ બનાવે છે.

અમદાવાદની પોળ કે શેરીમાં કોઈને પણ ખબર ન પડે તેવી નાની બારીઓ રખાય છે (જે પોળના રહિશોની ઈચ્છાનુસાર ખુલ્લી રખાય કે બંધ કરાય). જેમાં એક પોળમાંથી બીજી પોળમાં સરકી જવાય. આઝાદિની લડતમાં આ પોળોએ સ્વાતંત્ર્યવીરોને આ રીતે રક્ષણ પૂરું પાડ્યું. નાના નગર જેવી અમદાવાદ શહેરની પોળો સામૂહિક જીવનનો ઉત્તમ નમૂનો તેમજ ઘડતર બતાવે છે.

હિમાલયના ગંગા નદીના કિનારાના ગામડાંના લોકો કુદરતી હાજત પછી પાણીનો ઉપયોગ જ નહોતા કરતા. કેમ? પવિત્ર પાણી ગંગા નદીનું હોય અને આવા કામ માટે ગંગાદેવીના પાણીનો ઉપયોગ કેવી રીતે થાય? એક બાજુ ગંગાદેવીની પવિત્રતા માટેની આટલી ઊંચાઈવાળી શુદ્ધ ભાવના ધરાવતા ગામડાંના લોકોના આપણા એ પૂર્વજો અને બીજી તરફ એ ઘડતર ધરાવતો આપણો સમાજ. હવે ભણતરના સમયે આજે ગમે તે ભોગે 'રામ તેરી ગંગા મૈલી' કરવા માટે અથાગ પ્રયાસો થાય છે.

અભણ લોકોનું ઘડતર અને પ્રામાણિકતા કેવા હોય છે, તેનો દાખલો મારું વતન નલિયા - કચ્છનો આપું છું. વર્ષો પહેલાં નલિયાના પાદરે છાદુરાના હીરાભાઈ મોચી દસ ફૂટ દૂરથી તમારા પગનું માપ આંખના નજરથી માપી લે છે. બીજા દિવસે તમારા જણાવ્યા પ્રમાણે પગરખા આપે, તેમના માપમાં જરા દોરાનો પણ ફરક ન પડે, પગરખામાં પુંઠા નાખે નહીં.

ઘડતરના સમયે તંદુરસ્ત સમાજમાં તંદુરસ્ત નાગરિકો હતા. તેથી આ સમયે શુદ્ધ હવા, પાણી, ખોરાક, ભાવના,

નીતિ, પ્રામાણિકતા વગેરે હતા. તેથી કોઈ હાનિકારક રોગો નહોતા. ઘડતર લોકોની જીવનશૈલીનું પ્રકરણ પૂરું થાય છે.

***નવો યુવા વર્ગ મોબાઈલમાં વ્યસ્ત છે***
***પિતા વધતી જતી મોંઘવારીથી કમાણીમાં વ્યસ્ત છે અને***
***વડીલો બદલાતી જતી જીવનશૈલીથી ત્રસ્ત છે.***

કમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા ધરાવતી મોબાઈલ આખી દુનિયા હાથવગી કરનાર ત્રીજું પરિબળ છે. કેમેરા, ઘડિયાળ, ટોર્ચ, શિક્ષણથી માંડી સમાજ, દેશ કે વિદેશના સમાચાર મોબાઈલે પોતાનામાં સમાવી લીધા છે. ઘડતરના સમયે ખેડૂત ખેતરમાં ઊભા પાકના રક્ષણ માટે ખેતરની વચ્ચે ચાડિયો મૂકતા હતા. આજે ઓફિસ કે જાહેર સંસ્થામાં કેમેરા ગોઠવ્યા હોય તો તેમાં થતી પ્રવૃત્તિઓ કાર કે રેલવેમાં બેઠા બેઠા મોબાઈલમાં જોઈ શકો છો અને સૂચના આપી શકો છો. કાનને ગમે તેવા મધુર ગીતો, સ્વતનના સૂર સાંભળવા મળે છે. ધીમે ધીમે ટેકનોલોજી બદલાતી ગઈ અને મોબાઈલ નવું નવું રૂપ ધરતો ગયો. આમ તો મોબાઈલે આપણી જિંદગી સરળ બનાવી છે.

યુવાનો અને યુવતીઓને મોબાઈલમાં એટલું બધું આકર્ષણ છે કે તેઓ પાગલની જેમ ઘૂસેલા રહે છે. જાહેર રસ્તો ક્રોસ કરતી વખતે લોકો મોબાઈલમાં ચોંટેલા જોવા મળે છે. દારૂ, ડ્રગ્સ કે અન્ય નશાકારક પદાર્થો કરતાં પણ વધુ દર્દીઓને મોબાઈલનો નશો છે. વાત માન્યમાં ન આવે તેવી લાગે, પણ વાસ્તવિક્તા છે.

ગૃહિણી તરીકેની જવાબદારી સંભાળી રહેલી મહિલાઓએ નોકરી કે વ્યવસાયમાં ઝંપલાવ્યા પછી ઘર સંભાળવાનું અને એમાંય રસોડું પોતાના હસ્તક રાખવાનું આસાન નથી. વળી, સમય નથી, ત્યારે જ બાળક હજુ માંડ ચાર-પાંચ વર્ષનું થતા જ નવી પેઢીની માતા તેના હાથમાં ટેબ્લેટ પકડાવી દે છે, તેવો ખતરનાક ટ્રેન્ડ શરૂ થયો છે.

યુવતીઓ ઇન્ટરનેટ થકી ભાવિ પતિ તરીકે જાતે યુવક પસંદ કરે છે. તેમાં સુપાત્રને બદલે કુપાત્ર સાંપડે ત્યારે એના શરીરનો અંજામ શાકની જેમ કટકામાં થઈ જાય છે. ભલે આવા કિસ્સા બહુ ઓછા છે, પરંતુ બને છે તે હકીકત છે. વાંક કોનો? યુવતીનો કે ઇન્ટરનેટનો? કાર બેફામ દોડાવાય છે ત્યારે અકસ્માત થાય ત્યારે વાંક કોનો? આજે નિરંકુશ મોબાઈલના ઉપયોગથી યુવાનો એક જ સ્થિતિમાં લાંબો સમય બેસી રહેવાથી લોહી લઈ જતી નસ દબાયેલી રહે, લોહીનો પુરવઠો ઓછો કે પ્રવાહ બંધ રહે છે ત્યારે જ્ઞાનતંતુઓને સોડિયમ અને પોટેશિયમ ક્ષારો મળતા બંધ થઈ જાય અને હલનચલનનું કામ અટકે. એટલે હાર્ટઍટેક આવે છે. વાંક કોનો?

આજે વધતી જતી મોંઘવારીથી કે ગળાકાપ સ્પર્ધાના સમયમાં પળે પળે દરેક વ્યક્તિને માનસિક તણાવ કે તાણ થાય છે. પાંચ મહેમાનોને જમાડવાની તૈયારી કરનારી ગૃહિણી, વરસાદ સમયસર ન પડે ત્યારે ખેડૂતો, કાયમ ઉતાવળા અને ચિંતા કરનાર માણસોમાં ખૂબ તણાવ થાય ત્યારે લોહીની નળીઓ સખત થાય છે, બી.પી. વધે છે ને હાર્ટઍટેક આવે છે.

રોજ ૧૦-૧૨ કલાક વાંચ વાંચ કરીને ઊંધા પડી જતા, મોંઘા ભાવના ટ્યુશન રખાવતા આપણા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા જાય ત્યારે ખબર પડે કે પેપરો ફૂટી ગયા ત્યારે તેની હાલત કેવી હોય? તેઓ હાર્ટ ઍટેક કે આપઘાતના ભોગ બને છે.

ગુજરાતીઓની ખાણીપીણીની કુટેવો હકીકતમાં સૌથી મોટી આરોગ્ય શત્રુ છે. બજારમાં તૈયાર મળતાં ખાદ્ય પદાર્થો અને ભેળસેળ માટે પ્રજાએ જાગૃત થવું જરૂરી છે. આજે હાલત એવી છે કે ઘરના ભોજન પડતા મૂકીને બજારના ભોજનનું આકર્ષણ વધ્યું છે. હાર્ટ ઍટેકનું પ્રમાણ વધે છે તેમાં અશુદ્ધ હવા, પાણી અને જંક ફુડનું વિશેષ યોગદાન છે. આમ, હાર્ટ ઍટેકથી જિંદગીની સફર ફરી એકવાર આશંકાના ઘેરામાં આવી રહી છે.

હાર્ટ ઍટેક, ડાયાબિટીસ વગેરેના દર્દી બને છે તેવા બધા દર્દોનું પાયાનું કારણ તેના ખોરાક સાથે સંકળાયેલું છે. મીઠાઈઓ જેવા ખોરાક પર નિયંત્રણ રાખવું જરૂરી છે. આરોગ્યની સારસંભાળ ખર્ચાળ બની રહી છે. જેમ જેમ તબીબી ક્ષેત્રે સંશોધન થતા જાય છે, તેમ તેમ રોગચાળા વધતા જાય છે! દવા વધે છે, દવાખાના વધે છે તેની સાથે દર્દ અને દર્દી પણ વધી રહ્યા છે. દરેક બીમારીનો ઉપાય માત્ર ઔષધ નથી. આયુર્વેદના ઔષધ અસર ઊભી કરવામાં સમય બગાડે છે કારણકે તે ધીમી પ્રક્રિયા છે. જ્યારે આજે દરેકને જલ્દીથી પરિણામ જોઈએ છે. તેમાં પણ સત્ત્વશીલતા નથી કારણકે જમીન પ્રદૂષિત થઈ ગઈ છે. પરંતુ જે વિલાયતી દવાઓ છે તેની આડઅસર તેટલી જ નુકસાનકર્તા છે. કેટલાક કિસ્સામાં દર્દ કરતાં દવા વધુ ખતરનાક પુરવાર થાય છે. ભલે આવા કિસ્સા બહુ ઓછા છે, પરંતુ બને છે.

અંગુઠા પકડવાથી આપોઆપ માથું નીચું રહેવાથી (૧) મગજને લોહી મળવાથી યાદશક્તિ વધે છે, (૨) કાનની નસને લોહી મળવાથી શ્રવણ શક્તિ તેજ થતી અને માથામાં નિયમિત તેલ નાખવાથી કાનની નસ સૂકાવાની શક્યતા નહિંવત

હોવાથી કાનની બહેરાશ નામશેષ થઈ જતી હતી. (૨) આંખને લોહી મળવાથી આંખ તેજસ્વી બનતી. પ્રભાતનાં કૂણા કૂણા સૂર્ય કિરણો આંખમાં જવાથી મોતિયો અને ચશ્માંને અવકાશ નહોતો. સતત સૂર્યના પ્રકાશમાં રહેતા અને ઊંચા ઉડતા બાજ કે ગરૂડ જેવા પક્ષીઓ ઘાસમાં સરકતા સાપનો પણ શિકાર કરી લેતા હોય છે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે રડે છે તે ક્ષણથી પ્રાણવાયુ લેવાની ક્રિયા શરૂ થાય છે. જીવનની એકે એક ક્ષણે શરીરના અંગે અંગોના કોષોને પ્રાણવાયુની જરૂર પડે છે. શરીર વૃદ્ધિ માટે બધા જરૂરી ઘટકો ધરાવનાર સંપૂર્ણ ખાદ્ય અને શક્તિ પ્રોટીન વિટામિનોને ખનીજ દ્રવ્યોનું સમૃદ્ધ સાધન 'દૂધ' છે. સોના જેવો ગોળ છે અને સફેદ ઝેર જેવી ખાંડ છે. કાળો ગોળ ઉત્તમ, ખાંડ અધમ. અનેક રોગોને આમંત્રતું વ્યસન તમાકુ અને તેના ઘટકો સિગારેટ, ગુટખા વગેરેનો ઉપયોગ ટાળો. દાદરા ચઢ ઉતર કરો, લિફ્ટનો ઉપયોગ ટાળો. જે લોકો જમીન પર બેસી ન શકતા હોય તેઓએ પ્રથમ દાદરના પાંચમા દાદર પર બેસવાની કોશિશ કરવાની પછી ધીમે ધીમે ચોથા પગથિયા પર બેસવાની કોશિશ કરવાની, પછી ધીમે ધીમે પગથિયા ઘટાડતા જવાનું, છેલ્લે જમીન પર બેસતા થઇ જવાના.

ઘરમાં બિલકુલ અવાજ ન હોવો જોઈએ ત્યારે ટેલીવિઝનના અવાજ વધારવાનો. એક નંબરનો અવાજ ન સંભળાય તો ટી.વી.નો અવાજ વધવાના નંબર વધારતા જવું. જે નંબરે અવાજ સંભળાય છે તેની નોંધ રાખવાની. મોટા અવાજવાળા લાઉડ સ્પીકર અને ડી.જે. વગેરે ઘોંઘાટવાળા કાર્યક્રમોને ટાળો. જેથી કાનના પડદાને ઘસારો પડે નહીં, બહેરાશ આવે નહીં.

રાત ઊંઘવા માટે છે. શરીરને પરિશ્રમ મળે તો જરૂર ઊંઘ આવે ત્યારે પૂરતી ઊંઘ લેવી જોઈએ. જો રાત્રે નિરાંતે ઘસઘસાટ ઊંઘ નહીં લીધી હોય તો તમારા શરીરમાં તમને યુવાન રાખવામાં મદદ કરતાં અદ્‌ભુત ગ્રોથ હોર્મોન નીકળતો સાવ બંધ થઈ જશે. તેથી શરીરની વૃદ્ધિ અને રોગ પ્રતિકારક શક્તિ ઘટશે અને હાર્ટ ઍટેકનો ભય રહેશે. જેટલી ખોરાકની જરૂર છે, તેટલી ગાઢ ઊંઘની જરૂર છે. તેવી જ રીતે દાંતની સંભાળ અને નિયમિત સફાઈ થવી જોઈએ. સવારમાં મળ, મૂત્ર અને વાયુનું વિસર્જન કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે.

ઉજાસવાળું સ્વચ્છ હવાની આવ-જાવાળું, શાંત વાતાવરણવાળું ઘર જોઈએ. મનની સ્થિતિ શરીર ઉપર ખૂબ જ અસર કરે છે. માટે ભોજન વખતે આનંદી વાતાવરણ રાખો. ખોરાક ચાવી ચાવીને ધીમે ધીમે ખાવો. ઉતાવળે ખાનારા, વાહન ચલાવનારા અને નિરંકુશ મોબાઈલ ઉપયોગ કરનારા મોતને વહેલું નોતરે છે.

ટૂંકમાં, તમાકુ અને તેના ઘટકો છોડી દેવાથી, શરીરનું વધેલું વજન ઘટાડવાથી, ચિંતા ન કરવાથી, નિરાશાને હટાવવાથી, ગુસ્સો ન કરવાથી, કામ કરનારને ઘસઘસાટ ઊંઘ આવનારને હાર્ટ ઍટેક આવતો નથી.

અતિ ટૂંકમાં : ***"મનમાં રામ અને હાથમાં કામ."***

*ડી/૨૭, જય અંબે નગર, થલતેજ ટેકરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૪.*
*ફોન : (૦૭૯) ૨૬૮૫૫૧૧૦*

## શું જીવન એક એડજસ્ટમેન્ટ છે?

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

કેળવણીમાં ઘણો જ ફરક હોવાથી હાલમાં અમારી રહેણીકરણી તથા જીવન જીવવાની પદ્ધતિમાં આટલો બધો ફરક છે. અમારા લગ્ન થયા એ વખતે જ એ બાબત અમારી વચ્ચે નિખાલસપણે ચર્ચા થઈ હતી. બંનેની જીવનદિશા અલગ રહેશે તેનો અમને પહેલેથી જ અંદાજ હતો. એ માટે અમારી પૂરેપૂરી માનસિક તૈયારી પણ હતી.'

વધારે ખુલાસો કરતાં તેમણે કહ્યું કે, 'આપણા સુખ કે દુઃખનો આધાર આપણી પોતાની વ્યક્તિગત માન્યતા ઉપર આધારિત હોય છે. આપણું સુખ કે દુઃખ અન્ય લોકો, અન્ય બાબતો કે સંજોગો ઉપર આધારીત હોય તો આપણે ગંભીર તકલીફોમાં જ હોઈએ. એક વખત આપણે સુખી જ રહેવાનો નિર્ણય કરી લઈએ તો બાકીનું અનુભવો તથા સંજોગોની બાબત છે. અમારા બંને વચ્ચે સંપૂર્ણ પ્રેમ તથા વિશ્વાસ છે. અમે બંનેએ એકબીજાને જેવા છીએ તેવા શત પ્રતિશત સ્વીકારી લીધા છે. કોઈ પણ તાકાત અમને એકબીજાથી છૂટા પાડી શકે તેમ નથી. અમે અત્યંત સહજ રીતે જીવીએ છીએ. અમારા દિલ કે દિમાગ ઉપર કોઈ પણ પ્રકારનો ભાર કે ઉશ્કેરાટ હોતા જ નથી.'

જીવન એ એક એડજસ્ટમેન્ટ તો છે, છે અને છે જ. પણ તેને કઈ રીતે લેવું એ આપણી ઉપર નિર્ભર હોય છે. ખૂબ જ સરળતાથી, નિખાલસતાથી, સહજતાથી અને એકમેવ ઉપર પરસ્પર ભરોસો રાખીને જો જીવનપદ્ધતિ ગોઠવવામાં આવે તો જીવન એ એક એડજસ્ટમેન્ટ છે તેનો આપણને ક્યારેય પણ અહેસાસ નહીં થાય અને જીવન મીઠું મધુરું જીવવાલાયક બની જશે. પસંદગી આપણે જ કરવાની છે.

# Triglycerides
# લોહીમાં રહેલું એક કોલેસ્ટેરોલ



ડૉ. કમલેશ એન. શાહ
M.D.

આ એક જાતની ફેટ છે, જે લોહીમાં હોય છે. આપણે ખોરાક ખાઈએ છીએ ત્યારે જેટલી કેલેરી જોઈએ તેટલી વપરાય - બળે છે. બાકીની વધારાની કેલેરી ટ્રાયગ્લીસરાઈડમાં રૂપાંતર પામે છે. આનો સંગ્રહ ફેટસેલમાં થાય છે. બે ભોજન વચ્ચે શક્તિની જરૂર પડે ત્યારે હોર્મોન દ્વારા ટ્રાયગ્લીસરાઈડ એનર્જી માટે વપરાય છે. વધારાનો કાર્બોહાઈડ્રેટ ખોરાક લોહીમાં ઊંચા ટ્રાયગ્લીસરાઈડ માટે જવાબદાર છે. ટ્રાયગ્લીસરાઈડનું લોહીમાં પ્રમાણ આ પ્રમાણે ગણતરીમાં લઈ શકાય.

- ✦ ૧૫૦ gm થી ઓછું : નોર્મલ
- ✦ ૧૫૦ થી ૧૯૯ gm : બોર્ડર લાઈન
- ✦ ૨૦૦ થી ૪૯૯ gm : હાઈ
- ✦ ૫૦૦ gmથી વધારે : ખૂબ ઊંચું

ટ્રાયગ્લીસરાઈડનું લોહીમાં પ્રમાણ લિપિડ પ્રોફાઈલમાં આવી જાય.

- **ટ્રાયગ્લીસરાઈડ અને કોલેસ્ટેરોલ વચ્ચેનો તફાવત :**

૧. ટ્રાયગ્લીસરાઈડ એ ન વપરાતી કેલેરી છે જેનો ફેટી કોષમાં સંગ્રહ થાય છે. જરૂર હોય ત્યારે એનર્જી માટે વપરાય છે.

૨. કોલેસ્ટેરોલ શરીરના કોષોના બંધારણમાં અને કેટલાક હોરમોનમાં વપરાય છે.

- **ટ્રાયગ્લીસરાઈડ આડ અસરો :**

*જરૂર કરતાં વધારે ટ્રાયગ્લીસરાઈડ*

૧. ધમનીની દીવાલ જાડી અને બરડ બનાવે છે. તે Atherosclerosis નો એક ભાગ બને છે. આમ, તે હાર્ટ ઍટેક અને લકવા માટે કારણભૂત બને છે.

૨. ખૂબ ઊંચું ટ્રાયગ્લીસરાઈડ સ્વાદુપિંડના રોગો (Pancreatitits) માટે જવાબદાર છે.

૩. ઊંચું ટ્રાયગ્લીસરાઈડ ધરાવનાર વ્યક્તિ સ્થુળતા અને મેટાબોલીક સિન્ડ્રોમનો ભોગ બને છે જે કમરની આસપાસની ચરબી, હાઈ બ્લડપ્રેશર, હાઈ બ્લડસુગર અને ઊંચા કોલેસ્ટેરોલની નિશાની બને છે.

*ઊંચું ટ્રાયગ્લીસરાઈડ નીચેના રોગોમાં વધારે જોવા મળે છે :*

૧. ટાઈપ-૨ ડાયાબિટીસ – કાબૂમાં ન હોય તે.

૨. મેટાબોલીક સિન્ડ્રોમ – આગળ જોયું.

૩. હાઈપોથાઈરોડીસમ.

૪. કેટલાક વારસાગત રોગો.

૫. દવાઓની આડઅસરો, સ્ટીરોઈડ્સ, પેશાબની દવાઓ, બીટા બ્લોકર્સ, HIV ઈન્ફેક્શનમાં વપરાતી દવાઓ.

- **ટ્રાયગ્લીસરાઈડને કાબુમાં રાખવાના ઉપાયો :**

*લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરવો.*

૧. નિયમિત કસરત, રોજિંદી ૩૦ મિનિટની કસરત - રોજિંદા જીવનમાં ૩૦ મિનિટ ચાલવું.

૨. ખોરાકમાં સુગરનો તથા સફેદ લોટની કાર્બોહાઈડ્રેટની બનાવટો બંધ કરવી.

૩. ખોરાકમાં ઓછી કેલેરી જાય. તેથી વજનમાં ઘટાડો થાય.

૪. દારૂનું સેવન - જેમાં સુગર અને કેલેરી વધારે છે તે બંધ કરવું.

૫. દવાઓ – Statin, fibrates, ફિશ ઓઈલ – જેમાં Omesa-3 Fatty acid હોય છે.

૬. જેટલી કેલેરી ઓછી જાય તેટલું ટ્રાયગ્લીસરાઈડનું માપ જળવાઈ રહે. વધારાની કેલેરી ફેટ કોષોમાં પરિવર્તન પામે છે.

૭. ખોરાકમાં સંતૃપ્ત ફેટ (Satarated Fats) અને Trans Fat નો ઉપયોગ એકદમ ઓછો કે બંધ કરવો. દા.ત. માંસ, મટન, બેક ખોરાક, ફાસ્ટફુડ.

૮. કયા ખોરાક લેવા?

Nomo - polysatarated Fats – ઓલીવ ઓઈલ તથા કનોલા ઓઈલ.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૯ ઉપર)

# મનની વૈદ્યકીય તપાસ
## (Mental Status Examination – MSE)




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

જાણીને કદાચ નવાઈ લાગશે કે મનની (માનસિક) બીમારીઓના નિદાન માટે મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination – MSE) કરાય છે. આ તપાસ કરવાની પદ્ધતિ વૈજ્ઞાનિક છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મનની આ તપાસ એકસરખી પદ્ધતિથી થાય છે (Standardised). વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ મનની તપાસ માન્ય કરેલ છે.

શારીરિક બીમારીના નિદાન માટે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ પર લક્ષ અપાય છે :

**(૧) લક્ષણો વિશે જાણકારી :** (અ) દર્દીની તકલીફો – શરૂઆતથી અત્યાર સુધીની, (બ) ડોક્ટર તરફથી તકલીફો વિશેની અન્ય જાણકારી.

**(૨) શારીરિક વૈદ્યકીય તપાસ :** નાડીના ધબકારા, બ્લડ પ્રેસર, અન્ય નિરીક્ષણ, સ્ટેથોસ્કોપ દ્વારા તપાસ, જરૂરત પ્રમાણે અન્ય સાંધાની, સ્નાયુઓની ન્યુરોલોજીકલ તપાસ.

**(૩) લેબોરેટરી એક્સ-રે, સોનોગ્રાફી, અન્ય સ્પેશિયલ તપાસ :** લોહીની, પેશાબ, સંડાસની તપાસ. એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, ૨-ડી ઈકો, એન્જિયોગ્રાફી વગેરે.

ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ લક્ષમાં લઈ શારીરિક બીમારીનું યોગ્ય નિદાન કરાય છે.

- **મનની વૈદ્યકીય તપાસ (Psychiatric Examination) :**

મનની (માનસિક) બીમારીના નિદાન માટે પણ પદ્ધતિસરની (Standardised) વૈજ્ઞાનિક વૈદ્યકીય તપાસ છે. જેમાં નીચેના મુદ્દાઓ લક્ષમાં લેવામાં આવે છે.

### ૧. લક્ષણો વિશે જાણકારી (History)

**૧.૧** શારીરિક લક્ષણો વિશેની જાણકારી મેળવાય છે. વારંવાર માથાનો દુઃખાવો, ચક્કર આવવા, વારંવાર છાતીમાં દુઃખાવો, ગભરામણ થવી, પેટમાં ગેસ થવો, એસિડિટી, અપચો, કબજિયાત, ભૂખ ઓછી લાગવી, નબળાઈ, અશક્તિ લાગવી, થાક લાગવો, વજન ઘટી જવું, અનિદ્રા, શરીરમાં કળતર વગેરે.

**૧.૨** મનના લક્ષણો વિશે ઊંડાણમાં જાણકારી મેળવાય છે. મન ઉદાસ રહેવું, કામમાં મન ન લાગવું, જિંદગી તથા કામમાંથી રસ ઉડી જવો, રડવું આવવું, આત્મવિશ્વાસ ગુમાવવો, એકાગ્રતાનો અભાવ, વારંવાર ભૂલો થવી, ભૂલકણાપણું, યાદશક્તિ ઓછી થવી, વિચારો વધારે આવવા, નકારાત્મક વિચારો આવવા, ચીડિયાપણું, ગુસ્સે થઈ જવું, અપરાધભાવ, આત્મહત્યાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ, શંકાઓ આવવી, વહેમ આવવા, લોકો મારી વાતો કરે છે, મારા વિચારો બધા જાણી જાય છે. કારણ વગરની ચિંતા થવી, ડર લાગવો, બંધ જગ્યાઓ જેવી કે લીફ્ટ, થિયેટરમાં ડર લાગવો, વિમાન, રેલવે કે એકલા મુસાફરીનો ડર લાગે, ગંદકી, સાફસફાઈના વિચારો વધારે આવે, વધારે સાફ સફાઈ કરે, દરરોજના કામકાજમાં આથી ખલેલ પહોંચે.

ગુસ્સો આવે, તોડફોડ કરે, મારામારી કરે, વધારે ફરે, વધારે ખર્ચો કરે, ક્ષમતાથી વધારે દાન કરે.

દારૂ, જુગારનું વ્યસન.

**૧.૨ દર્દીનું વ્યક્તિત્વ :** દર્દીનું વ્યક્તિત્વ, અભિગમ, વલણ, અપેક્ષાઓ, અરસપરસના કૌટુંબિક તથા ધંધાકીય સંબંધો વગેરે વિશે ઉંડાણમાં માહિતી મેળવાય છે. આ માહિતી દર્દી પાસેથી વ્યક્તિગત રીતે એકાંતમાં મેળવાય છે.

**૧.૪** નજીકના પરિવારજનો (જીવનસાથી, દીકરા / દીકરી, માતા-પિતા, ભાઈ-બહેન, નજીકના મિત્રો, ધંધા / નોકરી પરના સાથીદારો વગેરે) પાસેથી દર્દી વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કરાય છે. આ માહિતી પણ વ્યક્તિગત રીતે એકાંતમાં મેળવાય છે.

### ૨. મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination – MSE)

મનોચિકિત્સક પદ્ધતિસર (Standardised way) નીચેના મુદ્દાઓ દ્વારા મનની વૈજ્ઞાનિક તપાસ કરે છે.

**૨.૧ દેખાવ તથા વર્તણુંક :** મનોચિકિત્સક પોતાની હાજરીમાં આ બાબત નિરીક્ષણ કરે છે (અસ્વસ્થતા, વારેઘડીએ અંગસ્થિતિ (posture), બદલવું, મોઢાના હાવભાવ વગેરે)

**૨.૨ મિજાજ (Mood) :** નિરાશ, હતાશ, ચિંતાતુર, બિનદાસ્ત, પોતાનામાં જ રચ્યાપચ્યા રહેવું.

**૨.૩ વિચારો :** (અ) વિચારોની હારમાળા (ત્રુટક ત્રુટક એકધારી), (બ) વિચારોનો વિષય : નકારાત્મક વિચારો, અપરાધભાવના વિચારો, આત્મહત્યાના વિચારો, ભ્રમ શંકાઓ (Delusions), મારા વિચારો બધાને ખબર પડે છે, ટી.વી., રેડિયો, ફેસબુક પર આવે છે (Thought broadcasting), ડરના વિચારો (Phobia), ગંદકી, સાફ સફાઈના વિચારો (Obsessive thoughts).

**૨.૪ વાણી :** પોતે જ બોલ્યા કરવું, બીજાને બોલવા ન આપવું (Pressure of speech), હા કે ના માં જવાબ આપવો.

**૨.૫ ભણકારા / ભાસ :** કોઈ આજુબાજુ ન હોવા છતાં સ્પષ્ટ અવાજો સંભળાવા (Auditory Hallucination), વ્યક્તિઓ - એમના ચહેરા દેખાવા (Visual Hallucination).

**૨.૬ સ્મરણ શક્તિ :** (અ) તાજેતરની (immediate) પાંચ વસ્તુઓ બતાડી પાંચ મિનિટ બાદ પૂછવાનું. (બ) થોડાક સમય પહેલાની (recent past) ગઈકાલના બનાવો, (ક) વર્ષો પહેલાના પ્રસંગો (Past).

**૨.૭ એકાગ્રતા :** ૧૦૦ માંથી ૭ બાદ કરતા જવાનું.

**૨.૮** દિવસ, તારીખ, સમયની જાણકારી (Orientation), પોતે ક્યાં છે, આજુબાજુ શું છે, કોણ છે વગેરેની સમજ.

**૨.૯** પોતે બીમાર છે કે નહીં તથા સારવારની જરૂર છે કે નહીં એની સમજ (Insight into illness).

૩. **શારીરિક વૈદ્યકીય તપાસ (Physical Examinations) :** નાડીના ધબકારા, બ્લડ પ્રેસર, સ્ટેથોસ્કોપ દ્વારા તપાસ કરવામાં આવે છે.

૪. લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, સ્પેશિયલ તપાસ (Physical Investigations) : દર્દીની વ્યક્તિગત જરૂરત પ્રમાણે લેબોરેટરી તથા અન્ય તપાસ કરાય છે જેથી શારીરિક બીમારી છે કે નહીં એની જાણકારી મળે છે.

૫. **સાઈકોલોજીકલ ટેસ્ટ (Psychological Test) :** મનની બીમારીના નિદાન માટે જરૂરત પ્રમાણે સાઈકોલોજીકલ ટેસ્ટ કરાય છે જેવી કે રોરશાક ટેસ્ટ (rorschach Test), એમ.એમ.પી.આઈ. (MMPI), ટી.એ.ટી. (T.A.T.), બેન્ડર નેસ્ટાલ્ટ ટેસ્ટ (Bender Gestalt Test – BG Test), મેમરી ટેસ્ટ, એમ.એમ.એસ.ઇ. (M.M.S.E.), ડીમેન્સિયા સ્ક્રિનિંગ ટેસ્ટ, ન્યુરોસાઈકીયાટ્રીક સ્ક્રિનિંગ, બુદ્ધિ આંક (I.Q.), સી.એ.ટી. (C.A.T.), લર્નિંગ ડીસએબિલિટી ટેસ્ટ (LD Screening) વગેરે.

- **મનની બીમારીનું નિદાન :**

ઉપરોક્ત મુદ્દાઓ પ્રમાણે ઊંડાણમાં માહિતી મેળવી, વૈજ્ઞાનિક વૈદ્યકીય તથા લેબોરેટરી અને સાઈકોલોજીકલ તપાસ કરી મનની બીમારીનું નિદાન કરાય છે. દર્દી ભારતમાં હોય, અમેરિકામાં હોય કે ઇંગ્લેન્ડમાં કે અન્ય દેશમાં હોય – આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણના પુસ્તક પ્રમાણે નિદાન કરાય છે, જે એક પદ્ધતિસરની (Standardized) પ્રક્રિયા છે.

***(સંપૂર્ણ)***

---

## ટ્રાયગ્લીસરાઇડ : લોહીમાં રહેલું એક કોલેસ્ટેરોલ

**(અનુસંધાન : પાના નં. – ૩૭ ઉપરથી ચાલુ)**

૯. ફળફળાદિ, શાકભાજીનો ઉપયોગ વધારે – ફાઈબર, રેસાવાળો ખોરાક આ કોલેસ્ટેરોલ ઘટાડે છે.

૧૦. બિન શાકાહારી વ્યક્તિઓએ ફિશનો ઉપયોગ અઠવાડિયામાં બે વખત કરી શકાય. જેમાં Omega Fatty Acid આવે છે.

ટુંકમાં ઓછી કેલેરીવાળો ખોરાક, ઓછી સુગર, ઓછી ચરબીવાળો ખોરાક ઉપર બતાવ્યા પ્રમાણે રોજિંદુ ૩૦ મિનિટ ચાલવાનું, લોહીમાં ચરબીના ઘટકોનું પ્રમાણ નિયમિત રાખે છે.

- **ટ્રાયગ્લીસરાઈડ વિશે અવનવું :**

૧. ભારત દેશમાં જંકફુડ, ખાવાની અનિયમિતતાના કારણે ટ્રાયગ્લીસરાઈડનું ઊંચું લેવલ હૃદયરોગ તથા બ્રેઈન સ્ટ્રોક જુવાન ઉંમરમાં થવાની શક્યતાઓ વધી છે.

૨. ટ્રાયગ્લીસરાઈડ અને કોલેસ્ટેરોલમાં શું તફાવત છે?
ટ્રાયગ્લીસરાઈડ વધારાની કેલેરીનો સ્ટોરેજ છે. જરૂર પડે એનર્જી આપી શકે છે. જ્યારે કોલેસ્ટેરોલ શરીરના કોષોનું બંધારણ તથા કેટલાક સ્રાવો માટે જવાબદાર છે.

૩. કયા પદાર્થો ખાસ ટ્રાયગ્લીસરાઈડ વધારે છે. Saturated Fats રેડ મીટ, ઈંડાન ગર્દી, ડેરી પ્રોડક્ટ્સ અને ફાસ્ટ ફુડ.

૪. ટ્રાયગ્લીસરાઈડની ચિંતા શા માટે? હૃદયના પ્રશ્નો તથા પેરાલિસીસની હુમલા – સ્વાદુપિંડ ઉપરનો સોજો – Acute pancreactisis.

૫. ઊંચા ટ્રાયગ્લીસરાઈડ માટેના જવાબદાર પરિબળો : જરૂરિયાત કરતા વધારાનો ખોરાક, ઊંચાઈ કરતા ઇંચમાં વધારાનું વજન, ધૂમ્રપાન, દારૂનું વધારે પડતું સેવન, કેટલીક દવાઓ, કેટલાક વારસાગત કારણો, થાઈરોઈડના રોગો, ટાઈપ-૨ ડાયાબિટીસ (બેકાબૂ), લીવર તથા કિડનીના રોગો. ■

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪૦

### શ્રી ઇડર તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



રમણીય પ્રકૃતિથી યુક્ત પહાડોની વચ્ચે આવેલું શ્રી ઈડર તીર્થ પ્રાચીનતાની સાથોસાથ સમર્થ આચાર્ય ભગવંતો અને દાનેશ્વરી શ્રાવકોની જન્મભૂમિ હોવાને કારણે વિશેષ ગૌરવ ધરાવે છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૬૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આખુંયે મંદિર દેવવિમાન સમું લાગે છે. એની લંબાઈ ૧૬૦ ફૂટ, પહોળાઈ ૧૨૫ ફૂટ તથા ઊંચાઈ ૫૫ ફૂટ છે. આજનું ઈડર નગર એના પ્રાચીન સ્થળ પર નથી. પ્રાચીન ઈડરના અવશેષો તો આજના ઈડરની ઉત્તર દિશામાં પહાડની તળેટીમાં પડેલા છે. આ અવશેષો જ એ ઈતિહાસગાથાના મૂક સાક્ષી છે. ભગવાન મહાવીરના નિર્વાણના ૨૮૫ વર્ષ બાદ શ્રી સંપ્રતિ રાજાએ શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી એવો ઉલ્લેખ મળે છે. જ્યારે મહારાજા કુમારપાળના સમયમાં વિદ્યમાન શ્રી જિનપતિસૂરિએ તીર્થમાળામાં લખ્યું છે કે, ઇડરગિરિ પર કુમારપાળે બનાવેલા મંદિરમાં પ્રથમ જિનેશ્વર સ્થાપિત કર્યા. શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા 'ઈડરનાં ઋષભદેવ સ્તવન'માં કુમારપાળે બંધાવેલા મંદિરનો જીર્ણોધ્ધાર ગોવિંદ શ્રેષ્ઠીએ કરાવ્યો તેવો ઉલ્લેખ છે. ૧૭મી સદી પછી શ્રી સંઘ દ્વારા મંદિરનો ફરી જીર્ણોધ્ધાર થયો અને તેમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી. આનો અંતિમ જીર્ણોધ્ધાર વિ.સં. ૧૯૭૦માં પૂ.આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો હતો. અહીં મૂળનાયક ભગવાન શાંતિનાથના પાવન દર્શનથી ભક્તજન અનુપમ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૪૧

### શ્રી ભોરોલ તીર્થ
### (શ્રી નેમિનાથ ભગવાન)




ડીસાથી ૬૦ કિ.મી. દૂર આવેલા ભોરોલ ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. પ્રાચીનકાળમાં આ તીર્થ પીપલપુર - પાટણ, પીપલગ્રામ વગેરે નામોથી વિખ્યાત હતું. અહીંની જમીનમાંથી પ્રાપ્ત થયેલી અનેક પ્રાચીન પ્રતિમાઓ અને અવશેષો પણ આ તીર્થની પ્રાચીનતાની ખાતરી આપે છે. એક સમયે અહીં અનેક જૈન મંદિરો અને જૈન શ્રાવકોનાં નિવાસ સ્થાનો હતા તેમજ ૧૫મી સદી સુધી આ તીર્થ ભારે જાહોજલાલી ધરાવતું હશે એમ લાગે છે. મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા અત્યંત પ્રભાવક અને ચમત્કારીક છે. દર વર્ષે કારતક અને ચૈત્ર મહિનાની પૂનમે અહીં મેળો ભરાય છે. આ તીર્થના મંદિરની બીજી બધી જ પ્રતિમાઓ જમીનમાંથી પ્રાપ્ત થયેલી. રાજા સંપ્રતિ કાળની મનોરમ અને અખંડિત પ્રતિમાઓ છે. આ.શ્રી પુણ્યતિલકસૂરીશ્વરજીના ઉપદેશથી વિ.સં. ૧૩૦૨માં શ્રીમાલ શેઠ પૂંજાશાહે શહેરની બહાર ૧૪૪૪ સ્તંભોવાળું ૭૨ દેવકુલિકાઓવાળું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. એ અગાઉ વિ.સં. ૧૨૬૧માં શ્રી જયપ્રભુસૂરીશ્વરજી દ્વારા નેમિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. આમ શેઠ પૂંજા શાહે વિશાળ મંદિર બંધાવ્યું તે પહેલાં આ તીર્થ જયપ્રભુસૂરીશ્વરજી દ્વારા નેમિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. આમ, શેઠ પૂંજા શાહે વિશાળ મંદિર બંધાવ્યું તે પહેલાં આ તીર્થ અસ્તિત્વમાં હોવું જોઈએ. વિ.સં. ૧૯૨૨ના ભાદરવા સુદ ત્રીજના દિવસે એક તૂટેલા જીર્ણ તળાવનો ટેકરો ખોદતાં શ્યામ વર્ણની શ્રી નેમિનાથ ભગવાનની અખંડ પ્રતિમા મળી આવી હતી, જે આજે ભોરોલના મંદિરમાં સ્થાપિત કરી છે. જૈનો અને જૈનેતરો બંને શ્રદ્ધાપૂર્વક એમની ઉપાસના કરે છે.

## બોધકથા : જેવું કરશો તેવું પામશો

કોઈપણ મનુષ્ય પોતાનાથી થયેલ પાપોને છુપાવવા ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં તેને છુપાવી શકતો નથી. જ્યારે કરેલ પાપોની સજા ભોગવવાનો સમય આવે છે ત્યારે ભલભલાની અક્કલ ઠેકાણે આવી જાય છે અને પોતે કરેલ પાપો યાદ આવે છે કે મેં કોની સાથે શું કર્યું હતું? એટલે હંમેશાં એક વાત યાદ રાખજો કે જે કરશે તે ભોગવશે. આપણે બધા એ જગતના માલીક પ્રભુ-પરમાત્માના શરણમાં છીએ.

જેવું વાવ્યું છે તેવું જ સામે આવવાનું છે. જેવા કર્મો કરીશું તેવા ફળ ભોગવવા જ પડવાના છે. હવે નિર્ણય આપણે કરવાનો છે.

મનુષ્ય પોતાના કર્મોનું જ ફળ પામે છે. કર્મનું ફળ કેવી રીતે મળે છે તેના વિશે એક પ્રસંગ જોઈએ. એક દિવસ એક રાજા પોતાના ત્રણ મંત્રીઓને દરબારમાં બોલાવીને ત્રણેને આદેશ આપે છે કે એક એક થેલો લઈને બગીચામાં જાઓ અને ત્યાંથી સારા સારા ફળ ભેગા કરીને લઈ આવો. ત્રણે મંત્રીઓ અલગ અલગ બગીચામાં પ્રવેશ કરે છે.

પહેલા મંત્રીએ એવો પ્રયત્ન કર્યો કે રાજાના માટે તેમની પસંદગીના સારામાં સારા રસદાર મીઠા ફળ ભેગા કરવામાં આવે. ઘણી જ મહેનત પછી ઘણા જ સારા અને તાજા ફળોથી થેલો ભરી દે છે. બીજા મંત્રીએ વિચાર્યું કે રાજા તમામ ફળોનું પરીક્ષણ તો કરવાના નથી! એટલે ઉતાવળથી થેલો ભરવા લાગ્યો. જેમાં કેટલાક તાજા તો કેટલાક કાચા અને સડી ગયેલા ફળોથી થેલો ભરી દીધો.

ત્રીજા મંત્રીએ વિચાર્યું કે રાજાની નજર તો ફક્ત ફળ ભરેલા થેલા ઉપર જ રહેવાની છે. થેલો ખોલીને રાજા જોવાના નથી કે અંદર ફળ કેવા છે? તેથી તેણે સમય બચાવવા જલ્દી જલ્દી થેલામાં ઘાસ અને પાંદડા ભરી દીધા.

બીજા દિવસે રાજાએ ત્રણે મંત્રીઓને તેમના થેલા સાથે દરબારમાં બોલાવ્યા અને થેલા ખોલીને જોયું પણ નહીં અને આદેશ આપ્યો કે ત્રણે મંત્રીઓને પોતપોતાના થેલા સહિત દૂર આવેલી એક જેલમાં પંદર દિવસ માટે પૂરી દેવામાં આવે. હવે જેલમાં તેમના ખાવા-પીવા માટે ફક્ત કોથળામાંના ફળ સિવાય કોઈ વ્યવસ્થા નહોતી. તેથી જે મંત્રીએ સારામાં સારા ફળ ભેગા કર્યા હતા તેણે આરામથી ફળ ખાઈને પંદર દિવસ પસાર કરી દીધા.

બીજા મંત્રી કે જેણે કેટલાક તાજા અને કેટલાક કાચા અને સડેલા ફળ ભેગા કરીને કોથળો ભેગો કર્યો હતો, તેને કેટલાક દિવસ સુધી તાજા ફળ ખાધા પછી તેને ખરાબ અને સડેલા ફળ ખાવા પડ્યા. તેથી તે બીમાર પડી જાય છે અને ઘણી જ તકલીફ સહન કરે છે. અને ત્રીજો મંત્રી કે જેણે કોથળામાં ફક્ત ઘાસ અને પાંદડાં જ ભેગા કર્યા હતા, તે કેટલાક દિવસ બાદ ભૂખના કારણે મરી જાય છે.

હવે આપણે પોતાની જાતને પૂછવાનું છે કે અમે શું જમા કર્યું છે? અમે અત્યારે જીવનના બાગમાં છીએ, જ્યાં ધારીએ તો સારા કર્મો જમા કરાવી શકીએ છીએ અને ધારીએ તો ખરાબ કર્મો જમા કરાવી શકીએ છીએ. પરંતુ એ યાદ રાખવાનું છે કે આપણે જે જમા કરીશું તે જ આપણને જન્મોજન્મ સુધી કામ આવવાનું છે.

*– કુ. નીતુ સૈની*

## બોધકથા : બેટા, હું લપસી ગયો છું પણ પડ્યો નથી...

ગાડીને વરસાદી વાતાવરણમાં પાર્કિંગમાંથી મેં બહાર કાઢી. અમારા વર્કશોપ સુપરવાઇઝર ભટ્ટ સાહેબ, જેને હું પ્રેમથી ભટ્ટકાકા કહેતો, ધીમા પગે... વરસાદમાં તેમની જાતને બચાવતા ચાલતા હતા. મેં કારને બ્રેક મારી. ભટ્ટ સાહેબને કીધું, કાકા, ગાડીમાં બેસી જાવ. તમે કહેશો ત્યાં ઉતારી દઈશ. કાર રસ્તા વચ્ચે દોડતી હતી. મેં કીધું, કાકા ખરાબ ના લગાડતા પણ આપની ઉંમર હવે આરામ કરવાની નથી? કાકા ધીરું પણ માર્મિક કારની બારી બહાર વરસાદ જોતાં ધીરેથી બોલ્યા, બેટા, જરૂરિયાત વ્યક્તિને કાં તો લાચાર બનાવે છે અથવા આત્મનિર્ભર થતાં શીખવાડે છે. જીવવું છે તો રડી રડી, યાચના અને યાતના ભોગવીને જીવવું તેના કરતાં સંઘર્ષ કરી લેવો.

મતલબ હું સમજ્યો નહીં. ભટ્ટ કાકા આપની ઉંમર? બેટા, મજબુરી માણસને વગર ઉંમરે ઘરડું કરી નાખે છે, પણ હું ઉંમરલાયક હોવા છતાં યુવાન જેવું કામ કરું છું કારણકે લાચારી સામે ફક્ત તમારી લાયકાત જ લડી શકે છે અથવા તમારું મનોબળ અને જે મારી પાસે છે. મારે ૭૨ પૂરા થયા. ભટ્ટ સાહેબ મીઠા સ્માઈલ સાથે બોલ્યા.

મારાથી બોલાઈ ગયું : કાકા, દીકરા પાસે અમેરિકા જતા રહો. આ ઉંમરે શાંતિથી જીવો.

ભટ્ટ સાહેબ થોડા ગંભીર થઈ બોલ્યા. કચ્છી ભાષાના સર્વકાલીન ઉત્તમ કવિ તેજપાલનું એક મુક્તક યાદ આવ્યું બેટા...

*સંસાર સભર સ્વારથી કેંકે ડિને ડોસ?*
*હલેં તે સુંધે હકલ પેઓ, છડે હરખ ને સોસ.*

***અર્થ :*** સંસાર સ્વાર્થથી ભરપૂર છે. તું કોને દોષ આપીશ?

જ્યાં સુધી ચાલે ત્યાં સુધી હર્ષ અને શોક છોડીને ચલાવ્યે રાખ.

કાકાની હસતી આંખો પાછળ દુઃખનો દરિયો છલકાતો હતો. બેટા... **મારે પણ ફેક્ટરી હતી. ભૂલ માત્ર એટલી કરી, મેં મારા પુત્રને ખોટા સમયે વહીવટ કરવા સોંપી હું નિવૃત્ત થઈ ગયો. યુવાનીના થનગનાટમાં ખોટા નિર્ણયો લેવાઈ ગયા.**

એક મારી જાણ બહાર ફેક્ટરીને વેચી, રૂપિયા રોકડા કરી અમેરિકા ભેગો થઈ ગયો. એકાદ વર્ષ પછી અમેરિકાથી ફોન આવ્યો, પપ્પા ઘર કેમ ચલાવો છો? દર મહિને જરૂર હોય તો રૂપિયા મોકલું?

**મેં કીધું, બેટા... હું લપસી ગયો છું, પણ પડ્યો નથી.** તને એક વર્ષે તારા બાપાની યાદ આવી. એક વર્ષ તારો બાપ મંદિરે નથી બેઠો સમજ્યો? ફોન મૂક. શરમ જેવું હોય તો બીજી વખત ફોન ના કરતો...

તારા કાકીએ મારી સામે દયાની નજરે જોયું. મેં તારા કાકીને કીધું, અરે ગાંડી, મુંઝાય છે શા માટે? લૂંટવાવાળા તો ભલે લૂંટી જાય, એને તો ફક્ત બે હાથ જ છે. દેવાવાળો મારો કાનુડો છે, જેને હજારો હાથ છે...

ભટ્ટ કાકા... તમને તમારા પુત્ર તરફ કોઈ ફરિયાદ ખરી? જો બેટા, બધા લેણાદેણીના ખેલ છે. મારી પાસે પૂર્વજન્મનું કંઈક માંગતો હશે તો લઈ ગયો. કેમ લઈ ગયો તેનું દુઃખ નથી. આમે તે હક્કદાર અને મારો વારસદાર હતો. પણ લેવાની રીત, સમય અને વર્તન યોગ્ય ન હતું.

બસ બેટા, ગાડી આ શ્રીકૃષ્ણના મંદિર પાસે ઉભી રાખ. કાનુડાને સવાર-સાંજ મળ્યા વગર ઘરે નથી જતો. હવે બોલતા સંબંધો સાથે નફરત થઈ ગઈ છે. તેના કરતાં વગર બોલે કામ કરતો મારો કાનુડો સારો.

ભટ્ટ કાકાને ગાડી બંધ કરી મેં હાથ પકડી મંદિર સુધી લઇ જવા પ્રયત્ન કર્યો. પણ ભટ્ટ કાકા બોલ્યા, બેટા, હું ઘણા વખતથી કોઈનો હાથ પકડતો નથી... કારણકે... પકડેલો હાથ કોઈપણ વ્યક્તિ વગર કારણે જ્યારે છોડી દે છે એ સહન નથી થતું... તેના કરતાં ધીરું અને સંભાળીને પણ આપણા પગે ચાલવું.

એ ફરીથી હસતા હસતા બોલ્યા, બેટા, હું લપસી ગયો છું પણ હજુ પડ્યો નથી. મારો કાનુડો છે ને... નહીં પડવા દે! ચલ બેટા, જય શ્રીકૃષ્ણ...

પ્રભુ ઉપર અતૂટ વિશ્વાસ અને પોતાની મક્કમ પણ ધીરી ગતિથી ચાલતા ભટ્ટકાકાને હું જોઈ રહ્યો.

મિત્રો... દુઃખ એ અંદરની વાત છે. સમાજને તેનાથી મતલબ નથી. સમાજને હંમેશાં હસતો ચહેરો ગમે છે. ગમે તેટલું દુઃખ પડે અંદરથી તૂટી જશો તો ચાલશે પણ બહારથી તો વાઘ જેવું વ્યક્તિત્વ રાખજો. સમાજ નિચોવી નાખવા બેઠો છે.

તૂટેલી ભગવાનની મૂર્તિને તો લોકો ઘરમાં પણ નથી રાખતા તો આપણી તો શું હેસિયત છે. રડવું હોય તો ભગવાન સામે રડી લેજો. બધાના ખભા એટલા મજબૂત નથી હોતા. જેમ સિંહણનું દૂધ ઝીલવા સુવર્ણનું પાત્ર જોઈએ તેમ... આપણી આંખના આંસુ ઝીલવા સજ્જન માણસનો ખભો જોઈએ. સમાજ અને કુટુંબમાં મંથરા અને શકુનિ મામા ઘણા ફરે છે. ત્યાં હળવા થવાની કોશિશ ના કરતા. મેં ગાડી ચાલુ કરી થોડો ફ્રેશ થવા એફ.એમ. રેડિયો ચાલુ કર્યો. કિશોરકુમારનું ગીત વાગતું હતું : ''ચીંગારી કોઈ ભડકે... તો સાવન ઉસે બુઝાયે... સાવન જો અગન લગાયે, ઉસે કૌન બુઝાયે... પતઝડ જો બાગ ઉજાડે, વો બાગ બહાર ખિલાયે... જો બાગ બહારમેં ઉજડે, ઉસે કૌન ખિલાયે...?''

આપણી વ્યક્તિ જ જિંદગી ઉજ્જડ કરે તો દોષ કોને દેવો?

એક પિતાએ તેના પુત્રના નામે દૌલત લખતા પહેલા કીધેલા શબ્દો યાદ આવ્યા : 'બેટા, હું તારા ઉપર આંધળો વિશ્વાસ મૂકું છું. જવાબદારી તારી છે, મને આંધળો સાબિત ન કરવાની.'

જિંદગીમાં બધી ચાલ ચાલજો, પણ કોઈનો વિશ્વાસ તોડતા નહીં કારણકે એ વ્યક્તિ માટે તો તમારા ઉપર મૂકેલ વિશ્વાસ જ તેની મરણ મૂડી હોય છે અને એ ગુમાવ્યા પછી મોતની રાહ જોયા સિવાય તેની પાસે કશું બચતું નથી. ■


# Relitrade Stock Broking Pvt. Ltd.

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Retail Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# મલ્ટી સ્ટેટ બેંક ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંકની મુંબઈ સ્થિત બોરીવલી બ્રાંચનું નવપ્રસ્થાન સાથે સ્મોલ બેંક બનવાની નેમ




દેશની સહકારી બેંકોમાં મોખરાની હરોળમાં સ્થાન ધરાવતી મલ્ટીસ્ટેટ ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક હવે મલ્ટીસ્ટેટ બેંક દ્વારા મુંબઈની કચ્છ કો.ઓ. બેંક લિમિટેડને ટેકઓવર કર્યા બાદ બોરીવલી બ્રાંચના નવ પ્રસ્થાનના ખાસ કાર્યક્રમની ઉજવણી મુંબઈના બોરીવલી (વેસ્ટ) મધ્યે આવેલા શ્રી સ્થાનકવાસી જૈન સંઘ હોલ ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રથી કરવામાં આવી હતી.

અગાઉની કચ્છ કો.ઓ. બેંક લિમિટેડના સ્થાપક અને આરતી ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી ચંદ્રકાંત ગોગરીના અધ્યક્ષપદે આ કાર્યક્રમ યોજાયો હતો. અધ્યક્ષપદેથી બોલતા શ્રી ગોગરીએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં બી.એમ.સી.બી. બેંક ઘણી પ્રગતિ કરશે એવી ચોક્કસ ખાતરી છે અને સ્મોલ ફાઈનાન્સ બેંક તરફ આગળ વધવા પ્રયત્નશીલ છે. હાલના સમયમાં અન્ય બેંકો કરતાં સ્મોલ ફાઈનાન્સ બેંકનો ગ્રોથ વધુ જણાય છે. કચ્છના દરેક ગામમાં એક પેઢી ફાઈનાન્સનો બિઝનેસ કરે છે. એ સપનું એક મોટા લેવલ પર લાવી, કચ્છમાંથી એક બેંક સ્વરૂપે આપણને ભુજ મર્કેન્ટાઈલ બેંક મળી છે. આપણા ગુજરાતીઓએ બે મોટી પ્રાઈવેટ બેંકો ઊભી કરી છે જેનો બિઝનેસ સારો રહ્યો છે, ગ્રોથ સારો રહ્યો છે ત્યારે બી.એમ.સી.બી. એવી જ બેંક બનશે જે સ્મોલ ફાઈનાન્સ બેંક બની કચ્છની, ગુજરાતની મોટી બેંક બનશે અને ગુજરાતીઓમાં ફાઉન્ડર ચેરમેન સી.એ. મહેન્દ્રભાઈ મોરબીયાનું નામ વિશાળ ફલક પર આગળ વધે એવી શુભકામનાઓ પાઠવી હતી.

ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લી.ના ફાઉન્ડર ચેરમેન સી.એ. મહેન્દ્રભાઈ મોરબીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે બોરીવલી બ્રાંચના નવપ્રસ્થાનમાં ઉપસ્થિતોનું અભિવાદન કર્યું હતું. ગયા વર્ષે આપણે કચ્છ કો.ઓ. બેંકની ટેકઓવરની આપણે મુંબઈ ખાતે ઉજવણી કરી હતી અને હવે બોરીવલી બ્રાંચના નવપ્રસ્થાનની ઉજવણી આપણે કરી રહ્યા છીએ. આ નૂતન બ્રાંચનું ઓપનિંગ આપણે ચંદ્રાવરકર રોડ પર કરી રહ્યા છીએ અને ખાસ સિનિયર સિટીઝન અને સામાન્ય ગ્રાહકોને બેંકની સગવડો લેવા માટે અનુકૂળતા રહે એ હેતુથી ગ્રાઉન્ડ ફ્લોરવાળું લોકેશન પસંદ કરવામાં આવ્યું છે. બી.એમ.સી.બી. હવે ૨૮ વર્ષની યુવા બેંક થઈ ગઈ છે. આ બેંકે ઘણી બધી મુશ્કેલીઓ, પડકારો અને હરીફાઈઓ વચ્ચે આપ સહુના સહકારથી પ્રગતિ કરી રહી છે અને આજે આ બેંક મલ્ટી સ્ટેટ બેંક પણ થઈ ચૂકી છે. ૧૯૯૫માં બેંકની શરૂઆત થઈ એ મારા જીવનનો મહત્ત્વનો માઈલસ્ટોન માનું છું. આ બેંકે બેંકની સ્થાપનાથી જ એ સમયમાં નવા નવા કીર્તિમાન સ્થાપિત કર્યા હતા. ગુજરાતમાં સૌ પ્રથમવાર ૩૬૫ દિવસનું બેન્કિંગ, એ ઉપરાંત મોબાઈલ બેન્કિંગ જેવી સગવડોની શરૂઆત બી.એમ.સી.બી.એ તે વખતે જ કરી હતી. જ્યારે ભુજમાં પ્રાઈવેટ બેંકોની શરૂઆત પણ નહોતી થઈ ત્યારે ઈન્ટર બ્રાંચ કનેક્ટીવિટીની શરૂઆત કરવામાં આવી. ગુજરાતની સહકારી બેંકોમાં સર્વપ્રથમ એ.ટી.એમ. BMCB એ ઈન્સ્ટોલ કર્યું. ૨૦૦૮માં ભારતભરની સહકારી બેંકોમાં અગ્ર સ્થાન મેળવ્યું. મુંબઈની કચ્છ કો.ઓ. બેંકનું BMCB એ ટેકઓવર કર્યા પછી ડિપોઝીટ ગ્રોથ પણ થયો છે. મલ્ટી સ્ટેટનો દરજ્જો મળ્યા પછી હવે BMCB ની ૧૨ બ્રાંચો થઈ છે અને આધુનિક સગવડો આપવામાં આવી છે. કોરોના મહામારી વખતે બેંકે આત્મનિર્ભર લોન આપી આશીર્વાદરૂપ કાર્ય કર્યું છે. **આવનાર દિવસોમાં શીડ્યુલ બેંક સ્મોલ ફાઈનાન્સ બેંક બનાવવાની નેમ છે.** બેંકના શેરહોલ્ડર્સ, બેંકના ગ્રાહકો, સ્ટાફ મિત્રો અને શુભેચ્છકોના સહયોગથી બેંકે પ્રગતિ કરી

છે, જે માટે સૌનો શ્રી મોરબીયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ઈન્સ્ટીટ્યુટ ઓફ સી.એ. ઓફ ઈન્ડિયાના પૂર્વ પ્રમુખ શ્રી CA નીલેશભાઈ વિકમશીએ જણાવ્યું હતું કે તેઓએ BMCB ના ઓડિટ રીપોર્ટ એનાલિસીસ કર્યા છે અને એ રીપોર્ટ વાંચતા બેંકની ગુણવત્તા ઉચ્ચ છે.

આ પ્રસંગે અગાઉની કચ્છ કો.ઓ. બેંકના પૂર્વ ચેરમેન ડૉ. નેમજીભાઈ ગંગર, નવનીત હાઈટેક હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ ભેદા, નવનીત એજ્યુકેશન લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જ્ઞાનેશ (સુનિલ) ગાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ યુવક સંઘના શ્રી કોમલ આર. છેડા, એન્કરવાલા અહિંસાધામના શ્રી મહેન્દ્ર સંગોઈ, અરિહંત કો.ઓ. બેંક લિમિટેડના ચેરમેન શ્રી યશોધન કારાણી, ગોયલ શોપિંગ સેન્ટરના પ્રણેતા શ્રી ખુશાલ ધરોડ, ક.વી.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી પરેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ધી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિમિટેડનું નવું સરનામું : શોપ નંબર-૭, કપૂર એપાર્ટમેન્ટ, ચંદાવરકર રોડ, ઓમ શાંતિ ચોક, બોરીવલી રહેશે તેવું બેંકના ચેરમેન શ્રી ધર્મેશભાઈ મહેતાએ જણાવ્યું હતું. મુંબઈ એટલે સવાયું કચ્છ છે. મુંબઈની શાખાઓ થકી મુંબઈ અને કચ્છ વચ્ચે વધુ સમન્વય સાધી શકાશે અને વ્યાપારીક અને વ્યવસાયીક રીતે વધુ સગવડતાભર્યું રહેશે તેવું બેંકના ડાયરેક્ટર્સ CA મનોજભાઈ લેકિનવાલા, શ્રી હેમલભાઈ માણેક, શ્રી રાજેશ શાહ, શ્રી પુનીત શાહ, ઍડવાઈઝર નારાયણભાઈ ત્રિવેદી તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટના CA નીલમબેન શાહ, CA ઋષિલ સોની, શ્રી નીતિનભાઈ સંઘવી, શ્રી નીરજ મહેતાએ જણાવ્યું હતું.

બેંકની ડિપોઝીટ હાલે રૂપિયા ૪૦૦ કરોડ પહોંચી છે અને ધીરાણ રૂપિયા ૩૨૩ કરોડ છે. ગત વર્ષનો ચોખ્ખો નફો રૂપિયા ૧૨ કરોડ થયો છે અને બેંકનું નેટ એન.પી.એ. ૦% છે તથા બેંકનું ગવર્નમેન્ટ સિક્યુરીટીઝમાં રૂપિયા ૧૨૨ કરોડનું રોકાણ છે તેમ બેંકના સી.ઈ.ઓ. શ્રી જે.જે. શાહે જણાવ્યું હતું.

કચ્છ યુવક સંઘના શ્રી કોમલ આર. છેડાએ જણાવ્યું હતું કે, કચ્છીઓ મૂળે વ્યાપારી છે ત્યારે BMCB જેવી કચ્છી અને પોતિકી બેંક મળે ત્યારે કચ્છ અને બૃહદ્ કચ્છ સંપૂર્ણ સહયોગ આપે તેવી આશા વ્યક્ત કરી હતી.

મુંબઈની બંને બ્રાંચના ગ્રાહકોને 24 X 7 ઘરબેઠા RTGS અને NEFT ની સુવિધા મળી રહેશે. ઉપરાંત QR કોડ મારફતે સીધા જ પોતાના ખાતામાં નાણાં મેળવી શકે એવી સુવિધા અપાશે તેવું બેંકના જનરલ મેનેજર CA સ્મિત મોરબીયા અને રીટાબેન શાહે, બોર્ડ સેક્રેટરી મનોજભાઈ ગોર અને મુંબઈના સિનિયર મેનેજર મનોજભાઈ દેઢિયાએ જણાવ્યું હતું. આ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોને અને બેસ્ટ કસ્ટમર્સને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા.

બેંક વતી આસિ. જનરલ મેનેજર ગિરીશભાઈ શાહ, મેનેજર જયેશભાઈ ભટ્ટ, પારૂલકુમાર કાપડિયા હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન ડાયરેક્ટર CA નીતિન મારૂએ કર્યું હતું અને સંચાલન અવની સાવલિયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પૂજા ગણાત્રા, સંગીતા સોલંકી, જય જોની વિ.એ જહેમત ઉઠાવી હતી. ■

## ગઝલ

ખબર ક્યાં કે સુખ સાથ છોડી સરકશે,
ને મારા જ શ્વાસો મને બહુ ખટકશે.

નયનમાં ઉદાસી, ગઝલમાં ઉદાસી,
ન જાણે ઉદાસી આ ક્યાં ક્યાં ભટકશે?

કપાયો નથી ત્યાં સુધી બોલબાલા,
પછી ડાબે, જમણે ના કોઈ ફરકશે.

વિચારે વિચારે, વિચારું તને હું,
વિચારો ભલા! બીજે ક્યાં જઈ અટકશે?

થશે આંખ ભીની જો તારા સ્મરણથી,
કલમથી કવિતામાં અશ્રુ ટપકશે.

ગઝલ તો લખાતી જશે ત્યારે 'જીનલ'
હૃદય જ્યારે ભીના સ્મરણથી છલકશે.

*અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, લાખાપુર*

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦

# બી.એમ.સી.બી. બેંકના ફાઉન્ડર ચેરમેન CA મહેન્દ્રભાઈ મોરબીયાનું મુંબઈમાં ભવ્ય સન્માન




૧૯૯૫માં કચ્છના લોકો માટે ઉચ્ચત્તમ, કૌટુંબિક વાતાવરણવાળી અને ગ્રાહકલક્ષી સુવિધાસભર બેન્કિંગ આપવા માટેની નેમ સાથે ધી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંકની સ્થાપના કરનાર સ્વપ્નદૃષ્ટા CA મહેન્દ્રભાઈ મોરબીયાનું તાજેતરમાં મુંબઇના કચ્છીઓએ ભવ્ય સન્માન કર્યું હતું. બૃહદ્ કચ્છ એવા મુંબઈમાં પણ બેંક શરૂ કરવા સહકાર આપવા બદલ (બોરીવલી બ્રાંચના નવપ્રસ્થાન નિમિત્તે) યોજાયેલા કાર્યક્રમમાં બેંકના ફાઉન્ડર ચેરમેન CA મહેન્દ્રભાઈ મોરબીયાને આરતી ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન અને BMCB એડવાઇઝરી બોર્ડના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, ઈન્સ્ટિટ્યુટ ઓફ CA ઓફ ઇન્ડિયાના પૂર્વ પ્રમુખ અને ફેડરલ બેંકના પૂર્વ ચેરમેન CA નીલેશભાઇ વિકમશીના હસ્તે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે બેંકના જનરલ મેનેજર CA સ્મિત મોરબીયા, જાણીતા ડોનર અને BMCB બેંકના ડાયરેક્ટર શ્રી દીપકભાઈ ભેદા, કચ્છ યુવક સંઘના સ્થાપક કોમલ છેડા, નવનીત ગ્રુપના શ્રી સુનિલ ગાલા, એંકરવાલા અહિંસાધામના પ્રણેતા શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ વગેરે જોડાયા હતા.

અધ્યક્ષપદેથી બોલતા શ્રી ગોગરીએ જણાવ્યું હતું કે, BMCB બેંક સ્મોલ ફાઈનાન્સ બેંક બનવા પ્રયત્નશીલ છે. ગુજરાતીઓમાં ફાઉન્ડર ચેરમેન CA મહેન્દ્રભાઈ મોરબીયાનું નામ વિશાળ ફલક પર આગળ વધે એવી તેમણે શુભકામનાઓ પાઠવી હતી.

ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લી.ના ફાઉન્ડર ચેરમેન CA મહેન્દ્રભાઈ મોરબીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, BMCB બેંકની ૧૯૯૫માં સ્થાપના થઇ એ મારા જીવનનો મહત્ત્વનો માઇલસ્ટોન હતો. BMCB હવે ૨૮ વર્ષની યુવા બેંક થઈ ગઈ છે. આ બેંકે ઘણી બધી મુશ્કેલીઓ, પડકારો અને હરીફાઈઓ વચ્ચે આપ સહુના સહકારથી પ્રગતિ કરી રહી છે અને આજે આ બેંક મલ્ટી સ્ટેટ બેંક પણ બની ચૂકી છે. આ બેંકે બેંકની સ્થાપનાથી જ એ સમયમાં નવા નવા કીર્તિમાન સ્થાપિત કર્યા હતા. ભારતભરમાં સૌ પ્રથમવાર ૨૪ કલાક અને ૩૬૫ દિવસનું બેન્કિંગ ઉપરાંત જ્યારે પ્રાઈવેટ બેંકોની શરૂઆત પણ નહોતી થઈ ત્યારે ઈન્ટર બ્રાંચ કનેક્ટીવિટીની શરૂઆત બેંક દ્વારા કરવામાં આવી હતી. ગુજરાતની સહકારી બેંકોમાં સર્વપ્રથમ એ.ટી.એમ. BMCB એ ઇન્સ્ટોલ કર્યું.

૨૦૦૮માં ભારતભરની સહકારી બેંકોમાં સર્વ પ્રથમ સ્થાન BMCB એ મેળવ્યું. મુંબઈની કચ્છ કો.ઓ. બેંકને BMCB એ ટેકઓવર કર્યા પછી એક વર્ષમાં ૬૦%નો ડિપોઝીટ ગ્રોથ પણ થયો છે. કોરોનાના કપરા કાળમાં બેંકે ૨૫૦૦ વેપારીઓને ફક્ત ૪% વ્યાજે ૨,૫૦,૦૦૦ની લોન આપીને ઉમદા કાર્ય કર્યું છે. અને હવે આવનારા દિવસોમાં શિડ્યુલ બેંક બનીને સ્મોલ ફાઈનાન્સ બેંક બનાવવાની BMCB ની નેમ છે. બેંકના શેર હોલ્ડર્સ, બેંકના ગ્રાહકો, સ્ટાફ મિત્રો અને શુભેચ્છકોના સહયોગથી બેંકે પ્રગતિ કરી છે. જે માટે સૌને શ્રી મોરબીયાએ અભિનંદન આપ્યા હતા.

શ્રી મોરબીયાએ ગ્રામીણ બાળકોને ઉત્તમ શિક્ષણ મળે એ હેતુથી પ્રાથમિક શાળાની પણ રચના કરી છે. ઉપરાંત આરોગ્ય ક્ષેત્રે કચ્છ પાછળ ન રહે એ હેતુ ઘર આંગણે નર્સિંગ કોલેજની પણ સ્થાપના કરી છે. જે કાર્યની પણ આ પ્રસંગે નોંધ લેવાઈ હતી. ■

*આજકાલ લોકો સમજે છે ઓછું અને સમજાવે છે વધુ,*
*અને તેથી જ પરિસ્થિતિ સુલટે છે ઓછી અને ઉલજાય છે વધું.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી માકપટ જૈન ગૂર્જર સમાજ

### દીર્ઘ સંયમી જૈન સાધ્વીજી કમલપ્રભાશ્રીજી મહારાજની પુણ્યતિથિની અનોખી ઉજવણી

પંજાબ કેસરી વિજયવલ્લભસૂરિ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ શ્રુતભાસ્કર પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મધૂરંધર સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તી પરમ પૂજ્ય પ્રવર્તિનીપદ વિભૂષિતા સાધ્વીજી શ્રી કલમપ્રભાશ્રીજી મહારાજ સાહેબની પ્રથમ વાર્ષિક દેવલોકગમન તિથિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી.

આજથી ૮૬ વર્ષ પહેલાં અંગીયા ગામમાં જન્મ લઇ ૧૫ વર્ષની ઉંમરે જૈન દીક્ષા અંગીકાર કરી સાધ્વીજી બન્યા હતા. ૭૦ વર્ષનું સંયમ જીવન પાળી ૧ વર્ષ પહેલાં નખત્રાણા ચાતુર્માસ દરમિયાન કાળધર્મ પામ્યા. પૂજ્ય સાધ્વીજી ભગવંતે સંયમ જીવન દરમિયાન અનેક ચાતુર્માસ માકપટ પ્રદેશમાં કરી અનેક જૈન-અજૈન લોકોને ધર્મની સાચી સમજણ આપી હતી. પરમ નિસ્પૃહી, ચુસ્ત સંયમી અને માતૃત્વસભર સ્વભાવને લીધે લોકો એમની પાસે સહજ ધર્મ પામી જતા. માકપટ સમાજના અનેક લોકોના ઘરમાં કંદમૂળ, રાત્રિભોજન, વ્યસન વગેરે ત્યાગ કરાવી ધર્મના માર્ગે વાર્યા હતા.

એમની પ્રથમ પુણ્યતિથિના દિવસે પૂજ્ય સાધ્વીજી શ્રી વિશિષ્ટપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી માકપટ જૈન ગૂર્જર સમાજ - કચ્છના દરેક ગામોમાં વિશિષ્ટ ઉજવણી કરવામાં આવેલ હતી. પાલીતાણા મધ્યે ગુરૂભક્તો તરફથી વિશિષ્ટ સિધ્ધચક્ર પૂજન, અનાથાશ્રમમાં ભોજન, જીવદયા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

નખત્રાણા, અંગીયા, વિથોણ, સામત્રા, માનકુવા, સુખપર, ભુજ, માધાપુર, વર્ધમાનનગર અને ગાંધીધામમાં અલગ અલગ જગ્યાએ માનવસેવાના કાર્યો જેવા કે શ્રમજીવી વસાહતમાં મિષ્ટાન્ન ફરસાણ ભોજન વગેરે, કન્યાશાળામાં જમણવાર, ભુજ મધ્યે અબોલ જીવોને નીરણ, દરેક ગામોમાં ગાય કૂતરા પક્ષીઓ વગેરેને નીરણ કરવામાં આવ્યું હતું. ભદ્રેશ્વર અને વાંકી તીર્થના તમામ સ્ટાફને મિષ્ટાન્નના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક ગામમાં નવકાર મહામંત્રના જાપનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ગામમાં સમાજના અગ્રણીઓ, હોદ્દેદારો, સંઘના ટ્રસ્ટીઓ, મહિલા મંડળ અને યુવક મંડળ વગેરે મોટી સંખ્યામાં જોડાઈ પૂજ્ય સાધ્વીજી ભગવંતને શ્રદ્ધાંજલી આપી હતી. આયંબીલ અને જીવદયા માનવસેવા, જાપ-પૂજા વગેરે માટે અનેક દાતા પરિવારનો સહયોગ મળેલ હતો. શ્રી માકપટ જૈન ગૂર્જર સમાજ કચ્છ અને મુંબઈના તમામ ચૂલા દીઠ સાંજીનો લાભ માતુશ્રી જયાબેન લીલાધરભાઈ બેચરભાઈ મહેતા પરિવાર વિથોણ હાલે મુંબઈવાળાએ લીધેલ હતો.

સમાજના પ્રમુખ શ્રી વિનોદભાઈ શેઠ, મંત્રીશ્રી વિનેશભાઈ શાહ, ગુરૂમૈયાને શ્રદ્ધાંજલી અર્પણ કરી આ સમગ્ર કાર્યક્રમને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ આયોજન ધાર્મિક સમિતિના કન્વીનર મલય શાહ, વિરલ શેઠ અને સમાજના અનેક યુવા કાર્યકરો દ્વારા કરવામાં આવેલ હતું. જે સમાજના મીડિયા કન્વીનર પીંકેશભાઈ શાહ અને ઍડ. રોનિતભાઈ શાહ દ્વારા યાદીમાં જણાવેલ છે.

## ઇનર વ્હીલ ક્લબ ઓફ માધાપર - લોટસ

### *વિશ્વ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી*

ઈનર વ્હીલ ક્લબ ઓફ માધાપર લોટસના આયોજનથી શિક્ષણ, એ દરેક મનુષ્યના જીવનનો આધાર છે એ વાતને ધ્યાનમાં રાખી વિશ્વ શિક્ષક દિનની ઉજવણી માધાપર મધ્ય કવિ કલાવૃંદ સંસ્થાની હાજરીમાં તથા પૂર્વપ્રમુખ શ્રીમતી પારૂલબેન કાળાના વરદ્ હસ્તે દિલ્હીથી આવેલા નેશનલ સર્ટીફિકેટ ઍવોર્ડ અને મોમેન્ટો આપીને શિક્ષકોને સન્માની, વિશ્વ શિક્ષક દિન નિમિત્તે ક્લબે કરેલા શિક્ષણના પ્રયત્નો ગામડામાં અંતરીયાળ વિસ્તારમાં શિક્ષણ માટે વિવિધ પ્રવૃત્તિ થઈ રહી છે તેની જાણકારી ક્લબના પ્રમુખ ડૉ. મમતાબેન ભટ્ટે આપી હતી તેમજ પ્રાસંગિક પ્રવચન દિલીપ આચાર્ય (પ્રમુખ, કવિ કલાવૃંદ) એ આપેલું હતું. શ્રી વસંતદાનભાઈ ગઢવીએ સન્માનનો પ્રત્યુત્તર આપતા આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ ઍવોર્ડ : (રાષ્ટ્ર નિર્માતા) નેશન્સ બિલ્ડર ઍવોર્ડ (૧) વસંતદાન ગઢવી - વેકરા કુમાર, (૨) શ્રીમતી વનિતા શિયાણી - વેકરા કન્યા, (૩) શ્રીમતી ઊર્મિબેન પારેખ મોડેલ સ્કુલ - માધાપર, કચ્છ; (૪) શ્રીમતી કોમલ દરજી - જુમખા પ્રાથમિક શાળા, ભુજ; (૫) ડૉ. મમતા ભટ્ટ રામપર ગ્રુપ શાળાને આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ક્લબના ઉપપ્રમુખ શ્રી રીંકલબેન રાજાણી અને કોમલબેને વ્યવસ્થા સંભાળી હતી તેમજ મિત્તલબેને આભારવિધિ કરી હતી. કાર્યક્રમ સંચાલન મુંજાલભાઈ જાનીએ કર્યું હતું.

## માનવ જ્યોત સંસ્થા - ભુજ

**માતા-દીકરીનું ૨૦ વર્ષ પછી થયું મિલન**
**હૈયાફાટ રૂદન સાથે ભાવુક દૃશ્યો સર્જાયા**
**માતાએ ચર્ચમાં કરેલી પ્રાર્થના ફળી**
**મધ્યપ્રદેશ પોલીસ ભુજ આવી પહોંચી**

મધ્ય પ્રદેશના છિંદવાડા વિસ્તારની માધવી ઉર્ફે મીના (ઉ.વ. ૨૦) અચાનક ગૂમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. તે ભારતના જુદા જુદા રાજ્યોમાં રખડતી-ભટકતી રહી હતી અને અનેકવિધ મુશ્કેલીઓ વેઠી હતી. આખરે તે બાયડના જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટના આશ્રમે પહોંચી હતી. ટ્રસ્ટના સંચાલકો અશોક જૈન, વિશાલ પટેલ, વિજય પટેલ અને સર્વે સ્ટાફે તેની ખૂબ જ સારી સારવાર કરી.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજના સિનિયર પેરાલીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા બાયડ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ મહિલાને સાથે લઈ ભુજ આવ્યા. ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલમાં તેની સારવાર કરાવતાં તે સ્વસ્થ બની હતી.

એનું ઘર અને પરિવાર શોધવાનું કાર્ય કઠિન હતું કારણકે તેને ગૂમ થયે ૨૦ વર્ષ વીતી ગયા હતા. રીતુબેન વર્માએ મધ્યપ્રદેશ પોલીસની મદદ લઈ તેનું ઘર અને પરિવાર શોધી કાઢ્યા. પરિવારજનોએ વીડિયો કોલ કરી ખાત્રી મેળવી લઈ ભુજ આવી પહોંચ્યા. માતા-દીકરી અને ભાઈ-બહેનનું વીસ વર્ષ પછી મિલન થતાં હૈયાફાટ રૂદન સાથે ભાવુક દૃશ્યો સર્જાયા હતા. દીકરીએ માતાને ઓળખી કાઢી માતાને ભેટી પડી હતી. મધ્યપ્રદેશના ક્રિશ્ચિયન પરિવારની વૃદ્ધ માતાએ જણાવ્યું હતું કે, મેં ચર્ચમાં મારી ગૂમ દીકરી મને પાછી મળે તેવી પ્રાર્થના કરી હતી, જે આજે ફળી છે. દીકરીનાં પિતા ગૂમ દીકરીની ચિંતામાં મૃત્યુ પામ્યા છે.

વીસ-વીસ વર્ષની મુશ્કેલીઓ - વેદનાઓનો અંત આવતાં ખ્રિસ્તી પરિવારે ખુશી વ્યક્ત કરી માનવજ્યોત સંસ્થાનો આભાર માન્યો હતો. મધ્યપ્રદેશ પોલીસનાં કમલેશકુમાર ધ્રુવની હાજરીમાં પરિવારને દીકરીનો કબજો સોંપાયો હતો.

**ભાઈ-ભાઈ અને પિતા-પુત્રનું ૭ વર્ષે મિલન થતાં ભાવુક દૃશ્યો સર્જાયા**

મધ્યપ્રદેશના મેહગાંવ ભીડનો ૨૮ વર્ષીય યુવાન ઈન્દર ખટીક ગૂમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. આખરે ૪ મહિના પહેલા તે રખડતો ભટકતો મહુવાનાં પોપટભાઈ ફાઉન્ડેશન આશ્રમ મધ્યે પહોંચ્યો હતો. જ્યાં સંસ્થાનાં સંચાલકોએ તેની ખૂબ જ સારી સરભરા કરી હતી.

માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા મહુવા આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે તેને સાથે ભુજ લઈ આવ્યા અને મધ્યપ્રદેશ પોલીસની મદદ લઈ તેનું ઘર શોધી કાઢ્યું.

સમાચાર પ્રાપ્ત થતાં જ તેના પિતા અને ભાઈએ વીડિયો કોલથી ખાત્રી મેળવી ભુજ આવી પહોંચ્યા હતા. ૭ વર્ષ પછી પિતા-પુત્ર અને ભાઈ-ભાઈનું મિલન થતાં ભાવક દૃશ્યો સર્જાયા હતા. ઉપસ્થિત દરેકની આંખો અશ્રુભીની બની હતી. પરિવારજનોનાં જણાવ્યા મુજબ સતત પાંચ વર્ષ સુધી તેની શોધ ચલાવી હતી. પણ હવે તે જીવિત હશે કે મૃત્યુ પામ્યો હશે તેની ચિંતા સતાવતી હતી. પણ આખરે માનવજ્યોત સંસ્થાનો ભુજથી ફોન આવતાં જ પરિવારજનો નાચી-ઝુમી ઉઠી ખૂબ જ ખુશી મનાવી હતી. સાત-સાત વર્ષ પછી પિતા-પુત્ર મળ્યા. મધ્યપ્રદેશથી પરિવારનાં પાંચ સભ્યો ભુજ આવી પહોંચ્યા હતા. આખરે પરિવારની ગૂમ વ્યક્તિ સાત વર્ષ પછી મળી આવતાં પરિવારની ખુશી બેવડાઈ હતી.

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે રાજકોટના વરિષ્ઠ સાહિત્યકાર વિનોદભાઈ વ્યાસ કવિ 'વિનોદ આનંદ'ને આવકાર સાથે અભિવાદન, સાહિત્ય ગોષ્ઠિ કાર્યક્રમ દિલીપ આચાર્ય 'દિલકશ'ના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ હતો.

જેમાં અમૃતલાલ શાહ, વિનોદ ગોર, કનૈયાલાલ અબોટી, અશ્વિન જાની, જયંતીલાલ ત્રિવેદી, રજનીકાંત ઓઝા, પ્રવીર ધોળકિયા, ચંદ્રકાંત ધલ, ચંદુલાલ બી. ગોર, નેન્સી મીઠિયા, વિનોદ વ્યાસ, આનંદ, દિલીપ આચાર્ય, દિવ્યકાંત છાયા, ચંદ્રિકાબેન શાહ, રમીલાબેન ત્રિવેદી વગેરે

સભ્યો ઉપસ્થિત રહેલ હતા. હાજર રહેલ હોદ્દેદાર સભ્યો દ્વારા કાવ્ય પઠન અને સાહિત્ય ગોષ્ઠિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુંજાલભાઈ જાનીએ કરેલ હતું.

★

કવિ કલાવૃંદ સંસ્થાના ઉપક્રમે સર્વ પિતૃ અમાસ (શ્રાદ્ધ) અને નવરાત્રીના પર્વની ઉજવણી અંગેની કાવ્ય પઠન સાથે સાહિત્ય ગોષ્ઠિ બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. જેમાં ઉપસ્થિત સભ્ય દ્વારા નવરાત્રી વિશેની રચના નેણશી મીઠિયા, ભાવનાબેન ચૌહાણ, ઉષાબેન દાવડાના પઠન, શ્રાધ્ધ વિશે ભારતીબેન ભંડેરી 'અશું'ની દિલીપ આચાર્ય રચના પઠન પછી ચંદ્રવદન ધોળકિયાના કાવ્ય સંગ્રહ 'હલેસા'માંથી રચના પઠન પ્રવીર ધોળકિયા 'આઝાદ'એ પઠન કરેલ. જ્યારે છાયા શાહ 'સખ્ય'ની કચ્છી રચનાનું પઠન કનૈયાલાલ અબોટીએ કરેલ. જ્યારે સ્વરચિત કાવ્ય ચંદ્રકાંત ધલ, જગદીશ પી. ગોર, મગનભાઈ ઠક્કર, મદનભાઈ ભટ્ટ, પ્રેમજી માંગલીયા, કચ્છી રચનાનું વિવિધ વિષય સાથે સ્વરચિત રચના પઠન અને વિવરણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે નવીન ત્રિપાઠીના પુસ્તક વિમોચન અને શંકરભાઈ સચદેને 'જીવન ગૌરવ ઍવોર્ડ' મળેલ. તેમની સેવા યાદ કરીને અભિનંદન સાથે શુભ કામના પાઠવવામાં આવી હતી. ■

## આંજો કાગર

'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૨૩ના અંકમાં પ્રકાશિત થયેલ 'સવાલ અમારો, જવાબ તમારો'ની કોલમમાં, મણકા-૪ના જવાબોમાં, જવાબ નંબર-૨ માં લખેલ 'અધિક માસ દર ત્રણ મહિને આવે' – એ ખગોળ ચક્રના હિસાબે સાચું નથી! સામાન્ય પ્રચલિત માન્યતા એવી છે એ ખરું પણ હકીકત જુદી છે! એને સમજીએ...

મારા મિત્ર શ્રી વીરેન્દ્ર ગડા, ખગોળ શાસ્ત્રના એક સન્માનિત અભ્યાસુ છે. તેઓ એમના જ્ઞાનથી જણાવે છે કે, ખગોળ શાસ્ત્રના આધાર મુજબ, અધિક માસ દર ૧૯ વર્ષના સમય દરમિયાન સાત વાર આવે. બે વાર બે બે વર્ષે અને પાંચ વાર ત્રણ ત્રણ વર્ષે આવે! આ અધિક માસના ચક્ર માટે ખગોળ શાસ્ત્રમાં એક નિશ્ચિત અને પ્રમાણિત ગણિત છે.

*કોષ્ટક :*

જે કોઈ વર્ષમાં અધિક માસ છે કે નહીં તે જાણવા, એ વર્ષના આંકમાંથી ૧૯૦૦નો અંક બાદ કરવો. બાદ કરતાં જે અંક આવે તેને ૧૯થી ભાગવો. ભાગ્યા પછી હવે જે શેષ વધે તે અંક ૧, ૪, ૬, ૯, ૧૨, ૧૫ અને ૧૭ આવે તો એ વર્ષે અધિક માસ આવે.

જો શેષનો આંક ૦, ૨, ૩, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૬ અને ૧૮ આવે તો એ વર્ષે અધિક માસ ના આવે!

હવે, વધતી શેષના અંક પ્રમાણે જો એ વર્ષમાં અધિક માસ આવતો હોય તો એ માસ કયો હશે એ જાણવા નીચે મુજબ ક્રમ છે :

| | | |
|---|---|---|
| શેષ - ૧ | : | વૈશાખ |
| શેષ - ૪ | : | જેઠ |
| શેષ - ૬ | : | આસો |
| શેષ - ૯ | : | શ્રાવણ |
| શેષ - ૧૨ | : | જેઠ |
| શેષ - ૧૫ | : | ભાદરવો |
| શેષ - ૧૭ | : | અષાઢ |

*ઉદાહરણ :*

૨૦૨૬ના વર્ષમાં અધિક માસ હશે કે નહીં? હશે તો કયો હશે? સમજીએ...

૨૦૨૬ – ૧૯૦૦ = ૧૨૬

૧૨૬ ભાગ્યા ૧૯ = ૧૨

શેષ : ૧૨

શેષ - ૧૨ : જેઠ માસ અધિક હશે વર્ષ ૨૦૨૬ના વર્ષે!

આ ગણિતથી કોઈ પણ વર્ષના અધિક માસ વિશે આગોતરું જાણી શકાશે.

*આદરણીય શ્રી,* પ્રભુલાલભાઈની ભૂલ તરફ કોઈ નિર્દેશ કરવાનો મારો ઉદ્દેશ બિલકુલ નથી. હું પણ અત્યાર સુધી દર ત્રણ વર્ષે એક અધિક માસ આવે એમ જ માનતો હતો. મને પણ આ ગણિતની સમજ, મારા મિત્ર શ્રી વીરેન્દ્ર ગડા સાહેબ પાસેથી હાલમાં જ મળી છે. જે સવિનય, આપણા વાચકો માટે, સૌના મંગલ માટેની ભાવના સાથે સાદર કરેલ છે.

***વસંત 'કચ્છ કેસરી' - મુલુંડ, મુંબઈ***
***મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮***

હું મારો પરિચય આપું. મારું નામ મુકેશ ઝુમખલાલ શાહ. મારા માતા-પિતા કચ્છ માંડવીના અને મારો જન્મ અમદાવાદનો. મારા આ સ્નેહ મિલન સમારંભમાં થોડી વાતો કરવી છે. હું જ્યારે નાનો હતો ત્યારે આપણા સમાજના પ્રોગ્રામ મણિનગર સ્વામિનારાયણ મંદિરમાં જ ગોઠવાતા હતા અને હું ત્યાં આવીને એટલો ખુશ થતો હતો. અને મને આજે પણ એ દિવસ યાદ આવે છે જ્યારે ગાદલા ઉપર બેસીને પ્રોગ્રામ જોતા હતા. અને ત્યાં કને ચવાણાના પડીકા આપવામાં આવતા હતા અને રસોઈમાં જે દૂધપાક ઉકળતો હતો એ ભાઈ જે મૂછવાળા હતા અને એ હલાવતા હતા, એ દિવસ મને આજે પણ મારી આંખ સામે આવે છે. મારા પિતાજી સારું થયું, કે એ આ સમાજના સભ્ય બન્યા અને એમને જેણે પણ સુઝાડ્યું એ બહુ જ સારું થયું. હું આજે આપણા સમાજના કામોથી એટલો બધો ખુશ છું કે મને મારા સમાજ ઉપર ગૌરવ થાય છે. મારું પુણ્ય સારું છે કે હું આ સમાજથી જોડાયેલો છું. આપણા સમાજ જેવું કામ કોઈપણ સમાજના લોકો આવું નહીં કરતા હોય. મેં મારા ઘણા લાગતા વળગતા લોકો જોડે એમના સમાજની વાતો સાંભળી અને આપણા સમાજની વાતો કરી. ખરેખર, એ દરેક લોકો માની ગયા કે તમારો સમાજ તો ખરેખર ખૂબ જ સારામાં સારી તમામ સભ્યોની દરકાર કરે છે. સમાજ એટલી બધી પ્રવૃત્તિ કરે છે કે, સમાજનો દરેક વ્યક્તિ એનો લાભ લે છે. આપણા સમાજના એ સભ્યોનો હું દિલથી આભાર માનું છું કે જેઓ પોતાનો કિંમતી સમય સમાજ માટે આપે છે અને સમાજનો પૂરેપૂરો વિકાસ કરે છે. મોદી સાહેબ તો આજકાલથી કહે છે, 'સૌનો સાથ, સૌનો વિકાસ.' પણ આપણા સમાજે તો વર્ષોથી તમામે તમામ સભ્યોનો જે વિકાસ કર્યો છે એ બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. દિલથી સૌને સલામ કરું છું. લખવા માટે શબ્દો ખૂટી પડે અને સાંભળવા માટે સમયની પાબંદી છે, નહિં તો મારે તો એકે એક પ્રવૃત્તિની અલગ અલગ વાતો કરવી છે. આપણા સમાજ તરફથી મેડિકલની જે સગવડ ઉભી કરી છે, એ તો ઘણા બધા મધ્યમ વર્ગ માટે ઉપયોગી છે. અમે લોકો સમાજની એવી ઘણી બધી સેવાઓનો લાભ લઈએ છીએ. તમારી જે તાકાત, સમાજના દરેક સભ્યને ઘણી બધી રીતે ઉપયોગી થાઓ એવું વિચારતા જ હો છો. ખરેખર, હું ફક્ત સારું લગાડવા માટે નહીં, પણ દિલથી બધી જ સેવાઓ માટે આપ સૌનો ખૂબ ખૂબ ધન્યવાદ - આભાર માનું છું.

*મુકેશ ઝુમખલાલ શાહ - અમદાવાદ*

★

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

શ્રી કચ્છી જૈન સેવા ભવનમાં અમે ફિઝીયોથેરાપી વિભાગમાં બે માસથી આવીએ છીએ. અમો જ્યારે મિતભાઈને લઈને આવ્યા હતા ત્યારે બે બાજુ પકડીને સેન્ટરમાં લઈને આવ્યા હતા અને અત્યારે સરસ રીતે ચાલી શકે છે. એમનો હાથ તો બિલકુલ કામ નહોતો કરી શકતો, અત્યારે સારી એવી રીકવરી આવી ગઈ છે. આ સેન્ટરમાં અમને અમારું પોતાનું સેન્ટર હોય તેવો અનુભવ થયેલ છે. ડોક્ટરશ્રી દ્વારા ખૂબ સારી સેવા મળી રહેલ છે. સર્વેજનોનો ખૂબ ખૂબ આભાર.

*કમલેશકુમાર રામાભાઈ પટેલ*
*ગામ હસ્નાપુર, તા. વિજાપુર, જિ. મહેસાણા (ઉ.ગુ.)*

★

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા મેડિકલ સેન્ટરનો એક સુખદ અનુભવ અને સરાહનીય કામગીરી

હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સભ્ય હેમાંગ રજનીકાંત પારેખ ચાંગોદર ખાતે ફેક્ટરી ચલાવું છું. તા. ૨૦-૧૦-૨૦૨૩ના રોજ મારા કામદાર શ્રી જયેશ ગજ્જરને છાતીમાં એકદમ દુઃખાવો ઉપડતાં અમે લોકો આપણા પરમકૃપા મેડિકલ સેન્ટરમાં બપોરે બે વાગે તેને લાવ્યા હતા.

ડૉક્ટર અને ખાસ તો ગિરીશભાઈ પોલડિયાની સુઝબુઝ અમોને સીડી ચઢાવ્યા વગર નીચે જ ટ્રીટમેન્ટ આપી, ઈ.સી.જી. અને બીજા પરીક્ષણ કરી તાત્કાલિક દવાઓ આપી, આવેલ ચિંતાજનક પરિસ્થિતિમાંથી મુક્ત કરાવી આનંદની અનુભૂતિ કરાવી હતી.

ખરેખર સમયસૂચકતા બાબતે અને સેવાની તત્પરતા જોઈ આવું મેડિકલ સેન્ટર જે સમાજ ચલાવે છે તેવા આ સમાજના સભ્ય હોવાનું હું ગૌરવ અનુભવું છું.

*હેમાંગ રજનીકાંત પારેખ - અમદાવાદ*

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૭

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## ● આ અંકના સવાલો ●

૧. દેશની ____________ વસ્તી દિલ્હી શહેરમાં રહે છે. (૫%, ૨%, ૩%)

૨. સમાજનું પ્રથમ મુખપત્ર ____________ નામથી પ્રગટ થયું. (પ્રેરણા, વંદના, ઉત્કર્ષ)

૩. ____________ શહેરમાં કુલી તરીકે મહિલાઓ કામ કરે છે. (ગાંધીધામ, ભાવનગર, કલોલ)

૪. આપણા સમાજના સભ્ય, ગૌસેવાના પ્રહરી સ્વ. ગીતાબેનની શહાદતને ____________ વર્ષના વહાણા વાઈ ગયા. (૧૪, ૩૦, ૧૯)

૫. વર્ષ ૧૯૭૬માં સમાજના પ્રમુખ તરીકે મુરબ્બી શ્રી ____________ હતા. (બાબુભાઈ વીરમ શાહ, માવજીભાઈ ધારશી ફુરિયા, હીરજીભાઈ પાસુ દેઢિયા)

૬. વર્ષ ૨૦૦૪થી ૨૦૨૩ના ૧૯ વર્ષના ગાળામાં ૫૦,૦૦૦ (આશરે)થી વધારે પેશન્ટની સારવાર કરનાર નિષ્ઠાભાવી ડૉક્ટર ____________ છે. (ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ડૉ. કૌશલ શાહ, ડૉ. ધીરેન શાહ)

૭. ભારતનું ચંદ્રયાન તા. ____________ વાર ____________ના રોજ સાંજે ૬.૦૪ કલાકે ચંદ્ર પર ઉતરાણ કર્યું. (તા. ૨૧-૮ સોમવાર, તા. ૨૨-૮ મંગળવાર, તા. ૨૩-૮ બુધવાર)

૮. સંસ્થાની હાલ કેટલી વિવિધ સમિતિઓ કાર્યરત છે? ____________ (૩૨, ૩૫, ૩૦)

૯. સંસ્થાના હાલના કાર્યરત મંત્રી ____________ છે. (શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેનભાઈ શાહ - એચ.કે.)

૧૦. સમાજનું નૂતન વર્ષ મિલન સમારંભ તા. ____________ના રોજ યોજાનાર છે. (તા. ૧૨-૧૧-૨૦૨૩, તા. ૧૩-૧૧-૨૦૨૩, તા. ૧૪-૧૧-૨૦૨૩)

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## • મણકા–૬ ના સવાલોના સાચા જવાબો •

૧. કચ્છમાં દર વર્ષે સરેરાશ ***૧૪*** ઇંચ વરસાદ પડે છે.
૨. સમાજની ગૃહ ઉદ્યોગ સમિતિના વર્ષ ૨૦૨૩-૨૪ના કન્વીનર ***શ્રી સંદીપભાઈ મહેતા*** છે.
૩. શ્રી ઉપરીયાળા તીર્થના આદિશ્વર દાદાની પ્રતિમા ***રત્ના કુંભાર*** નામના ખેડૂતના ખેતરમાંથી પ્રગટ થયા હતા.
૪. 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપ્રમુખ છું' : ***ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન*** – એક રાષ્ટ્રપતિ
૫. રેલવે સ્ટેશનના નામ પાછળ ટર્મિનલ, સેન્ટ્રલ અને જંકશન લખવામાં આવે છે. એક ટર્મિનલ : ***બાંદ્રા***, સેન્ટ્રલ : ***મુંબઈ***, જંકશન : ***મથુરા*** નું નામ
૬. 'પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં!' લેખના લેખક : ***કે. ડી. શાહ***
૭. સૂર્ય પ્રકાશનું માપ શાનાથી મપાય? : ***પાયરેનોમીટર***
૮. બોપલ મેડિકલ સેન્ટરમાં મોતિયાના બે ઑપરેશનો શ્રી ***ડૉ. મીત પટેલ*** ડૉક્ટર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યા.
૯. નવું ઇ.સી.જી. મશીન સંસ્થાના ***પાલડી*** મેડિકલ સેન્ટર ખાતે કાર્યરત થયેલ છે.
૧૦. "સિધ્ધહેમ" નામના વ્યાકરણ ગ્રંથના રચયિતા કોણ હતા? ***શ્રી હેમચંદ્રાચાર્ય***

## મણકા-૬ (મંગલ મંદિર ઓક્ટોબર-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ

૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૨. હેમાબેન જગતકુમાર શાહ
૩. અંજુ અનિલ મહેતા – અમદાવાદ
૪. કલ્પના એચ. શાહ – અમદાવાદ

**સવાલ અમારો... જવાબ તમારો...**
**'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૩ના અંકથી આ કોલમના પ્રશ્નોના સાચા જવાબ આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઇનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી...**

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- ***સંસ્થાનું નામ :*** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- ***બેંક :*** કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- ***એકાઉન્ટ નંબર :*** ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] ■ ***IFSC કોડ :*** CNRB0017007

***રજનીકાંત પારેખ**, માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## NanoNine® શબ્દ રમત-૨૦૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | | | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | | | | ૮ | | ૯ | | | ૧૦ |
| | | | | | ૧૧ | | ૧૨ | | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | | ૧૭ | | |
| | | ૧૮ | | | ૧૯ | | | ૨૦ | | ૨૧ | |
| | | | | ૨૨ | | | | ૨૩ | ૨૪ | | |
| | ૨૫ | | ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | ૩૧ | | | | ૩૨ | | | |
| ૩૩ | | | | | | | ૩૪ | | | ૩૫ | |
| ૩૬ | | | ૩૭ | | ૩૮ | | | | | | |
| | | ૩૯ | | | | | ૪૦ | | ૪૧ | | |
| | ૪૨ | | | | | ૪૩ | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. મનને ગમતું (૫)
૪. સમશેર, ખડગ (૪)
૭. શ્રેષ્ઠ, ઉજ્જવળ, પ્રકાશ (૪)
૯. તાકડો, દાવ, યુક્તિ (૨)
૧૧. ઝટઝટ (૪)
૧૪. વજન (૨)
૧૫. ભય, બીક (૨)
૧૭. અક્કલ, ડહાપણ (૩)
૧૯. સુઝ, સમજણ (૪)
૨૧. જ્ઞાતિ (૨)
૨૨. કંટાળેલું, તોબા, પીડા (૨)
૨૩. પક્ષી, સૂર્ય, દેવ (૨)
૨૫. ચીં... ચીં... બોલતું પક્ષી (૩)
૨૭. _____ પધરાવો સાવધાન (૨)
૨૯. મેડો, મજલો (૨)
૩૦. કેરીની એક જાત (૪)
૩૨. હવન, યજ્ઞ (૨)
૩૩. મીઠું (૩)
૩૪. પાણીનો કુંડ (૨)
૩૫. શૂલ, કાંટો (૨)
૩૬. કઠોળના દળમાંથી બનાવેલી વાનગી (૨)
૩૭. ગ્રહણ કરવું તે, સમજવું તે (૪)
૩૯. ખરાબ, હીન (૨)
૪૧. નવીનતા (૩)
૪૨. _____માં ભીંડો ન ખવાય (૪)
આ ચાર મહિનામાં જૈનોની સંવત્સરી આવે
૪૩. સંસારરૂપી સમુદ્ર (૫)

### ઊભી ચાવીઓ

૧. મનોહર, સુંદર (૪)
૨. નવું, એક સંખ્યા (૨)
૩. ઘોંઘાટ, અવ્યવસ્થા, ગોટાળો (૪)
૫. કપાળ (૩)
૬. વાક, લગામ (૨)
૮. શણનું કપડું, ગુણપાટ, થાળ (૨)
૧૦. સારવાર, સંભાળ (૪)
૧૨. ફૂલમાંની રજ (૩)
૧૩. વાસના, મનોભાવ, ઈચ્છા (૩)
૧૪. હિન્દુસ્તાન (૩)
૧૬. મોહ, મમતા, સૂર (૨)
૧૮. પાઠ, ઘડો (૩)
૧૯. હાથી (૨)
૨૦. યજ્ઞ, ઉત્સવ (૨)
૨૪. ઉનું, ઉષ્ણ (૩)
૨૫. આંદોલન, વલોપાત (૪)
૨૬. ઇટાલીનું ચલણ (૨)
૨૭. હાથી (૨)
૨૮. સારો મેળ (૩)
૨૯. ધનવાન, તવંગર (૪)
૩૧. ખર્ચ, ઉધારેલી રકમ (૩)
૩૨. જઠર, પેટ (૩)
૩૫. બહાદુર, હિંમતવાન (૪)
૩૭. માન (૩)
૩૮. પ્રાપ્તિ, સિધ્ધિ, ઐશ્વર્ય (૨)
૩૯. ખરાબ, હીન (૨)
૪૦. હોડી, વહાણ (૨)
૪૧. ફેણવાળો સાપ (૨)

*નવેમ્બર-૨૦૨૩ના અંકમાં Nano Nine શબ્દ રમતે ૨૦૦મી રમતનો અંક પૂર્ણ કરેલ છે. તેથી નવેમ્બર-૨૦૨૩થી શબ્દ રમતમાં ભાગ લેનાર દરેક પાંચ વ્યક્તિએ એક ઈનામ આપવામાં આવશે. જેથી વાચકોએ શબ્દ રમતમાં વધારેમાં વધારે ભાગ લેવા વિનંતી છે.*

*પાણીમાં પડી જવાથી
કોઈનું મૃત્યુ નથી થતું,
મૃત્યુ તો ત્યારે થાય છે
જ્યારે તરતા નથી આવડતું;
પરિસ્થિતિ ક્યારે પણ
સમસ્યા નથી બનતી,
સમસ્યા તો ત્યારે બને છે
જ્યારે આપણે પરિસ્થિતિને
સુલજાવી શકતા નથી.*

## NanoNine® શબ્દ રમત-૧૯૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓ | ■ | ર | ક | મ | ■ | ના | ર | દ | ■ | કા | કા |
| થ | ડ | ■ | બ | ત | ક | ■ | સ | ર | કા | ર | ■ |
| મી | ■ | ■ | ર | ■ | થા | ક | ■ | વા | જી | ■ | ર |
| ર | બ | ર | ■ | તા | ■ | ત | પ | ન | ■ | જ | જ |
| ■ | ર | ■ | શ | ત | ક | ■ | ર્વ | ■ | ના | ■ | ક |
| દૂ | ■ | હા | ર | ■ | ન | વ | ■ | ક | ત | ર | ણ |
| ધ | ન | ■ | ત | ર | ક | ટ | ■ | ડ | ■ | ત | ■ |
| ■ | મ | ત | ■ | ટ | ■ | સા | ■ | પ | ર | વા | નો |
| ■ | ન | મ | ક | ■ | ક | વિ | તા | ■ | ત્ન | ■ | ક |
| પા | ■ | ■ | લા | ■ | દા | ત્રી | ■ | ભા | ■ | તા | ર |
| દ | રિ | ■ | વા | સ | વ | ■ | વા | ■ | ખા | ■ | ■ |
| ર | ક્ત | દા | ન | ■ | ર | જ્જુ | ■ | આ | લી | શા | ન |

*સપ્ટેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. રજનીકાંત દરવાન – અમદાવાદ
૩. કંચનબેન સંઘવી – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૬. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૯. વિશાલ શાહ – અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૧. કામિની શેઠ – અમદાવાદ
૧૨. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૩. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૪. દમયંતી દંડ – અમદાવાદ
૧૫. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૬. અંજુ મહેતા – અમદાવાદ
૧૭. હસમુખ દેઢિયા – અડાલજ
૧૮. કંચનબેન મોરબીયા – ભુજ
૧૯. પ્રભાબેન શેઢિયા – વલસાડ
૨૦. મણિલાલ રૂધાણી – રાણાવાવ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

તૃપ્તિ સાવલા – અમદાવાદ

## હૂંફ એટલે શું?

આજે એ યુવક ફરીથી એની ઘરડી માને નાના બાળકની જેમ એક લાંબી ચાદર જેવા કપડાંમાં લપેટી, એનો એક છેડો પોતાના ખભે ભરાવી બહાર બગીચામાં લટાર મારવા નીકળ્યો તો હું પૂછ્યા વગર ન રહી શકી.

એને એક બેંચ પર બેસેલો જોતા જ હું મારો સવાલ લઈ એની પાસે પહોંચી ગઈ...

'તમે રોજ સાંજે અહીં આવો છો. હું તમને જોઉં છું. એમાં કોઈ શક નથી કે તમે ખૂબ સારા સંતાન છો જે પોતાની ઘરડી જનેતાને આટલું સાચવે છે છતાં મને એમ થાય કે તમે એમને આમ ઉંચકીને કેમ લાવો છો? તમે વ્હીલચેર કેમ નથી વાપરતા?'

એ યુવક મારી સામે જોઈને સહેજ હસ્યો. પછી કહ્યું, 'જ્યારે હું નાનો હતો ત્યારે બહુ કમજોર હતો. વારેવારે બીમાર પડી જતો. જરીક વાતાવરણ બદલાય કે તરત મને તાવ આવી જતો. એ વખતે આ મારી મા મને આમ જ કપડામાં લપેટીને, એની છાતીસરસો બાંધીને રાખતી. મને એ વખતે બહુ સારું લાગતું. એક અનેરી હૂંફનો અહેસાસ થતો. હું ઘણો મોટો થયો ત્યાં સુધી માનો એ ક્રમ ચાલુ રહેલો... આજે હું સ્વસ્થ છું. મારી મા વૃદ્ધ થઈ છે, અશક્ત છે. એ હવે લાંબું નહીં ખેંચે એમ ડૉક્ટરે કહી દીધું છે. જીવનની ભાગદોડમાં હું વ્યસ્ત થઈ ગયેલો. મારી માને મારી જરૂરત હોઈ શકે, એ આટલી કમજોર બની જશે એવું મેં વિચાર્યું જ નહોતું. ડૉક્ટરના શબ્દો સાંભળીને મને મારી પોતાની જાત ઉપર ખૂબ ગુસ્સો આવેલો. બસ, ત્યારથી નક્કી કર્યું કે રોજ વધારે નહીં તો અડધો કલાક હું મારી મા સાથે ગાળીશ. હવે એ બોલી કે સાંભળી નથી શકતી પણ અનુભવી શકે છે. જ્યારે હું બોલી નહોતો શકતો ત્યારે મારી મા મને આમ ઉઠાવતી હતી. આજે એ બોલી-સાંભળી નથી શકતી તો હું એને મારી જેમ બને એમ નજીક રાખું છું... જેથી એને સારું લાગે! સાચું કહું તો આમ કરવાથી મને પોતાને બહુ સારું લાગે છે. મારું વજન પહેલા બહુ વધી ગયું હતું, એ હવે કાબૂમાં આવી ગયું. મારા મારી પત્ની સાથેના નાના ઝઘડા બંધ થઈ ગયા. એણે મહેસૂસ કર્યું કે જે પુરુષ પોતાની ઘરડી, અશક્ત માનું આટલું ધ્યાન રાખી શકે એ એને પોતાનેય આમ જ સાચવશે! મારા બાળકોની નજરમાં મારા માટે, મારી મા માટે આદર છે! ઘરમાં કોઈ વડીલ હોય તો એનું કેમ ધ્યાન રાખવું, એ લોકો મને જોઈને શીખી રહ્યા છે...!!'

અચાનક થોડી ઠંડી હવા ફૂંકાતા એ યુવક ચાદર જેવા એ કપડાને એની માના શરીરે થોડું સરખી રીતે લપેટીને ચાલતો થયો. 'માને ઠંડી લાગી જશે... મારે નીકળવું પડશે.'

હું હજી એને જતો જોઈ રહી છું. ત્યાં જ બાબાગાડીમાં સૂતેલા મારા દીકરાને લઈને આયા આવી. મેં એને ઉઠાવીને, મારી છાતી સાથે ભીંસીને તેડી લીધો અને આયાને કહ્યું કે આ બાબાગાડી તું જ રાખી લે. મારે હવે એની જરૂર નથી!

મારી આંખોમાંથી અનાયાસ જ આંસુ વહી આવ્યા. આજે મારા વરસના થવા આવેલા બાબલાએ મને પહેલીવાર 'મા' કહ્યું!

## NanoNine® Sudoku

**સપ્ટેમ્બર-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૬ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના શાહ – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. વિશાલ શાહ – અમદાવાદ
૪. રજનીકાંત દરવાન – અમદાવાદ
૫. પાર્શ્વ ઝવેરી – અમદાવાદ
૬. નયના ગોગરી – અમદાવાદ
૭. નિમેષ ગોગરી – અમદાવાદ
૮. કામિની શેઠ – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૧૧. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૨. દિનેશ વોરા – અમદાવાદ
૧૩. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૪. યેશા મહેતા – અમદાવાદ
૧૫. પાર્શ્વ ઝવેરી – અમદાવાદ
૧૬. માનસી શાહ – અમદાવાદ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. હેમલતા દેઢિયા – અડાલજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**અરવિંદ ભટ્ટ – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૫૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 2 | | | 6 | | 9 | |
| 6 | | | 2 | | | 8 | | |
| 7 | | | 8 | | 5 | 4 | | 2 |
| | 7 | 9 | | | 8 | | | 6 |
| | | | | 4 | | | 5 | |
| 2 | | 6 | 7 | | 1 | 3 | 8 | |
| 9 | | 7 | | | 3 | | | 8 |
| | | 3 | | 8 | 4 | | | 9 |
| | 1 | | 9 | | | 5 | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 6 | | 8 | | | | 9 |
| | 9 | | | 3 | 6 | 8 | | |
| | 8 | | 7 | | | 2 | | 5 |
| 6 | | 1 | | | 2 | 4 | | 3 |
| | | | 3 | | 7 | | | |
| 3 | | 9 | 8 | | | 5 | | 6 |
| 8 | | | | | 1 | | 5 | |
| 9 | | 7 | 4 | 5 | | | 2 | |
| 5 | | | | 7 | | 6 | 4 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | 3 | | | 8 | |
| | | 2 | 5 | | 8 | | 6 | |
| 7 | 8 | 9 | | | | | 1 | 3 |
| 2 | | | 6 | 4 | | | | 5 |
| | 6 | 5 | | | | 3 | 4 | |
| 8 | | | | 9 | 5 | | | 6 |
| | 7 | | | | | 1 | 2 | 4 |
| | 9 | | 2 | | 7 | 6 | | |
| | 2 | | | 5 | 4 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | 9 | 6 | 2 | | | 4 |
| | 5 | | | 1 | | 2 | | |
| 3 | | 4 | | | | 9 | | 6 |
| 6 | 4 | | 3 | | | | 8 | |
| | | 1 | 6 | | 7 | 4 | | |
| | 7 | | | | 4 | | 6 | 9 |
| 4 | | | | | | 7 | | 1 |
| | | 5 | | 3 | | | 4 | |
| 1 | | 7 | 2 | 4 | 6 | | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 6 | 8 | 1 | 5 | 2 | 7 |
| 6 | 1 | 5 | 4 | 2 | 7 | 8 | 3 | 9 |
| 7 | 8 | 2 | 3 | 5 | 9 | 1 | 6 | 4 |
| 2 | 5 | 7 | 1 | 9 | 3 | 6 | 4 | 8 |
| 4 | 3 | 9 | 8 | 7 | 6 | 2 | 5 | 1 |
| 1 | 6 | 8 | 2 | 4 | 5 | 7 | 9 | 3 |
| 3 | 2 | 4 | 5 | 1 | 8 | 9 | 7 | 6 |
| 8 | 9 | 6 | 7 | 3 | 2 | 4 | 1 | 5 |
| 5 | 7 | 1 | 9 | 6 | 4 | 3 | 8 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 5 | 6 | 9 | 1 | 7 | 4 | 8 |
| 9 | 7 | 4 | 5 | 3 | 8 | 1 | 2 | 6 |
| 8 | 6 | 1 | 4 | 7 | 2 | 9 | 3 | 5 |
| 1 | 3 | 9 | 8 | 2 | 6 | 5 | 7 | 4 |
| 7 | 5 | 2 | 3 | 1 | 4 | 8 | 6 | 9 |
| 6 | 4 | 8 | 7 | 5 | 9 | 2 | 1 | 3 |
| 5 | 1 | 7 | 9 | 4 | 3 | 6 | 8 | 2 |
| 2 | 8 | 3 | 1 | 6 | 5 | 4 | 9 | 7 |
| 4 | 9 | 6 | 2 | 8 | 7 | 3 | 5 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 3 | 1 | 4 | 5 | 7 | 8 | 9 |
| 4 | 9 | 1 | 6 | 8 | 7 | 3 | 5 | 2 |
| 5 | 8 | 7 | 2 | 9 | 3 | 6 | 4 | 1 |
| 9 | 6 | 8 | 7 | 3 | 4 | 2 | 1 | 5 |
| 2 | 1 | 5 | 9 | 6 | 8 | 4 | 7 | 3 |
| 3 | 7 | 4 | 5 | 1 | 2 | 9 | 6 | 8 |
| 1 | 3 | 2 | 4 | 5 | 6 | 8 | 9 | 7 |
| 7 | 4 | 9 | 8 | 2 | 1 | 5 | 3 | 6 |
| 8 | 5 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 6 | 1 | 2 | 5 | 8 | 3 | 9 |
| 1 | 8 | 3 | 7 | 9 | 6 | 2 | 5 | 4 |
| 9 | 2 | 5 | 3 | 8 | 4 | 1 | 7 | 6 |
| 6 | 4 | 2 | 5 | 1 | 3 | 7 | 9 | 8 |
| 5 | 9 | 8 | 4 | 7 | 2 | 3 | 6 | 1 |
| 7 | 3 | 1 | 8 | 6 | 9 | 5 | 4 | 2 |
| 8 | 5 | 9 | 2 | 4 | 7 | 6 | 1 | 3 |
| 3 | 1 | 4 | 6 | 5 | 8 | 9 | 2 | 7 |
| 2 | 6 | 7 | 9 | 3 | 1 | 4 | 8 | 5 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### વરસાદ પછી માંદગી ને રોગ...

અમદાવાદમાં વરસાદ બંધ થયા પછી મચ્છરજન્ય રોગો અને વાઈરલ ફીવરના કેસોમાં વધારો થયો છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં ઘટાડો થયો હોવાનો દાવો મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના આરોગ્ય વિભાગે કર્યો છે. જો કે શહેરમાં હવે ડબલ સીઝનના કારણે વાઈરલ ફીવરના કેસો વધ્યા છે. રોજના ૧૨૦૦ જેટલા કેસો માત્ર અર્બન અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં આવી રહ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં પણ વાઈરલ ફીવરના કેસો વધ્યા છે. *(તા. ૦૩-૧૦-૨૦૨૩)*

### દર વર્ષે હજારો પાકિસ્તાનીઓનું અમદાવાદમાં સ્થળાંતર

**પાકિસ્તાની ગુજરાતી હિંદુઓ કરોડોની સંપત્તિ મૂકીને પહેરેલ કપડે ગુજરાત આવ્યા.**

***એક આપવીતી :***

'હું પહેલા અહીં સ્ટુડન્ટ વિઝા પર જ આવ્યો હતો. પણ જ્યારે વેકેશનમાં પરત મારા દેશમાં જતો, ત્યારે મારા જ દેશના લોકો મારા દુશ્મન બની જતા. એ લોકો મારી સાથે એલિયન જેવું વર્તન કરતા. મારી ફરતે પોલીસની ચોકીદારી લાગી રહેતી. એ બધાથી તો હું કંટાળી ગયો હતો. ત્યાં મારું ફેમિલી ખૂબ જ અમીર હતું. મારી પોતાની પાસે ૨૭ એકર જમીન હતી. મારી પાસે એક સારી જોબ હતી. એ સમયે પણ હું જાપાનથી ગાડી મંગાવીને ચલાવતો. બધું મળીને ૨૫થી ૨૭ કરોડ જેટલી સંપત્તિ હતી. હું બધું છોડીને આવી ગયો. મારા ભાઈઓને આપી દીધી અને કહ્યું કે, આ બધું તમે રાખો, મારે કશું નથી જોઈતું. અંતે હું દેશ છોડીને અહીં આવી ગયો.'

પાકિસ્તાનમાંથી ગરીબો અને પીડિતો ભારતમાં આવે એ વાત માનવામાં આવે પણ અહીં ચોંકાવનારી વાત એ છે કે, છેલ્લા ૧૦ વર્ષોમાં ૧૮૦૦થી વધારે તો પ્રોફેશનલ્સ ભારતમાં આવ્યા છે. જેમાં ૧૧૦૦ ગ્રેજ્યુએટ, ૫૦૦ એન્જિનિયર, ૩૦૦ ડૉક્ટર, ઘણા બેંકર્સ, ઘણા સી.એ. આદિ છે.

પાકિસ્તાન છોડનારાઓમાં મુખ્યત્વે બધા જ હિંદુઓ જ છે, જેઓ પાકિસ્તાનના હિંદુઓ પ્રત્યેના ત્રાસથી કંટાળીને અહીં આવ્યા છે. છેલ્લા વર્ષોમાં ભારતમાં આવનાર હિંદુઓના આંકડાઓ થોડા ચોંકાવનારા છે. આંકડાઓ પર નજર કરીએ તો છેલ્લા ૧૦ વર્ષોમાં પાકિસ્તાનથી ભારતમાં ૫૦,૦૦૦ લોકો આવ્યા છે, જેમાં ફક્ત ગુજરાતમાં જ ૧૨ હજાર લોકો આવ્યા છે. જેમાં ૨૦૦૦ તો આખા પરિવારો છે.

ગુજરાત સિવાય પાકિસ્તાની નાગરિકો મુખ્યત્વે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં આશ્રય લે છે. જ્યારે ગુજરાતમાં આવનારાઓની પહેલી પસંદગી રાજકોટ, કચ્છ, વડોદરા, મહેસાણા અને મોરબી છે. *(તા. ૦૩-૧૦-૨૦૨૩)*

### વિશ્વ રીંછ દિવસ

આજે ૧૨ ઓક્ટોબરે વિશ્વ રીંછ દિવસ છે. રાજ્યમાં રીંછની સંખ્યામાં ૬૧ ટકાનો વધારો થયો છે. રાજ્યના સાત જિલ્લાઓમાં ૨૦૦૧માં માત્ર ૨૨૦ રીંછ હતા, જે ૨૦૨૨માં વધીને સંખ્યા ૩૫૮ પર પહોંચી છે. જેમાં સૌથી વધુ રીંછ હાલ બનાસકાંઠામાં તેમજ બીજા ક્રમે દાહોદ જિલ્લામાં વસવાટ કરે છે. બંને જિલ્લામાં રાજ્યની ૬૮ ટકા રીંછની વસ્તી છે. છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં પણ રીંછ વસવાટ કરતા થયા છે. *(તા. ૧૨-૧૦-૨૦૨૩)*

### સિક્કીમમાં તબાહી બાદના આકાશી દૃશ્યો

**વાદળ ફાટવાથી અને તળાવ તૂટવાથી આવેલા પૂરના કારણે ખડકો પણ ધોવાઈ ગયા**

૩ ઓક્ટોબરે સિક્કીમમાં વાદળ ફાટ્યા બાદ તિસ્તા નદીમાં પૂર આવ્યું હતું. આ પૂરના કારણે મંગન, ગંગટોક, પાક્યોંગ

અને નામચી – આ ચાર જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ હતી. તિસ્તા નદીના પૂરથી ૨૫ હજાર લોકો પ્રભાવિત થયા હતા. ૧૨૦૦ ઘર ધોવાઈ ગયા હતા. માત્ર ૧૦ સેકન્ડમાં ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના તિસ્તા-૩ હાઈડ્રોપાવર પ્રોજેક્ટનો ૬૦ મીટર ઊંચો ડેમ સંપૂર્ણપણે ધોવાઈ ગયો હતો. સિક્કીમને દેશ સાથે જોડતો નેશનલ હાઈવે NH-10 પણ પૂરમાં ધોવાઈ ગયો હતો.

*(તા. ૦૭-૧૦-૨૦૨૩)*

## મણિપુર હિંસા વચ્ચે વિસ્થાપિતોની જમીન હડપી રહ્યા છે લોકો

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને પગલાં લેવા આદેશ આપ્યો. ૫ મહિનામાં ૫૦ હજાર લોકોએ ઘર છોડ્યું.

*(તા. ૦૯-૧૦-૨૦૨૩)*

## ભારતથી કૈલાસ દર્શન

### ગુંજી ગામ બનશે શિવધામ. કૈલાસ તીર્થયાત્રીઓ માટે પહેલો પડાવ

ઉત્તરાખંડમાં ધારચૂલાથી ૭૦ કિ.મી. દૂર અને ૧૪,૦૦૦ ફૂટ ઉપર વસેલું નાનું એવું વેરાન ગામ ગુંજી આગામી બે વર્ષમાં મોટા ધર્મનગર શિવધામના રૂપમાં વિકસિત થઈ જશે. કૈલાસ વ્યૂ પોઈન્ટ, ઓમ પર્વત અને આદિ કેલાસના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ માટે ધારચૂલા બાદ આ જ સૌથી મોટો અને મહત્ત્વપૂર્ણ પડાવ હશે. અહીં મોટા યાત્રી નિવાસો તેમજ હોટલ બનશે. ભારતીય ટેલિકોમ કંપનીઓનું નેટવર્ક પણ મળશે. ગામમાં હોમ સ્ટે વધશે.

કેન્દ્ર સરકારે કૈલાસ તીર્થયાત્રીઓ માટે ગુંજીની પસંદગી કરી છે. ગુંજી વ્યાસ ખીણની તે સુરક્ષિત જમીન પર છે, જ્યાં ભૂસ્ખલનનું કે પૂરનું પણ જોખમ નથી. અત્યારે અહીં ૨૦થી ૨૫ પરિવાર જ રહે છે, જે મુશ્કેલીથી પોતાનો ખર્ચ કાઢી શકે છે. ગુંજીની જમણી તરફથી નાભીઢાંગ, ઓમ પર્વત અને કૈલાસ વ્યૂ પોઈન્ટનો રસ્તો જાય છે, તો ડાબી તરફથી આદિ કૈલાસ અને જોલીકૉન્ગનો. એટલે જ આ ગામ કૈલાસ તીર્થયાત્રીઓ માટે યોગ્ય છે. ધારચૂલાથી ગુંજી સુધી સડક બની ચૂકી છે.

*(તા. ૧૨-૧૦-૨૦૨૩)*

***પરિસ્થિતિ આપણને સાચવી લે તે આપણું નસીબ, પરિસ્થિતિને આપણે સાચવી લઈએ તે આપણી સમજણ.***

## ઘટ સ્થાપનના દિવસે માતાના મઢમાં ૬૦ હજાર ભક્તો નમ્યા...

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ દેશદેવી મા આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢમાં શ્રાદ્ધ પક્ષના શનિવારે અમાસના છેલ્લા દિવસે મોટી સંખ્યામાં ભાવિકોએ મા આશાપુરા માતાજીના ચરણોમાં શિશ ઝુકાવી આશીર્વાદ લીધા હતા. તો બીજી તરફ મોટી સંખ્યામાં આવેલા ભાવિકોએ જાગીર ટ્રસ્ટ દ્વારા કાર્યરત અન્ન ક્ષેત્રમાં મોટી સંખ્યામાં લોકોએ ભોજન પ્રસાદ માટે કતારો લગાવી હતી.

ગત વરસની સરખામણીમાં આ વર્ષે અમાસના દિવસે અહીં આવનાર યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ભુજથી લઈને નખત્રાણા અને માતાના મઢ સુધી વાહનોની કતારો લાગી હતી.

*(તા. ૧૫-૧૦-૨૦૨૩)*

## પહેલા દિવસે ૯ માઇ મંદિરમાં ૧૨ લાખ ભાવિકો પહોંચ્યા

પાવાગઢમાં ૩ લાખ, અંબાજીમાં ૨.૧૬ લાખ, ચોટીલામાં ૧ લાખ, માતાના મઢમાં ૧.૫૦ લાખ ભક્તોએ દર્શન કર્યા

*(તા. ૧૫-૧૦-૨૦૨૩)*

## શક્તિદાંત દાસને ટોપ સેન્ટ્રલ બેંકર એવોર્ડ મળ્યો

ગ્લોબલ રીપોર્ટ કાર્ડમાં A+ રેન્કિંગ મેળવ્યું. જૂનમાં વિશ્વના બેસ્ટ ગવર્નરનો પુરસ્કાર મળ્યો હતો. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે મોરોક્કો જઈને ટોપ સેન્ટ્રલ બેંકર માટે ગ્લોબલ ઍવોર્ડ સ્વીકાર્યો.

*(તા. ૧૬-૧૦-૨૦૨૩)*

## વન વિભાગે આદેશ કર્યો...

જો તમે કોઈ જાહેર માર્ગ પરથી પસાર થઈ રહ્યા હોવ કે ગાર્ડનમાં ફરી રહ્યા હોવ તો તમને એક વૃક્ષ જોવા મળશે. ફટાફટ લાંબુ થતું આ વૃક્ષ દેખાવમાં તો એકદમ ફેન્સી લાગે એવું છે, પરંતુ શું તમને ખબર છે કે આ જ વૃક્ષ તમારું મેડિકલ બીલ પણ વધારે છે. આ વૃક્ષનું નામ છે કોનોકાર્પસ. વડોદરા, અમદાવાદ સહિતનાં મહાનગરોમાં તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ આ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે ઘણા બિલ્ડર્સ પણ તેમની સાઈટ આસપાસ આ પ્રકારના વૃક્ષો ઉગાડી

રહ્યાં છે. છેલ્લા ૪-૫ વર્ષથી જોવા મળતાં વૃક્ષને લઈ, રહી રહીને વન વિભાગની ઊંઘ ઉડી છે અને કોનોકાર્પસને નર્સરીમાં ઉગાડવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. *(તા. ૧૭-૧૦-૨૦૨૩)*

## ઘાટીમાં ગુલઝાર... કાશ્મીરમાં...

કાશ્મીરમાં જી-૨૦ બાદ ૨૦ હજાર વિદેશીઓ આવ્યા. આ વર્ષે કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ૫૯%નો ઘટાડો. વિદેશી પ્રવાસીઓમાં પણ ૮ ગણો વધારો થયો છે.

## સુપ્રીમ કોર્ટ દ્વારા...

સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નને માન્યતા આપવાનો ઈન્કાર કર્યો છે. તેમણે જણાવ્યું કે આનો કાયદો ઘડવાનું કામ કેન્દ્ર સરકારનું છે.

## કેરળમાં ઇઝરાયેલ પોલીસનો ડ્રેસ

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે કેરળના કન્નુર જિલ્લામાં એક કંપની ઈઝરાયલ પોલીસ માટે યુનિફોર્મ તૈયાર કરી રહી છે. આ કંપનીનું હેડક્વાર્ટર મુંબઈમાં છે. ઈઝરાયલે લગભગ ૮ વર્ષ પહેલા આ કંપની સાથે ડીલ કરી હતી.

*(તા. ૧૮-૧૦-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## અમેરિકામાં ભવ્ય ને અદ્ભુત મંદિર

BAPS સ્વામિનારાયણ અક્ષરધામ રોબિન્સવિલે, ન્યુજર્સીની પાવન ભૂમિમાં તારીખ ૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ એક અભૂતપૂર્વ અને હૃદયસ્પર્શી દીક્ષાદિન યોજાયો. પરમપૂજ્ય મહંતસ્વામી મહારાજના નેતૃત્વમાં યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા તથા ભારતમાં જન્મેલા ને ઉછરેલા ૩૦ હાઈલી ક્વોલિફાઈડ યુવાનોને વૈદિક દીક્ષા મંત્રો આપવામાં આવ્યા હતા. આ યુવાનોએ એક નવું જીવન નિઃસ્વાર્થ સેવાની પરિવર્તન યાત્રાની શરૂઆત કરી. દીક્ષા દિન તેમના જીવનમાં એક અસાધારણ પ્રકરણ ચિહ્નિત કરે છે. જે અતૂટ શ્રદ્ધા, એકતા અને ભક્તિ દ્વારા માર્ગદર્શિત માર્ગ માટે પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. *(તા. ૦૨-૧૦-૨૦૨૩)*

## ભારતીય સંસ્કૃતિ મંદિર...

ન્યુજર્સીમાં આવેલા અક્ષરધામ વૈશ્વિક સ્તરે આ પ્રકારનું તૃતીય સંકુલ છે. સૌપ્રથમ અક્ષરધામ ૧૯૯૨માં ગાંધીનગરમાં, ૨૦૦૫માં નવી દિલ્હી ખાતે બીજું અક્ષરધામ મંદિર બન્યું હતું. રોબિન્સવિલે અક્ષરધામનો લોકાર્પણ સમારોહ ૮ ઓક્ટોબરે યોજાશે. વડાપ્રધાન મોદીએ પોતાના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે, મને ન્યુજર્સીમાં અક્ષરધામ મહામંદિરના લોકાર્પણ સમારોહ વિશે જાણીને આનંદ થયો. તે વિશ્વભરના ભક્તોના વિશાળ સમુદાય માટે ગહન આધ્યાત્મિક મહત્ત્વનો પ્રસંગ છે. જ્યારે બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે કહ્યું કે, અમે આ મંદિરની સુંદરતાથી તેમજ શાંતિ, સંવાદિતા અને વધુ સારા માનવી બનવાના તેના સાર્વત્રિક સંદેશથી આશ્ચર્યચકિત અને પ્રભાવિત થઈ ગયા છીએ કારણકે આ માત્ર પૂજાનું સ્થળ નથી પરંતુ એક સીમાચિહ્ન છે, જે ભારતના મૂલ્યો, સંસ્કૃતિ અને વિશ્વમાં તેના યોગદાનને પણ દર્શાવે છે.

*(તા. ૦૩-૧૦-૨૦૨૩)*

## નોબલ પારિતોષિક

૨૦૨૩નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર પિયર ઓગસ્ટિની, ફેરેન્ક ક્રાઉસજ અને એની હુલીયરને એનાયત કરવામાં આવ્યું છે. સમિતિએ તેમને ઈલેક્ટ્રોન પરના તેમના અભ્યાસ માટે આ સન્માન આપ્યું છે. એની હુલીયર ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં નોબેલ જીતનારી પાંચમી મહિલા બની છે. ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં અત્યાર સુધીમાં ૧૧૯ લોકોને આ પદવી આપવામાં આવી છે.

*(તા. ૦૩-૧૦-૨૦૨૩)*

## સુનકે ફ્રેન્ડ્સ ઓફ ઇન્ડિયા ગ્રુપ બનાવ્યું હિંદીમાં કેમ્પેઇન સોંગ. ૨૦ લાખ મત પર નજર

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે ભારતવંશી કાર્ડ પર મોટો રાજકીય દાવ લગાવ્યો છે. તેમના પક્ષે લગભગ એક વર્ષ પછી યોજાનારી ચૂંટણીમાં ભારતીયોના મતો અંકે કરવા માટે કન્ઝર્વેટીવ ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા (સી.એફ.આઈ.) ગ્રુપ બનાવ્યું છે. ભારતીય સાથે સીધો સંવાદ જાળવી રાખવા અને સમસ્યાઓ દૂર કરવા માટે સુનકે અત્યાર સુધીમાં સી.એફ.આઈ.ની ૧૨ સભા પણ કરી લીધી છે. ચૂંટણી સુધીમાં ૧૦૦થી વધુ સભા યોજવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

૨૦ લાખ ભારતીય મતને ધ્યાનમાં રાખીને પહેલીવાર હિંદીમાં કેમ્પેઈન સોંગ બનાવાયું છે, જેને ભારતીય મૂળની બહુમતીવાળા વિસ્તારમાં સભા દરમિયાન વગાડાઈ રહ્યું છે.

પીએમ સુનકની કન્ઝર્વેટીવ પાર્ટીના ભારતવંશી નેતા સુએલા બ્રેવરમેન, શૈલેષ વારા, પ્રીતિ પટેલ, આલોક શર્મા અને

ગગન મોહિન્દર પણ કેમ્પેઈનમાં જોતરાયા છે. સુનકે સૌ નેતાઓને ભારતીય સમાજ સાથે સીધો સંવાદ કરવાનો નિર્દેશ આપ્યો છે. પક્ષના નેતા ઘેરઘેર જઈ રહ્યા છે. સી.એફ.આઈ.ના સહઅધ્યક્ષા રીના રેન્જરનું કહેવું છે કે ભારતીયોની સમસ્યાઓના ઉકેલ માટે સત્તારૂઢ કન્ઝર્વેટીવ પાર્ટી વતીથી કરાયેલી પહેલને આવકાર મળી રહ્યો છે.

કાર્નેગીના તાજેતરના સર્વે પ્રમાણે હાલમાં લેબર પાર્ટીને ભારતીય સમાજના ૧૦ ટકા મત મળે છે. પરંતુ આ સર્વે પ્રમાણે ૧૫ ટકા ભારતીયોએ કયા પક્ષને મત આપવો તે અંગે હજી વિચાર કર્યો નથી. સુનકની નજર આ જ ૧૫% અનિર્ણિત મતો પર છે.

*(તા. ૦૩-૧૦-૨૦૨૩)*

## નોર્વેજીયન લેખક જોન ફોસેને સાહિત્યનો નોબેલ પુરસ્કાર

નોર્વેના લેખક જોન ફોસેને સાહિત્ય ક્ષેત્રના સૌથી ટોચના નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. રોયલ સ્વીડિશ એકેડેમિ ઓફ સાયન્સીઝના મહાસચિવ હેંસ એલગ્રેનને સ્ટોકહોમ ખાતે આ પુરસ્કારની જાહેરાત કરી હતી. નોર્વેના જોન ફોસેને પોતાના અભિનય નાટકો અને ગદ્ય સાહિત્ય માટે નોબેલ સન્માન મળ્યું છે. જોન ફોસે ઉપન્યાસોની એક એવી શૈલીમાં લખ્યા છે જેને ફોસે મિનિમલિઝમ કહેવામાં આવે છે.

જોન ફોસે બે ડઝનથી વધારે નાટકો, નવલકથાઓ, કવિતા સંગ્રહ, નિબંધ અને બાળ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમના પુસ્તકોના ૪૦થી વધુ ભાષામાં અનુવાદ કરવામાં આવ્યા છે. નાટકોના એક હજારથી વધુ મંચન થયા છે. અત્રે યાદ રહે, ગત વર્ષ ૨૦૨૨માં સાહિત્યનું નોબેલ પારિતોષિક ફ્રેન્ચ લેખિકા એની અર્નોને મળ્યું હતું. આ ફ્રાંસિસી લેખિકાનું મોટાભાગનું સાહિત્ય આત્મકથાત્મક અને સમાજશાસ્ત્રીય વિષય પર આધારિત હતું.જ્યારે ૨૦૨૩નું નોબેલ જેમને મળવાનું છે તે નોર્વેજીયન સાહિત્યકારે સાહિત્યના વિવિધ પ્રકારોમાં ખેડાણ કર્યું છે. નોબેલ સન્માન મળ્યા પછી ફોસે પ્રતિક્રિયા આપી હતી કે હું ખૂબ ખુશ છું.

સાહિત્યના ક્ષેત્રમાં આ કુલ ૧૨૦મો પુરસ્કાર છે. રોયલ સ્વીડિશ એકેડેમિ હવે પછી ૬ ઓક્ટોબરે નોબેલ શાંતિ પુરસ્કાર અને ૯ ઓક્ટોબરે અર્થશાસ્ત્રનું નોબેલ પુરસ્કાર જાહેર કરસે. સ્વિડીશ સંશોધક આલ્ફ્રેડ નોબેલ મરણોપરાંત સંપત્તિ મૂકીને ગયા હતા. તેમાંથી વિશ્વના સૌથી શ્રેષ્ઠ ગણાતા નોબેલ એવોર્ડ વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે આપવામાં આવે છે. જેમાં ૧.૧ કરોડ સ્વીડિશ ક્રોનર (૧૦ લાખ ડોલર)ની રકમનો સમાવેશ થાય છે. *(તા. ૦૫-૧૦-૨૦૨૩)*

## કેનેડામાં ભારતીય...

કેનેડામાં રહેતા ભારતીયો માટે ભારતે જાહેર કરેલી ઍડવાઈઝરી બાદ વિદ્યાર્થીઓ - વાલીઓ વધુ સાવચેત થઈ ગયા છે તેવામાં BAPS અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પત્રિકા જાહેર કરી છે. જેમાં કેનેડામાં વસતા ભારતીયો, વિદ્યાર્થીઓએ મુશ્કેલ પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તેની સલાહ અપાઈ છે. ઉપરાંત મદદ મેળવવા માટે શું કરવું તેનો પણ ઉલ્લેખ કરાયો છે. BAPS એ હેલ્પલાઈન નંબર 519-91-HELP-1 [519-914-3571] જાહેર કર્યો છે, જ્યારે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને કેનેડામાં રહેતા પોતાના પ્રતિનિધિઓના નંબર જાહેર કર્યા છે.

*(તા. ૦૬-૧૦-૨૦૨૩)*

## ઇઝરાયેલ પર આક્રમણ

૭મી ઓક્ટોબરના રોજ સવારે ૬.૩૦ વાગે ઈઝરાયેલ રોકેટ, ગોળીઓની ધણધણાટી અને સાયરનના અવાજોથી જાગી ગયું. ૨૦ મિનિટમાં ગાઝા પટ્ટીથી ઈઝરાયેલનાં શહેરો તરફ લગભગ ૫ હજાર રોકેટ ઝીંકવામાં આવ્યા હતા. આવા રોકેટ હુમલાઓને રોકવા માટે બનાવવામાં આવેલ ઈઝરાયેલનો આયર્ન ડોમ નિષ્ફળ રહ્યો હતો. ઈઝરાયલની જાણીતી ગુપ્તચર સંસ્થા મોસાદને પણ આ હુમલા અંગેની કોઈ જાણકારી મળી નહોતી.

ગાઝા અને ઈઝરાયેલ વચ્ચેની સરહદ પર ભારે વાડાબંધી છે, જેમાં દીવાલો પર કાંટાળા તાર, કેમેરા અને ગ્રાઉન્ડ મોશન સેન્સર લગાવાયેલા છે અને વારંવાર લશ્કરી પેટ્રોલિંગ થાય છે. ૭ ઓક્ટોબરના રોજ સવારે આ ફેન્સિંગ પણ બુલડોઝર વડે તોડી નાખવામાં આવી હતી અને તાર કાપી નાખવામાં આવ્યા હતા. જમીનના રસ્તે પિક-અપ ટ્રક, કાર અને બાઈક દ્વારા, દરિયાઈ માર્ગે સ્પીડ બોટ દ્વારા અને હવાઈ માર્ગે પેરાગ્લાઈડર્સની મદદથી આતંકીઓ ઈઝરાયેલમાં ઘુસ્યા અને નરસંહાર કર્યો.

*(તા. ૦૮-૧૦-૨૦૨૩)*

## ક્લોડિયા ગોલ્ડિનને અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર મળ્યો

**લેબર માર્કેટમાં મહિલાઓના યોગદાનને સામે લાવ્યા. આ સન્માન મેળવનાર અમર્ત્ય સેન એકમાત્ર ભારતીય છે.**

અમેરિકાની ક્લોડિયા ગોલ્ડિનને અર્થશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર મળ્યો છે. તેમને માર્કેટમાં મહિલાઓના કામકાજ અને

તેમના યોગદાનને વધુ સારી રીતે સમજવા માટે તેમને આ સન્માન આપવામાં આવ્યું છે. કમિટીએ લેબર માર્કેટમાં ગોલ્ડિનના રીસર્ચને ઉત્તમ ગણાવ્યું. તેમના સંશોધનમાં લેબર માર્કેટમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ અને તેમની કમાણી વિશે માહિતી આપવામાં આવી છે.

ગોલ્ડિને ૨૦૦ વર્ષના ડેટાનો અભ્યાસ કર્યા બાદ પોતાનો રીપોર્ટ તૈયાર કર્યો હતો. આમાં તેમણે સમજાવ્યું કે જેન્ડરની રોજગાર અને કમાણી પર શું અસર પડે છે. ગોલ્ડિનના રીસર્ચ મુજબ, બજારમાં મહિલાઓના યોગદાનમાં કોઈ સીધો વધારો થયો નથી. તેના બદલે, તે પ્રારંભિક તબક્કામાં ઘટ્યું હતું અને હવે વધી રહ્યું છે. *(તા. ૦૯-૧૦-૨૦૨૩)*

## ઇઝરાયલ - હમાસની લડાઈ

'૫૦ વર્ષમાં પહેલીવાર અમે આવી સ્થિતિ જોઈ છે. રોકેટ હુમલા તો થતા રહ્યા છે, પરંતુ હવે આતંકવાદીઓ રસ્તાઓ પર બંદૂકો સાથે અમારા ઘરની આસપાસ ફરી રહ્યા છે. લોકોને કિડનેપ કરીને ગાઝા તરફ લઈ જવામાં આવી રહ્યા છે. મોટાભાગના ભારતીયો ઇઝરાયલના દક્ષિણ વિસ્તારમાં રહે છે. આ જ વિસ્તારમાં વધુ રોકેટ હુમલા થયા છે.' ઇઝરાયલના તેલ અવીવમાં રેસ્ટોરન્ટની માલિક રીના પુષ્કરના આ બાબતો જણાવતી વખતે ખૂબ જ ચિંતિત જોવા મળે છે. *(તા. ૧૦-૧૦-૨૦૨૩)*

## ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટ

મંગળવારે સવારે ૫.૪૦ વાગે સીંગાપોર એરપોર્ટ પરથી ટેકઑફ થયાના થોડા સમય બાદ ફ્લાઈટે યુ-ટર્ન લેવો પડ્યો હતો. સિંગાપોરથી બેંગલુરુ જતી ઇન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ મંગળવારે અધવચ્ચેથી યુ-ટર્ન લીધો હતો. ટેકઓફ પછી, એરલાઈનને ખબર પડી કે તેનો સ્ટાફ ફ્લાઈટના અગાઉના મુસાફરોનો સામાન ઉતારવાનું ભૂલી ગયો હતો.

*(તા. ૧૮-૧૦-૨૦૨૩)*

# સદ્‌ભાવના પણ ચેપી હોય છે...

૩૫ વર્ષનો એક યુવાન દરરોજ પોતાની મોટરબાઈક લઈને એક રેસ્ટોરન્ટ પાસે આવતો અને આસપાસ ઊભેલા પાંચ ભિખારીઓને ભોજન માટે ટિફીન બંધાવી આપતો.

એક વખત એ રેસ્ટોરન્ટના માલિકે વાતવાતમાં પૂછ્યું તો યુવાને કહ્યું, 'મારા પિતાજી કહેતા હતા કે કોઈકને જમાડ્યા પછી જમવાથી ભોજન પ્રસાદ બની જાય છે અને એ બહુ મીઠું લાગે છે. હું નાનો હતો ત્યારથી પિતાજીની સાથે આ રીતે ગરીબોને ટિફીન અપાવવા જતો હતો. હવે પિતાજી નથી પણ એમનું કામ મેં ચાલુ રાખ્યું છે. મને મજા આવે છે.'

એ યુવાન રોજ નિયમિત રીતે રેસ્ટોરન્ટ પાસે આવતો. પાંચ ભિખારીઓને ટિફીન અપાવતો. કાઉન્ટર પર પેમેન્ટ કરીને ચૂપચાપ ચાલી જતો.

રેસ્ટોરન્ટનો માલિક અને કેટલાક ભિખારીઓ પણ એ યુવાનને ઓળખી ગયા હતા.

એક વખત એવું બન્યું કે પેલો યુવાન રેસ્ટોરન્ટ પર આવ્યો જ નહીં. બે-ચાર ભિખારીઓ એની રાહ જોતાં રેસ્ટોરન્ટની બહાર ઊભા હતા. તે થોડીકવાર એની રાહ જોયા પછી ચાલ્યા ગયા. બીજા દિવસે પણ એવું જ બન્યું. ત્રણ-ચાર દિવસ સુધી યુવાન દેખાયો જ નહીં.

એવામાં એક વખત એક જૂના ભિખારીએ આવીને રેસ્ટોરન્ટ પરથી બીજા એક ભિખારીને ટિફીન અપાવ્યું અને એનું પેમેન્ટ કર્યું. રેસ્ટોરન્ટના માલિકે નવાઈ અનુભવતાં એને પૂછ્યું તો એ ભિખારીએ જવાબ આપ્યો, 'અમને જે યુવાન દરરોજ ટિફીન અપાવતો હતો એનું એક અકસ્માતમાં અવસાન થયું છે. અમે બે-ચાર મિત્રોએ ભેગા મળીને એ યુવાનને શ્રદ્ધાંજલિ આપવારૂપે અમને દરરોજ ભીખમાં જે રકમ મળી હોય એમાંથી એક વ્યક્તિને ટિફીન આપવાનું નક્કી કર્યું છે.'

ભિખારીની વાત સાંભળીને રેસ્ટોરન્ટના માલિકને શું બોલવું તે ન સૂઝ્યું પણ શું કરવું એ તેને તરત સૂઝ્યું. એણે કહ્યું, ભાઈ, હવે પેલા યુવાને શરૂ કરેલી ટિફીન સેવા મારા તરફથી ચાલુ રહેશે. તમારે એ માટે પૈસા ખર્ચવાની જરૂર નથી.

ત્યારે પેલો ભિખારી બોલ્યો, 'સાહેબ સાચુ કહું? અમે બહુ નાના માણસ છીએ. સમાજસેવા અને લોકસેવાના બહુ મોટા કામ કરવાની અમારામાં ત્રેવડ નથી. બહુ બહુ તો અમે હળીમળીને એકબીજાને આવી સાવ મામૂલી મદદ કરી શકીએ. પેલા યુવાન પાસેથી અમને પ્રેરણા મળી છે અને એ પ્રેરણાનો દીવો ઝળહળતો રહે એ માટે અમે એક ટિફીનની સેવા તો હવે અમારા છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખીશું.'

રેસ્ટોરન્ટનો માલિક બોલ્યો, 'એ યુવાનને શ્રદ્ધાંજલિ આપવા માટે તમે જે દીવો ઝળહળતો રાખ્યો છે, એમાં મારે પણ થોડુંક તેલ પુરાવવું છે. હવેથી હું પણ લાઈફટાઈમ નિયમિત રીતે દરરોજ પાંચ ગરીબોને મફત ટિફીન આપીશ.'

સંસારમાં બીમારીઓના ચેપ તો ઘણા લાગે છે. થોડાક ચેપ આવાં સત્કાર્યોના પણ લાગતા રહેવા જોઈએ.

આપણી લાઈફમાં આપણને આવા કોઈ એક સારા કામનો ચેપ ન લાગે તો સમજી લેવું કે આપણો ભવનો ફેરો ફોગટ ગયો છે.

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

*પ્રકૃતિનાં દરેક કાર્ય તેના નિયમો અનુસાર થાય છે. આ નિયમોની જાણકારીને વિજ્ઞાન કહેવાય છે. પ્રકૃતિના નિયમોને સમજનાર અને તે નિયમોની વિશેષતાઓ શોધનાર વૈજ્ઞાનિક કહેવાય છે. આજે આપણે આવા અમુક નિયમો તથા જીવનને વધુ ઉપયોગી બનાવનાર અમુક શોધ વિશે વાત કરીશું.*

*– રસીક ખીમજી મહેતા*

## વૃક્ષના વિકાસનું વિજ્ઞાન

જમીનમાં બીજ રોપવાથી અંકુર ફૂટે છે અને કુંપળો બહાર નીકળે છે. બે કે ત્રણ પાંદડાની કુંપળ થોડા દિવસોમાં મોટું ઝાડ થઈને વિકાસ પામી મોટું વૃક્ષ બને. દરેક સજીવ જન્મ પછી વિકાસ પામે છે. પ્રાણીઓ અને મનુષ્યના કદ અને ઊંચાઈ વધે છે. તે જ રીતે વૃક્ષ પણ ઊંચું થાય છે. પરંતુ વૃક્ષના વિકાસની વાત થોડી જુદી છે.

વૃક્ષ જમીનમાંથી મૂળ દ્વારા પાણી અને ખનીજ મેળવે છે. તેના પાનમાં સૂર્ય પ્રકાશ વડે પ્રકાશ સંશ્લેષણની ક્રિયાથી સ્ટાર્ચ, સાકર દ્રવ્યો અને સેલ્યુલોઝ બને છે. થડમાં રહેલા કોષો દ્વારા વૃક્ષને પોષણ મળે છે. છોડનું થડ પાતળું અને ગરમ હોય છે. ટોચે વધુ ડાળી અને પાન ફૂટે એટલે વજન વધે તેમ થડ મજબૂત અને જાડું થાય. થડની ઊંચાઈ વધતી નથી પરંતુ તેઓ નવા પાન અને ડાળી ફુટીને વિકાસ પામે છે. સમય જતાં પાણી અને ખોરાકનું વહન થડના બાહ્ય સ્તર કે છાલ દ્વારા થાય છે. આંતરિક માળખું સખત થઈને વૃક્ષના ટેકા કે આધારની ગરજ સારે છે.

છોડની દરેક ડાળીના છેડેના કોશો વિભાજિત થતા જાય છે અને નવા પાન અને ડાળી ફૂટે છે. જૂના કોષો સખત થતા જાય છે અને બાહ્ય ભાગમાં નવા કોષો સતત બન્યા કરે છે. વૃક્ષની છાલ નરમ પણ મજબૂત હોય છે. તે આંતરિક ભાગનું રક્ષણ પણ કરે છે.

## ઠંડીથી રક્ષણ : ગરમ કપડાંનું વિજ્ઞાન

શિયાળામાં ઠંડીથી રક્ષણ મેળવવા ઊનના બનેલાં ગરમ સ્વેટર, ટોપી વગેરે પહેરવામાં આવે છે. ઠંડીથી રક્ષણ આપતાં આ કપડાંને આપણે ગરમ કપડાં કહીએ છીએ. ખરેખર તે ગરમ હોતા નથી પણ ગરમીના અવાહક હોય છે. ગરમી આસપાસની હવાને ગરમ કરીને વાતાવરણમાં ગરમી ફેલાવે છે. ગરમ ચા ભરેલો કપ થોડીવાર બહાર પડ્યો રહે તો ચા ઠંડી થઈ જાય. તેમાંથી ગરમીનું પરિવહન થઈ વાતાવરણમાં ભળી જાય. વાતાવરણનું તાપમાન નીચું હોય તો ચા ઝડપથી ઠંડી થઈ જાય. આપણા શરીરની ગરમી પણ આ જ રીતે વાતાવરણમાં પરિવહન થતી હોવાથી આપણને ઠંડી લાગે છે. ઊન એ ગરમીનું અવાહક છે. તેમાં ગરમીનું પરિવહન થતું નથી એટલે શરીરની આસપાસ ઊનના કપડાંનું આવરણ હોય તો શરીરની ગરમી બહાર જતી નથી. એટલે આપણા શરીરની ગરમી જળવાઈ રહે છે. વળી સ્વેટર પહેરવાથી પરસેવાના બાષ્પીભવનની ક્રિયા પણ બંધ પડી જાય છે. એટલે ગરમી જળવાઈ રહે છે. ઊનનાં કપડાં વાતાવરણની હવા અને પવનના સીધા સંપર્કથી બચાવે છે. આમ, ઊનના કપડાં ત્રણ રીતે ઠંડીથી રક્ષણ કરે છે.

## માઇક્રોવેવ ઓવનનું વિજ્ઞાન

૧૯૪૭માં બનેલું પહેલું માઈક્રોવેવ ઑવન રેડારેન્જ ૫ ફૂટ ૧૧ ઇંચ ઊંચું અને ૩૪૦ કિલો વજનનું હતું. તે ત્રણ કિલોવોટ પાવરનો વપરાશ કરતું. પ્રથમવાર તે એન. એસ. સેવાના જહાજમાં પ્રવાસીઓ માટે મૂકવામાં આવેલું. ત્યારબાદ ઓછો વીજ વપરાશ કરે તેવા નાના માઈક્રોવેવ ઑવન ૧૯૫૦ પછી બનવા લાગ્યા. ૧૯૭૦ પછી જાપાન, અમેરિકા અને બીજા દેશોમાં વિવિધ કંપનીઓએ જાતજાતના માઈક્રોવેવ ઑવન બનાવ્યા. ૧૯૭૫ પછી તેનું વેચાણ વધવા લાગ્યું. માઈક્રોવેવ ઑવન નામ પણ તે સમયગાળામાં આવ્યું.

માઈક્રોવેવ ઑવન મેગ્નેટોન નામના સાધનથી વીજ પ્રવાહને માઇક્રોવેવમાં ફેરવી ખોરાક ઉપર ફેંકે છે. માઈક્રોવેવ ઑવન સામાન્ય રેડિયો ફ્રિક્વન્સી જેવા ૨.૪૫ ગીગા હર્ટઝના ૧૨૨ એ.એ.ના મોજા વહાવે છે. આ મોજા નોન આયોનાઈઝીંગ હોય છે. ખોરાકમાં રહેલા પાણી અને ચરબી, જેના ઘણા દ્રવ્યોના મોલેક્યુલમાં વીજભાર હોય છે. માઈક્રોવેવના કારણે આ મોલેક્યુલ ઘૂમવા લાગે છે અને ઉર્જા

છૂટી પડી ગરમી પેદા થાય છે. આ ક્રિયા ખોરાકના મધ્યભાગમાંથી શરૂ થાય છે અને છેલ્લે સપાટી ગરમ થાય છે. માઈક્રોવેવની આ અસર પાણી પર સૌથી વધુ થાય છે. મોટા ઔદ્યોગિક માઈક્રોવેવ ઑવન પાણીને ઉકાળી પણ શકે છે.

માઈક્રોવેવ ઑવનમાં રેડિયેશનની ફ્રિક્વન્સી ઈન્ડસ્ટ્રીયલ સાયન્ટીફિક અને મેડિકલ (આઈ.એસ.એન.) ઉપયોગમાં લેવાતી માન્ય ફ્રિક્વન્સીનો ઉપયોગ થાય છે. તે ઉપરાંત ઑવન માટે બીજી ત્રણ ફ્રિક્વન્સી પણ માન્ય થયેલી છે. ઉત્પાદકો આ ધોરણને વળગી રહે છે.

માઈક્રોવેવ ઑવનનું બારણું કાચનું બનેલું છે. પરંતુ તેની પાછળ સૂક્ષ્મ તારની જાળી હોય છે. ખરેખર તો આ કૂકિંગ ચેમ્બર એક જાતનું કેરાડેક જ છે, જે માઈક્રોવેવને બહાર આવવા દેતું નથી.

## ૩-ડી ફિલ્મની ટેકનિકનું વિજ્ઞાન

આપણે વિશ્વને બે આંખ વડે જોઈએ છીએ. એટલે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ એમ ત્રણ પરિમાણો દેખાય છે. આપણી બે આંખ વચ્ચેનું અંતર તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કાગળ ઉપર છાપેલા ચિત્રો કે કેમેરાની તસવીરોમાં ઓછા વધતા પ્રકાશ અને રંગમિશ્રણથી ઉંડાણ દેખાય ખરું, પરંતુ તે બે પરિમાણમાં જ હોય છે. આપણી બંને આંખમાં પડતા પ્રતિબિંબમાં થોડો ફરક હોય છે. દૃશ્યના સંકેત મગજમાં જાય ત્યારે આ ફરક દૂર થઈ એક જ દૃશ્યનો અનુભવ થાય છે. વિજ્ઞાનીઓએ આ વિલક્ષણતાનો ઉપયોગ કરી ૩-ડી ચિત્રો અને ફિલ્મો બનાવ્યા છે.

જૂના વખતમાં ૩-ડી ચિત્રો જોવા મળતા. કેમેરા વડે એક દૃશ્યની તસવીર લઈને કેમેરા આંખ વચ્ચેના અંતર જેટલો ખસેડી બીજી તસવીર લેવાય. આ રીતે ડાબી આંખ અને જમણી આંખમાં પડતા પ્રતિબિંબની બે તસવીર મળે. આ બંને તસવીરોને બંને સામે મૂકી એક નજરે જોવાથી બંને તસવીર ભળીને એક ૩-ડી દૃશ્ય ઊભું કરે છે. જૂના વખતમાં મનોરંજન માટે આવી તસવીરો બનતી. તેને સ્ટીરીયોગ્રામ કહેતા અને તે જોવા માટેના ચશ્માને સ્ટીરીયોસ્કોપ કહેતા.

આજે ૩-ડી ફિલ્મો જોવા મળે છે અને તેની નવાઈ પણ નથી. ૩-ડી ટેકનિકની ઘણી પદ્ધતિ છે. અગાઉ કલર ફિલ્ટર ચશ્મા વપરાતા. તેમાં એક આંખ ઉપર ભૂરો અને બીજી આંખ ઉપર લાલ એમ બે રંગના કાચવાળા ચશ્મા વપરાતા. સામેની તસવીરમાં આ બંને રંગો આંખ વચ્ચેના અંતર જેટલા આઘાપાછા છપાયેલા હોય તે ચશ્મા વડે એકરૂપ થઈ દેખાય.

## કમ્પ્યુટરને ઠંડું રાખતી હીટ સિન્કનું વિજ્ઞાન

ધાતુના વાયરમાંથી ઈલેક્ટ્રીસિટી પસાર થાય ત્યારે તે વીજળીનો પ્રતિકાર કરે છે અને તેથી ગરમ થાય છે. ઈલેક્ટ્રીકના સાધનો ટી.વી., ફ્રિજ, કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન પણ ચાલુ હોય ત્યારે ગરમ થાય છે. કમ્પ્યુટર પણ વીજળી વડે ચાલે છે. કમ્પ્યુટરના સી.પી.યુ.માંથી ગરમી દૂર કરવા નાનકડા પંખા હોય છે. પ્રોસેસર ઉપર હીટ સિન્ક નામનું સાધન હોય છે. હીટ સિન્ક મહત્ત્વનું છે. તેના વિના પ્રોસેસર ચાલે જ નહીં. હીટ સિન્ક એલ્યુમિનિયમના અનેક સ્તરની ગોઠવણીવાળું સાદુ સાધન છે. તે કારના રેડિયેટર જેવું કામ કરે છે. એલ્યુમિનિયમ ઝડપથી ગરમ થાય છે અને અન્ય ગરમ પદાર્થની નજીક આવે ત્યારે તેમાંથી ગરમીનું શોષણ કરે છે. એલ્યુમિનિયમમાં ગરબી ઝડપથી વહે છે અને પવન લાગે તો ઝડપથી ઠંડું પણ થાય છે. પ્રોસેસરની નજીક રાખેલી હીટ સિન્ક પ્રોસેસરમાંથી સતત ગરમી શોષે છે અને પંખાની મદદથી નિકાલ કરે છે. હીટ સિન્ક એલ્યુમિનિયમના અનેક પાતળા પડવાળું હોય છે. તેનો આકાર ચોરસ કે ગોળાકાર હોય છે. પડની વચ્ચેથી હવાની આવ-જા થઈ શકે છે. તે જેટલી ગરમી મેળવે તેટલી જ ઝડપથી ગુમાવે છે એટલે પ્રોસેસરને ગરમ થતું અટકાવે છે. ■

### યાદ છે કોઈને આ કવિતા?

## અમે ચાંદો સૂરજ રમતા'તા

*અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતા રમતા કોડી જડી!*
*કોડીનાં મેં ચીભડા લીધા, ચીભડે મને બી દીધા!*
*બી બધા મેં વાડમાં નાખ્યા, વાડે મને વેલો આપ્યો!*
*વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું!*
*દૂધ મેં મોરને પાયું, મોરે મને પીંછુ આપ્યું!*
*પીંછુ મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો!*
*ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી!*
*શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી!*
*માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો!*
*ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું!*
*પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં!*
*ફૂલ મેં પૂજારીને આપ્યા, પૂજારીએ મને પ્રસાદ આપ્યો!*
*પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો!*
*એ લાડવો હું ખાઈ ગ્યો, ને હું આવડો મોટો થઈ ગ્યો!!*

**ઝવેરચંદ મેઘાણી (રાષ્ટ્રીય શાયર)**

**સૌના બાળપણની યાદગાર કવિતા**

**ઉડતી નજરે....** *માસ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૬૦૭<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૨૭<br>● બોડી ચેક-અપ .......... ૩૩૨<br>● સોનોગ્રાફી .......... ૧,૨૫૫<br>● ટી.એમ.ટી. .......... ૪૬<br>● ઑપરેશન .......... ૮<br>● અન્ય .......... ૮,૨૧૧ | ૧૦,૪૮૬ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● પુરુષો .......... ૩૪૮<br>● સ્ત્રીઓ .......... ૨૧૯<br>● બાળકો .......... ૧૮<br>● કેન્ટીન .......... ૪,૨૫૦ | ૪,૮૩૫ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● પુરુષો .......... ૧૧૧<br>● સ્ત્રીઓ .......... ૨૬<br>● બાળકો .......... ૮ | ૧૪૫ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... | ૮૫ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .......... ૧,૭૨૦<br>● મ્યુઝીયમ .......... ૧,૧૦૫<br>● કેન્ટીન .......... ૪,૦૮૫<br>● જલારામ અન્નક્ષેત્ર .......... ૩૮૦<br>● ડિસ્પેન્સરી .......... ૭૪ | ૭,૩૬૪ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... | ૪૭૭ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● તબીબી ચેક- અપ .......... ૧૯૬<br>● સોનોગ્રાફી .......... ૨૪૪<br>● અન્ય .......... ૬,૩૯૫ | ૬,૮૩૫ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... | ૧૭૦ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ..........<br>*જેમાંથી* – ● એક્સ-રે .......... ૮૨<br>● સોનોગ્રાફી .......... ૨૫<br>● બોડી ચેક-અપ .......... ૭૨<br>● કેમ્પ .......... –<br>● અન્ય .......... ૨૮૩ | ૪૬૨ |
| *માસ સપ્ટેમ્બર - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ..........* | | ૩૦,૮૫૯ |

# અતીતના ઓવારેથી.... : મણકો-૭

'મંગલ મંદિર'ની અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૭ માં આપણે વર્ષ ૧૯૮૦થી વર્ષ ૧૯૮૩ સુધીમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નિયત કરવામાં આવેલ કારોબારી સમિતિનું લીસ્ટ અત્રે પ્રસ્તુ કરેલ છે. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજે પ્રથમ વખત અમદાવાદમાં પોતાનું સ્થાન ઊભું કરવાના નિશ્ચય સાથે ગીતા મંદિર પર હાલે જે સેવા ભવન ઊભું છે તેના મૂળ માલીક સાથે વાટાઘાટો કરી તેને નિશ્ચિત કરવામાં આગળ વધી રહેલ હતું.

અત્યાર સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ એક મંડળ સ્વરૂપે સક્રિય હતું. હવે મિલ્કત ખરીદવાની હોવાથી તેને ચેરીટી કમિશ્નરમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી હતું. તેથી એક નવી સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની રચના કરી તેનું બંધારણ બનાવી તે સંસ્થા દ્વારા આ સમાજનું અમલીકરણ કરવાનું ચાલુ કરવામાં આવ્યું.

વર્ષ ૧૯૮૩થી આગળના સમયમાં શ્રી કચ્છી જૈન સમાજ ધીરે ધીરે સુષુપ્ત થતું ગયું અને વર્ષ ૧૯૮૫થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સક્રિય થતું ગયું.

અત્રે વર્ષ ૧૯૮૦થી ૧૯૮૩ અને ત્યારબાદના વર્ષોના હોદ્દેદારોની શ્રી કચ્છી જૈન સમાજની વિગત આપવામાં આવેલ છે કે જે ત્યારબાદ ધીરે ધીરે સુસ્ત થતું ગયું અને તા. ૨૫-૧૦-૧૯૮૫થી તા. ૩૧-૩-૧૯૮૮ના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની જે વિગત પ્રસારિત કરવામાં આવેલ છે તે કાર્યરત થતું ગયું. ત્યારબાદ સમયના વહેણ સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષોવર્ષ સારું એવું વિકાસ પામતું રહ્યું.

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૮૦ | વર્ષ ૧૯૮૨ | વર્ષ ૧૯૮૩ | તા. ૨૫-૧૦-૧૯૮૫થી તા. ૩૧-૩-૧૯૮૮ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રમોટર ટ્રસ્ટીઓનું લીસ્ટ | |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રમુખ | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી વિરેન્દ્ર આસારીયા મૈશેરી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી વિરેન્દ્ર આસારીયા મૈશેરી | ખજાનચી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૩. | મંત્રી | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા | ટ્રસ્ટી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૪. | સહમંત્રી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ |
| ૫. | ખજાનચી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | ટ્રસ્ટી | શ્રી ખીમજી આણંદજી લોડાયા |
| ૬. | કારોબારી સભ્ય | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા | ટ્રસ્ટી | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૭. | કારોબારી સભ્ય | શ્રી નેણશી વેલજી મોતા | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી માવજી ધારશી ફુરિયા | ટ્રસ્ટી | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૮. | કારોબારી સભ્ય | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી મુળજી નરશી લોડાયા | શ્રી મુળજી નરશી લોડાયા | ટ્રસ્ટી | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી |
| ૯. | કારોબારી સભ્ય | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી બાબુભાઈ વીરમ શાહ | ટ્રસ્ટી | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૧૦. | કારોબારી સભ્ય | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી પ્રતાપ નારાણજી દંડ | ટ્રસ્ટી | શ્રી મુળજી નરશી લોડાયા |
| ૧૧. | કારોબારી સભ્ય | શ્રી મુળજી નરશી લોડાયા | શ્રી વિરેન્દ્ર આસારીયા મૈશેરી | શ્રી ટોકરશી કેશવજી શાહ | ટ્રસ્ટી | શ્રી વિરેન્દ્ર આસારીયા મૈશેરી |
| ૧૨. | કારોબારી સભ્ય | ડૉ. વાડીલાલ દામજી શાહ | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી | શ્રી જયંતીલાલ નાગશીભાઈ શેઠિયા | | |
| ૧૩. | કારોબારી સભ્ય | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી ટોકરશી કેશવજી શાહ | શ્રી રસીકભાઈ હંસરાજ ધરમશી | | |
| | ઓડિટર | — | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | | |

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૬)

## ડૉ. રાગેશ ફડિયા

M.S. (E.N.T.)



અશોક મહેતા



ડૉ. રાગેશ ફડિયા
E.N.T. સર્જન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર વર્ષ ૧૯૯૭માં કાર્યરત થયા બાદ તે ઉત્તરોત્તર પ્રગતિ સાધતું રહેલ છે અને તેની સેવાનો લાભ માત્ર પાલડીની આજુબાજુના વિસ્તારોમાં રહેતા લોકો નહીં પરંતુ દૂરના વિસ્તારોમાં રહેતા લોકો પણ તેનો લાભ લઈ રહ્યા છે. આ મેડિકલ સેન્ટરની વિખ્યાતિનો શ્રેય તેના યોગ્ય મેનેજમેન્ટની સાથે સાથે મોટાભાગે અહીં કાર્યરત ડૉક્ટરોને ભાગે જાય છે કે જેઓ સંસ્થાને પોતાની ઘરની સંસ્થા સમજી, આવેલ દર્દી પ્રત્યે ખૂબ જ હમદર્દી દાખવી, તેઓની છેલ્લા ૨૦-૨૫ વર્ષથી એકધારી સેવા બજાવી રહ્યા છે. આ કાર્યરત ડૉક્ટર્સશ્રીઓએ અંગત રીતે ચાહે પુષ્કળ નામના, વિખ્યાતિ અને ધનપ્રાપ્તિ મેળવેલ હોય, તેમ છતાં આ સંસ્થા પ્રત્યે જે આદરભાવના જાળવી રાખેલ છે, અહીં ઉપસ્થિત થતા દર્દીઓ પ્રત્યે જે હમદર્દી દાખવતા આવેલ છે તે આદરભાવ તેઓને હંમેશાં આ સંસ્થા સાથે જોડાયેલા રહેવાનું બળ પૂરું પાડે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેનેજમેન્ટ પણ આ ડૉક્ટર્સશ્રીઓ પ્રત્યે કૃતજ્ઞતા અને આદરભાવની લાગણી વ્યક્ત કરે છે.

આજે આપણે આજના મણકામાં વાત કરીશું તેવા જ એક નિષ્ઠાવાન ઇ.એન.ટી. સર્જન ડૉ. શ્રી રાગેશ ફડિયાની, કે જેઓ કર્મે અને ધર્મે પૂરેપૂરા જૈન હોવાનું અભિમાન લે છે.

તેઓશ્રી વર્ષ ૧૯૯૮-૯૯માં પાલડી ખાતેના આ મેડિકલ સેન્ટર સાથે વિઝિટીંગ કન્સલ્ટન્ટ ઇ.એન.ટી. સર્જન તરીકે જોડાયા. હાલે તેઓશ્રી આ મેડિકલ સેન્ટરમાં દરરોજના ૧૮થી ૨૦ દર્દીઓને તપાસી તેઓના યોગ્ય ઉપચાર કરે છે. વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૨૩ના અંદાજિત ૨૫ વર્ષના સમયગાળામાં તેઓશ્રીએ માત્ર આ મેડિકલ સેન્ટરમાંથી જ અંદાજિત એક લાખથી વધુ દર્દીઓની ENT વિભાગની કાળજી લઈ, તેઓને સાજા-નરવા કરી, તેઓને સમાજમાં પરત મોકલેલ છે. એક ડૉક્ટર તરીકે ડૉ. રાગેશ ફડિયાને અને એક સંસ્થા તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરને આપણે જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

ડૉ. રાગેશ કાંતિભાઈ ફડિયા મૂળ અમદાવાદના જ વતની છે. તેઓશ્રીનો જન્મ તા. ૧૫-૯-૧૯૬૧ના રોજ અમદાવાદમાં થયેલ હતો. તેઓશ્રી જ્ઞાતિએ વીસા શ્રીમાળી દેરાવાસી જૈન - નાની જ્ઞાતિના કહેવાય. તેમના પિતાશ્રી શ્રી કાંતિભાઈ ફડિયાનો બોલ બેરીંગનો વ્યવસાય અમદાવાદમાં સારી રીતે વિકસિત થયેલ હતો. શ્રી રાગેશભાઈએ શેઠ સી.એન. વિદ્યાલયમાંથી વર્ષ ૧૯૭૯માં ધોરણ ૧૨ ડિસ્ટીંક્શન માર્કસ સાથે ઉત્તીર્ણ કરેલ હતું. ત્યારબાદ તેમના ફઇબા ડૉ. પદ્માબેન, કે જેઓએ ગુજરાતી વિષયમાં Ph.D. પ્રાપ્ત કરેલ હતું, તેમના માર્ગદર્શનથી વર્ષ ૧૯૮૬માં M.B.B.S. કરેલ હતું. ત્યારબાદ બી.જે. મેડિકલ કોલેજમાંથી જ ડિસેમ્બર ૧૯૮૮માં M.S. (E.N.T.) ની પદવી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ બે વર્ષ લગી તેઓશ્રીએ અલગ અલગ ફિલ્ડમાં કાર્યરત રહી, ડિસેમ્બર ૧૯૯૦માં ધરણીધર જેવા અમદાવાદના જૈન વિસ્તારમાં પોતાનું સ્વતંત્ર ક્લિનિક સ્થાપિત કરી પોતાની પ્રેક્ટીસ શરૂ કરેલ હતી. આ સમયે તેઓશ્રીને તેમના માતા-પિતાના આશિર્વાદ સાથે સાથે ટોરેન્ટ ગ્રુપના શેઠશ્રી ઉત્તમભાઈ એન. મહેતાના આશિર્વાદ પણ પ્રાપ્ત થયેલ હતા કે જેના કારણે તેઓ ભવિષ્યમાં પોતાની ઉજળી કારકિર્દી બનાવી શક્યા.

તેઓશ્રીએ પોતાની સ્વતંત્ર પ્રેક્ટીસની સાથે સાથે સેટેલાઇટ વિસ્તારમાં આવેલ ઠાકરશી હોસ્પિટલમાં વિઝિટીંગ ઇ.એન.ટી. સર્જન તરીકે જોડાયા. તદ્દુપરાંત તેઓશ્રી વીરમગામ તથા ધોળકાની હોસ્પિટલમાં પણ વિઝીટે જતા અને વધુમાં વધુ જટીલ ઑપરેશન્સ સફળતાપૂર્વક પાર પાડી દર્દીઓની સેવા કરતા રહ્યા. તેની સાથે સાથે વધુને વધુ કૌશલ્ય

પ્રાપ્ત કરી પોતાની નિપુણતા વધારતા રહ્યા.

તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં વર્ષ ૧૯૯૮-૯૯માં જોડાયા અને ત્યારથી આજ દિન સુધી તેઓશ્રીએ પોતાની સેવાઓ અવિરતપણે ચાલુ રાખેલ છે. અહીં આવતા જરૂરિયાતવાળા દર્દીઓને પોતાને ત્યાં સારા એવા ડિસ્કાઉન્ટના દરથી પણ તેઓની સંપૂર્ણ સુશ્રુષા કરતા રહ્યા છે.

તેઓશ્રીની હોસ્પિટલ અને ઘર અમદાવાદના જૈન વિસ્તારમાં આવેલ હોવાથી અહીં પધારતા જૈન સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોની સેવા કરવાનો લાભ તેઓશ્રીને સારો એવો પ્રાપ્ત થાય છે. તેઓ સામાજિક કાર્યોમાં પણ તેટલો જ રસ દાખવી રહ્યા છે. અમદાવાદના ઇ.એન.ટી. એસોસિએશનમાં તેઓ ટ્રેઝરર અને કમિટીના સભ્ય તરીકે સક્રિય રહી ચૂક્યા છે. સ્ટેટ લેવલની એકથી વધુ કોન્ફરન્સમાં તેઓએ પોતાના એસોસિએશન વતી ભાગ લીધેલ છે. તેઓની વિચારસરણી મુજબ તેઓ વર્ષ ૧૯૯૫થી જ RSS માં જોડાઈ ગયેલ છે અને તેમાં ઉજવાતા ઉત્સવોમાં ભાગ લઈ રહ્યા છે.

તેઓશ્રીના લગ્ન જાન્યુઆરી ૧૯૯૦માં M.B.B.S. ડૉ. અલ્પાબેન સાથે થયા કે જેઓ પણ અમદાવાદના રહીશ છે અને સ્થાનકવાસી જૈન છે. તેઓશ્રી એશિયાની સૌથી મોટામાં મોટી સિવિલ હોસ્પિટલ - અમદાવાદમાં ક્લાસ-I ઓફિસર તરીકે તેમજ RMO તરીકે સેવા આપી રહ્યા છે. તેઓશ્રી ચુસ્ત જૈન ધર્મી છે અને પર્યુષણમાં અઠ્ઠાઈ વગેરે પ્રકારની તપસ્યા કરવાનો લાભ પણ અવારનવાર પ્રાપ્ત કરે છે.

તેમની મોટી દીકરી પાનમે કોમ્પ્યુટર એન્જિનિયરીંગની ડિગ્રી મેળવી આગળનો પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ I.T. ક્ષેત્રે કરેલ છે. તેણી એલ.જી. યુનિવર્સિટીમાં પાર્ટ ટાઈમ પ્રોફેસર તરીકે સેવા આપી રહેલ છે.

તેમનો દીકરો વિરદ અમદાવાદમાં જ હોમ ઓટોમેશનનો વ્યવસાય કરે છે.

ડૉ. રાગેશ ફડિયા હવે ઉંમરે સિનિયર સિટીઝન બની ગયેલ હોવાથી વ્યવસાયમાં થોડી હળવાશ મળે તેવું ઇચ્છી રહ્યા છે. તેઓ એમ પણ જણાવે છે કે જ્યાં લગી તેઓ ફિઝીકલી કાર્યરત રહી શકશે ત્યાં સુધી પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં સેવા આપવાની પૂરેપૂરી ઇચ્છા ધરાવે છે અને સાંજના સમયે કુટુંબ સાથે હળવાશથી વિતાવવાની ઇચ્છા પણ તેઓએ વ્યક્ત કરેલ છે.

ડૉ. રાગેશ ફડિયાની જ્વલંત કારકિર્દીને આપણે સલામી આપીએ અને તેઓશ્રી પ્રત્યે પૂરેપૂરી શુભેચ્છા વ્યક્ત કરીએ.

## પ્રશંસા બધાની વચ્ચે કરો, નિંદા એકલામાં...

એક ક્લાસરૂમમાં અચાનક એક વિદ્યાર્થી ઊભો થયો અને તેણે પ્રોફેસરને કહ્યું કે, જન્મદિવસ પર પિતાજીએ ગીફ્ટમાં આપેલી કિંમતી ઘડિયાળ કોઈએ ચોરી લીધી છે.

આ સાંભળી પ્રોફેસરે બધાને પોતાની આંખો પર પટ્ટી બાંધીને એક લાઈનમાં ઊભા રહેવા કહ્યું. પછી પ્રોફેસરે બધાના ખિસ્સા તપાસવાનું શરૂ કર્યું.

થોડીજ વારમાં એક છોકરાના ખિસ્સામાંથી ઘડિયાળ મળી ગઈ. પ્રોફેસરે ચૂપચાપ તે ઘડિયાળ લઈને તેના માલિકને આપી દીધી. પ્રોફેસરે કોઈને કંઈ ન કહ્યું.

બધાની આંખો પર પટ્ટી હોવાને કારણે કોઈને કંઈ ખબર ન પડી કે ઘડિયાળ કોણે ચોરી હતી.

પછીને બે-ત્રણ દિવસ સુધી ઘડિયાળ ચોરનાર છોકરો ગભરાતો રહ્યો કે તેની ચોરીની જાણ બધાને થઈ જશે, પણ કોઈને ખબર ન પડી.

થોડા મહિનાઓમાં બધા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરીને કોલેજમાંથી ચાલ્યા ગયા.

બહુ વર્ષો પછી કોલેજમાં જૂના વિદ્યાર્થીઓનો રી-યુનિયન કાર્યક્રમ હતો. એ વિદ્યાર્થી, કે જેણે ચોરી કરી હતી, હવે એક મોટો ઉદ્યોગપતિ બની ગયો હતો. તે પોતાના પ્રોફેસર પાસે ગયો. તેણે પ્રોફેસરને કહ્યું, 'મારા જીવન પર તમારું ઋણ છે. આજે હું જીવું છું તો તે તમારા જ કારણે.'

પ્રોફેસરે આવું કહેવાનું કારણ પૂછ્યું તો તે વિદ્યાર્થીએ કહ્યું, 'સર, એકવાર તમારા વર્ગમાં એક ઘડિયાળ ચોરાઈ હતી. ત્યારે તમે બધાની આંખો પર પટ્ટી બંધાવીને બધાના ખિસ્સા તપાસ્યા હતા. એ દિવસે આબરૂ જવાના ડરે મેં નક્કી કરી લીધું હતું કે જો બધાને ખબર પડી જસે તો હું આત્મહત્યા કરી લઈશ. તે ઘડિયાળ મારા ખિસ્સામાંથી મળી, પરંતુ તે અંગે તમે કોઈને ન કહ્યું. તમે મને માફ કરીને મારી આબરૂ સાચવી લીધી.'

પ્રોફેસરે કહ્યું, 'હું નહોતો જાણતો કે ઘડિયાળ તેં લીધી હતી. મેં તમારા બધાની આંખે પટ્ટી બાંધવાની સાથે મારી આંખ પર પણ પટ્ટી બાંધી દીધી હતી. હું નહોતો ઇચ્છતો કે મને ખબર પડે કે મારા કયા વિદ્યાર્થીએ આ કામ કર્યું છે. જેથી તે વિદ્યાર્થી મારી નજરમાંથી ઉતરી જાય.'

આ સાંભળીને તે છોકરો નતમસ્તક થઈ ગયો.

કોઈની ભૂલ ખબર પડવા પર તેનું અપમાન કરવું, નિંદા કરવી અને સજા આપવી સામાન્ય વાત છે. પરંતુ તેની ભૂલ માફ કરીને તેનું આત્મસન્માન બચાવવાની તક આપવી મહાનતા છે.

**મેનેજમેન્ટનો સિદ્ધાંત છે કે પ્રશંસા બધાની વચ્ચે કરો અને નિંદા એકલામાં.**

**માફ કરવું અને માફી માંગવી એ બંને શક્તિશાળી લોકોનું કામ છે.** ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**ગુરૂવાર, તા. ૧૪-૯-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતેના શ્રી ગિરીશભાઈ પોલડિયા તથા શ્રી દીપકભાઈ મકવાણાએ ચાંગોદર ખાતેની વિમલ કંપનીની મુલાકાત લઈ તેમના મેનેજરશ્રીને પરમકૃપા મેડિકલ સેન્ટર વિશેની વિસ્તૃત જાણકારી આપેલ હતી અને આ સેન્ટરના સેવાના અભિયાનમાં વિમલ કંપનીના સ્ટાફ તથા કારીગરોને મોકલી આ મેડિકલ સેન્ટરનો લાભ લેવા આમંત્રિત કરેલ હતા.

**બુધવાર, તા. ૨૦-૯-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરના શ્રી ગિરીશભાઈ પોલડિયા તથા શ્રી દીપકભાઈ મકવાણાએ મમતા મશીનરીની મુલાકાત લઈ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટરની વિસ્તૃત જાણકારી આપેલ હતી.

**શનિવાર, તા. ૨૩-૯-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે બોપલ મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી મનીષભાઈ ગોસર તથા ડૉ. રીદ્ધિ જોશી ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં પ્રથમ માળે ચાલતા કામો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ફિઝીયોથેરાપી વિભાગ માટે નવી મશીનરી ખરીદવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. બીજા માળે ઇ.એન.ટી. વિભાગ માટે માઈક્રોસ્કોપ ખરીદવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારબાદ ડૉ. રીદ્ધિએ જાન્યુઆરી-૨૦૨૩થી ઓગસ્ટ-૨૦૨૩ સુધીની વિગતો નીચે મુજબ રજૂ કરેલ હતી.

  ૫૦,૨૮૦ દર્દીઓએ અહીં સારવાર લીધેલ હતી.

  ૧,૦૭૭ દર્દીઓએ ડાયાલિસિસ કરાવેલ હતું.

**ગુરૂવાર, તા. ૨૮-૯-૨૦૨૩**

- તા. ૧-૧૦-૨૦૨૩ના સ્નેહ મિલન સમારંભ અંગે ડેકોરેશન સમિતિ, ભોજન સમિતિ, સરસ્વતી સન્માન સમિતિ, અંગદાન તથા બ્લડ ડોનેશન સમિતિ અને વોલન્ટીયર સમિતિના સભ્યોએ પાલડી ભવન પર એકત્રિત થઈ આગામી કાર્યક્રમના પ્લાનિંગ અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

**શુક્રવાર, તા. ૨૯-૯-૨૦૨૩**

- આજરોજ સાંજના ૪ વાગે કેટલાક ટ્રસ્ટીશ્રીઓ એકત્રિત થઈ શ્રી કચ્છી જૈન ભવનના રી-ડેવલપમેન્ટ અંગે ચર્ચા કરેલ હતી. આ મીટિંગમાં આર્કિટેક્ટ શ્રી મયંક ગજ્જર તથા શ્રી હિમાંશુ નાણાવટી ઉપસ્થિત રહેલ હતા. સાથે સાથે ટ્રસ્ટીશ્રીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હિરેન શાહ, શ્રી અશ્વિન સાવલા તથા શ્રી શાંતિભાઈ સાવલા ઉપસ્થિત રહેલ હતા. અત્યારે ગ્રાઉન્ડ + ૪ માળના મકાનમાં જે ૨૦,૦૦૦ ચો.ફૂટ એરિયા વાપરવા મળે છે તેના બદલે નવા મકાનમાં બે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર તથા અંદાજિત ૬,૦૦૦ ચો. ફૂટનો ૧ માળ એમ બીજા ૭ માળ મળીને ૪૨,૦૦૦ ચો.ફૂટ જગ્યા મળે તેવી વિગતો આર્કિટેક્ટશ્રીએ રજૂ કરેલ હતી. ટોટલ પ્રોજેક્ટની કિંમત રૂપિયા ૨૫ કરોડ અંદાજવામાં આવેલ હતી.

**રવિવાર, તા. ૧-૧૦-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટરના સપ્ટેમ્બર-૨૦૨૩માં લાભ લેનાર વ્યક્તિઓના આંકડા નીચે મુજબ નોંધાયેલા હતા.

  કુલ લાભ લેનાર વ્યક્તિઓ : ૬૮૩૫. કે જેમાં નીચે મુજબની વિગતોનો પણ સમાવેશ થયેલ હતો.

| | | |
|---|---|---|
| હેલ્થ ચેક અપમાં | : | ૧૯૬ |
| ઓપરેશન | : | ૧૫ |
| ડાયાલિસિસનો લાભ લેનાર | : | ૧૭૦ |
| અન્ય | : | ૬૪૫૪ |

**રવિવાર, તા. ૧-૧૦-૨૦૨૩**

- આજ રોજ દિનેશ હોલ પર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર વગેરેનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ટોટલ ૧૪૫૦ સભ્યો આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલ હતા. શરૂઆતમાં ગીત-સંગીત, સામૂહિક ક્ષમાપના, સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક સમિતિએ પોતાના કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન બ્લડ ડોનેશન, બહેનો માટે મેમોગ્રાફી ટેસ્ટની નોંધણી, ગૃહઉદ્યોગ સમિતિના આગામી વિતરણની જાણકારી, સમાજના સર્વે અંગે ફોર્મ ભરાવવા વગેરે કાર્યક્રમો પણ યોજવામાં આવેલ હતા. અંતમાં સ્વામિવાત્સલ્ય ભોજનનો સહુએ લાભ લીધેલ હતો. કાર્યક્રમ દરમિયાન શ્રી પ્રતાપભાઈ દંડે આવકાર પ્રવચન આપેલ. શ્રી હિરેનભાઈ કે. શાહે સમાજની પ્રવૃત્તિઓની જાણકારી આપેલ અને શ્રી રજનીકાંત પારેખે આભારવિધિ કરેલ હતી.

**મંગળવાર, તા. ૩-૧૦-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર પર સારવાર કરાવવા દર્દી શ્રી ત્રિલોકભાઇ વ્યાસ આવેલ હતા. તેઓની જે રીતે સારવાર કરવામાં આવી તેનાથી અને બોપલ મેડિકલ સેન્ટરની

વ્યવસ્થાથી પ્રભાવિત થઈ તેજ સમયે સંસ્થાને રૂા. ૧૫૦૦/- નું ડોનેશન આપેલ હતું.

- પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના એક્સ-રે વિભાગમાં ૧૪'' X ૧૭'' અને ૧૦'' X ૧૨'' સાઈઝની બે કેસેટ ઘસાઈ ગયેલ હોવાથી તેના સ્થાને બીજી બે કેસેટ રૂા. ૧ લાખની કિંમતે ખરીદવામાં આવેલ હતી.
